# જો બાબા ના હોત તો .....

૧૪ એપ્રિલ, ૧૮૯૧
SUN RISE

૬ ડિસેમ્બર, ૧૯૫૬
SUN SET




॥ લેખક ॥
ડૉ. ભદન્ત આનંદ-કૌશલ્યાયન

॥ અનુવાદક ॥
ડૉ. જયવર્ધન હર્ષ

A page for eBook:

# Jo Baabaa Naa Hot To…..

# જો બાબા ના હોત તો.....

લેખક : ડૉ. ભદન્ત આનંદ – કૌશલ્યાયન

અનુવાદક : ડૉ. જયવર્ધન હર્ષ

ઈ.બુક આવૃત્તિ : 6 ડિસેમ્બર, 2024

પ્રકાશક : ગોવિન્દ મારુ

‘મણિ મારુ ઈ.બુક પ્રકાશન’, નવસારી - 396 450

ઈ.મેલ : govindmaru@gmail.com

સેલફોન : 9537 88 00 66


અક્ષરાંકન : ભાલચંદ્ર (ભરત) રાઠોડ

અમદાવાદ - 380 005

સેલફોન : 70968 55000

ઈ.મેલ : bdrathod@gmail.com

All pages from the printed book:



# જો બાબા ના હોત તો .....

લેખક

ડૉ. ભદન્ત આનંદ – કૌશલ્યાયન

અનુવાદક

ડૉ. જયવર્ધન હર્ષ

પ્રથમ આવૃત્તિ- 1000 પ્રત, બીજી આવૃત્તિ- 1100 પ્રત
ત્રીજી આવૃત્તિ - 1000 પ્રત, ચોથી આવૃત્તિ - 1000 પ્રત
પાંચમી આવૃત્તિ - 1000 પ્રત, છઠ્ઠી આવૃત્તિ - 1000 પ્રત
સાતમી આવૃત્તિ - 2000 પ્રત, આઠમી આવૃત્તિ - 1000 પ્રત
નવમી આવૃત્તિ - 2000 પ્રત, દસમી આવૃત્તિ - 1000 પ્રત
અગિયારમી આવૃત્તિ - 2000 પ્રત, બારમી આવૃત્તિ - 1000 પ્રત
તેરમી આવૃત્તિ - 1500 પ્રત, ચૌદમી આવૃત્તિ - 2000 પ્રત

કિમ્મત રૂ. 50/-

પ્રકાશક :

જયશ્રીબેન પ્રકાશકુમાર બેન્કર

સી-204, આદિત્ય એંકલેવ

ગૌતમ નગર ચાર રસ્તા, બહેરામપુરા

અમદાવાદ - 380 022

સેલફોન : (રહેઠાણ) 98988 60670


મુદ્રક :

હાર્દિક ઑફસેટ

ગોકુલ કૉમ્પ્યુટર સેન્ટર, એસ.ટી. સ્ટૅન્ડ પાસે

અમદાવાદ - 380 022

# અર્પણ



પિતાશ્રી ચતુરભાઈ દેવજીભાઈ ચાવડા

માતૃશ્રી નાથીબેન ચતુરભાઈ ચાવડા

ને

## સાદર અર્પણ

જેઓની અથાગ મહેનત, તીક્ષ્ણ દૃષ્ટિ અને

મમતા વાત્સલ્યથી આજે ડૉ. બાબાસાહેબ આંબેડકરના

વિચારોના પ્રસારની તક મળી છે.

...જયશ્રી અને પ્રકાશકુમાર બેન્કર...

# અનુક્રમણિકા

પોતાની પસંદગીના લેખ પર ક્લિક કરતાં જ તે લેખનું પાનું ખુલશે. એ જ પ્રમાણે દરેક પાનાંની નીચે ડાબી બાજુએ લખેલ અનુક્રમણિકા શબ્દ પર ક્લિક કરતાં જ આ પાનું ખુલશે. આ સુવીધાનો લાભ લેવા સર્વ વાચકમિત્રોને વિનંતી છે.


| ક્રમ | ક્યાં શું છે ? | પાનાં |
|---|---|---|
| I | ઈ.બુકનો આવકાર ● ડૉ. રતિલાલ રોહિત | 8 |
| II | બુદ્ધં શરણં ● ડૉ. ભદન્ત આનંદ કૌશલ્યાયન | 15 |
| III | બે શબ્દ ● ડૉ. જયવર્ધન હર્ષ | 18 |
| IV | પ્રકાશકીય ● જયશ્રી બેન્કર | 20 |
| 1 | ચૌદમું રત્ન | 22 |
| 2 | હું તારા વાળ કાપી આપીશ | 26 |
| 3 | અમારી રોટલીઓ અભડાઇ જશે | 31 |
| 4 | વડોદરાના નરેશની શિષ્યવૃત્તિ | 35 |
| 5 | લંડનમાં અધૂરો અભ્યાસ | 38 |
| 6 | અપમાનની પરાકાષ્ઠા | 42 |
| 7 | નોકરી માટે ખટપટ | 46 |
| 8 | વર્ણ વ્યવસ્થા કે મરણ વ્યવસ્થા | 50 |
| 9 | જાહેર જીવન | 55 |
| 10 | પાણી માટેનો સત્યાગ્રહ | 59 |

| | | |
|---|---|---|
| 11 | આખરે વિજય થયો | 64 |
| 12 | મન્દિર પ્રવેશ | 69 |
| 13 | અલગ મતાધિકાર | 75 |
| 14 | પૂના કરાર | 80 |
| 15 | ગાંધીજી અને ડૉ. આંબેડકર | 85 |
| 16 | હિન્દુ ધર્મને નમસ્કાર | 89 |
| 17 | માનવતાનો હિતચિન્તક | 93 |
| 18 | ઉન્નતિના શિખર પર | 97 |
| 19 | અહિંસાત્મક સંઘર્ષ | 102 |
| 20 | સ્વતંત્ર ભારતના કાયદાપ્રધાન | 106 |
| 21 | હિન્દુ સમાજથી નિરાશ | 111 |
| 22 | પ્રતિજ્ઞા પુરી થઇ | 116 |
| 23 | મહાન યાત્રા | 119 |
| 24 | જો બાબા ના હોત તો | 125 |
| 25 | 22 પ્રતિજ્ઞાઓ | 129 |
| V | Academic Career of Dr. B. R. AMBEDKAR | 132 |
| VI | અમારાં પ્રકાશનો | 134 |
| VII | અંતિમ મુખપૃષ્ઠ | 142 |


❁

!

# મહામાનવની યશગાથા

- ડૉ. રતિલાલ રોહિત

બૌદ્ધ ધમ્મના પરમ અનુયાયી, બહુશ્રૂત વિદ્વાન ડૉ. ભદંત આનંદ કૌશલ્યાયને સામાન્ય માનવીને પણ માનવાધિકારના પ્રખર હિમાયતી મહામાનવ બોધિસત્વ ડૉ. બાબાસાહેબ આંબેડકરનાં અત્યંત કઠોર-સંઘર્ષમય જીવન-કર્તૃત્વને ખૂબ જ સંક્ષિપ્તમાં છતાં રસાળ શૈલીમાં સહજતાથી મૂકી આપવાનો સાર્થક અને સમુચિત પ્રયાસ ‘જો બાબા ના હોત તો.....’ પુસ્તિકામાં કર્યો છે, તે બદલ સંપૂર્ણ આંબેડકરી સમાજ તેમનો ઋણી રહેશે. આ પુસ્તિકા આમ તો હિંદીમાં લખાઈ હતી પણ તેનો ગુજરાતી અનુવાદ બૌદ્ધ અનુયાયી ડૉ. જયવર્દન હર્ષે એટલી જ પ્રવાહી શૈલીમાં મૂકી આપ્યો છે. આ નમ્ર પ્રયાસ બદલ ભંતે ભદન્ત આનંદ કૌશલ્યાયન અને ડૉ. જયવર્દન હર્ષ ખરેખર અભિનંદનના અધિકારી છે.

આમ તો હિંદીમાં પ્રકાશિત થયેલી આ નાની પણ ખૂબ જ વંચાતી અને વખણાયેલી પુસ્તિકા એ માત્ર પુસ્તિકા ન રહેતા એક મહામૂલો ગ્રંથ બની ગઈ છે. ગુજરાતી ભાષામાં થયેલા અનુવાદ પછી સતત ચૌદમી આવૃત્તિ પ્રકાશિત થઈ તે મહામાનવ બાબાસાહેબના વધતા જતા વૈચારિક પ્રભાવની દ્યોતક છે. હવે આ સૌથી નાનો પણ મહામૂલો ગ્રંથ ‘ઈ.બુક’ રુપે પ્રકાશિત થઈ રહ્યો છે તે સમસ્ત બૌદ્ધ-બહુજન સમાજ માટે આનન્દદાયક અને ગૌરવપૂર્ણ ઘટના લેખાવી જોઈએ.

વિશ્વવિભૂતિ ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરના જીવન-સંઘર્ષ અને વૈચારિકક્રાંતિથી હવે તો વૈશ્વિક સ્તરે દુનિયાના અનેક દેશો પણ પ્રભાવિત થયા છે. સમતા, સ્વાતંત્ર્ય, બંધુતા અને સામાજિક ન્યાયના ઉદ્દેશોને આદર્શ માનીને

વિશ્વ તેમના વિચારોને આત્મસાત કરવાના પ્રયાસો કરે છે તે કોઈ નાનીસૂની ઘટના નથી.

પ્રસ્તુત લઘુગ્રંથમાં લેખકે બાબાસાહેબના જીવનનો સંક્ષિપ્ત છતાં સમગ્રલક્ષી નીચોડ તારવીને આપણી સમક્ષ મૂકી આપ્યો છે. બાબાસાહેબના જન્મથી આરંભીને તેમના પરિનિર્વાણ સુધીના અત્યંત સંવેદનશીલ પ્રસંગોને જીવંત બનાવ્યાં છે.

પ્રથમ પ્રકરણ 'ચૌદમું રત્ન' બાબાસાહેબના પૂર્વજોના જીવનની આછી માહિતી સાથે તેઓ પોતે પોતાના માતપિતાનું ચૌદમું સંતાન હતાં અને યોગાનુયોગે આ ચૌદમું સંતાન એ માત્ર સંતાન ન રહેતા 'ચૌદમું રત્ન' સાબિત થયું તેની રોચક વિગતો ભાવકને જાણે કે, પ્રથમવાર જ જાણવા મળે છે.

તે પછી બાળક ભીમને બાળપણમાં જાહેર સ્થળે પાણી પીવા બાબતે અને બીજા અનેક અસ્પૃશ્યતાના કેવા માઠાં અનુભવો થયા તેના હૃદયસ્પર્શી પ્રસંગનું જીવંત ચિત્રણ અહીં થયું છે. આવા અનુભવો પછી બાળક ભીમના મનમાં વર્ણવ્યવસ્થા પ્રત્યે વધતી જતી વિદ્રોહની ભાવનાને ક્રમશ; પ્રબળ બનાવી તે ભાવક અનુભવી શકશે. બાળપણથી લઈને મુમ્બઈમાં રહેવા આવ્યા ત્યાં સુધીના પિતાજી રામજી સકપાલના સંઘર્ષને પણ લેખકે ખૂબ જ સહજતાથી દર્શાવ્યો છે. મુમ્બઈમાં આવવા પાછળનું એકમાત્ર કારણ તે બાળકોના શિક્ષણ માટેનું હતું, આમ પિતા રામજી સકપાલની દીર્ઘદૃષ્ટિ બાળકોના ભાવિને લઈને કેવી સજગ હતી જે અહીં પ્રત્યક્ષ થાય છે.

ભીમરાવના લગ્ન રમાબાઈ સાથે થયાં તેની સાથેસાથે અભ્યાસ પણ ચાલુ જ હતો. બરોડા નરેશ મહારાજા સયાજીરાવ ગાયકવાડની શિષ્યવૃત્તિ મેળવીને બી.એ. સુધીના વધુ અભ્યાસ માટેની તક મળી તેનો અનેરો આનન્દ તો હતો જ

પણ કરાર મુજબ બરોડા સ્ટેટમાં નોકરી પણ કરવાની હતી, આ સમય દરમ્યાન પિતાજીની છત્રછાયા ગુમાવી તો વિદેશમાં વધુ અભ્યાસની એક વધુ તક મહારાજાએ આપી તે પ્રસંગ ભાવવાહી રુપે નિરુપાયો છે.

લંડનમાં અભ્યાસ દરમ્યાન થયેલા અનુભવો અને શિષ્યવૃત્તિનો સમય પૂરો થતાં જ અભ્યાસ અધૂરો મૂકવો પડ્યો અને વતન પરત આવવા વગેરેના પ્રભાવક પ્રસંગોને કોઈ પણ વિદ્યાર્થીને પોતાના જીવનમાં પ્રેરણા આપે તેવા છે. પોતાના અભ્યાસને જ વધુ મહત્ત્વ આપવાના અને મહારાજાએ આપેલા આર્થિક સહયોગને સંપૂર્ણ વફાદારી સાથે નિભાવવના ભીમરાવના સંકલ્પની પ્રતીતિ અહીં થાય છે જે અન્યોમાં જ્વલ્લે જ જોવા મળે તેવી છે.

‘અપમાનની પરાકાષ્ઠા’ પ્રકરણમાં વડોદરા રાજ્યમાં ઉચ્ચ હોદ્દા પર નોકરી દરમ્યાન સવર્ણ લોકો દ્વારા થયેલા જાતિગત ભેદભાવ અને અપમાનનું જાણે કે આગવું વિશ્વ ખડું કર્યું છે. હવે બરોડા એટલે કે, વડોદરા ડૉ. બાબાસાહેબ આંબેડકરના વિષમતાવાદી, અમાનવીય એવા બ્રાહ્મણીધર્મ વિરુદ્ધ થયેલા શંખનાદના આરંભનું કેન્દ્ર સ્થાન બને છે. અહીંથી જ માનવતાની શત્રુ વર્ણવ્યવસ્થાને ઉખાડી નાખવાનું અને સમતામૂલક સમાજવ્યવસ્થા નિર્માણ કરવાનો મહાસંકલ્પ કરીને બાબાસાહેબ વડોદરાથી પરત મુમ્બઈ આવે છે તે પ્રસંગો પણ અસરકારક રીતે નિરુપાયા છે. મુમ્બઈ આવ્યા પછી પણ નોકરી મેળવવા માટે આડે આવેલી વર્ણવ્યવસ્થા જેને મહાપંડિત રાહુલ સાંકૃત્યાયન ‘મરણ વ્યવસ્થા’ કહે છે તેના વધતા જતા અનુભવે બાબાસાહેબને તેનાં મૂળિયા કાઢી નાંખવા મક્કમ બનાવ્યા. આ દરમ્યાન ગૃહસંસારમાં થયેલી મોટી ઊથલપાથલમાં ચાર બાળકોનાં અવસાને તેમને વ્યગ્ર બનાવી દીધા હતા તો બીજી તરફ તેમને મળેલી ‘રણમાં મીઠી વીરડી’ સમાન કોલ્હાપુરના મહારાજા

છત્રપતિ શાહુજી મહારાજની છત્રછાયા! 'મૂકનાયક'ને આગળ ધપાવવા માટેના અને પછી વિદેશના અધૂરા અભ્યાસને પૂર્ણ કરવાના છત્રપતિ શાહુજી મહારાજના અમૂલ્ય સહયોગનું તર્પણ તે પછી બાબાસાહેબ આજીવન શાહુ મહારાજાનાં કાર્યોને આગળ ધપાવીને કરતા રહ્યા તે વિશ્વ ઈતિહાસની અમીટ ઘટનાઓમાંની એક ગણાવી જોઈએ. એક અસ્પૃશ્ય શિક્ષિત યુવકને કોલ્હાપુરના નરેશ કેટલું અને કેવું માન-સન્માન આપીને શોષિત-પીડિત-વંચિત સમાજના ઉદ્ધારક અને ધરોહર રુપે પ્રસ્થાપિત કરે છે તે ઘટના સાચે જ વિશ્વની અજોડ ઘટનાઓમાંની એક છે.

'જાહેર જીવન'માં મહાનાયક બાબાસાહેબનું બહુમૂલ્ય યોગદાન 20 જુલાઈ, 1924થી 'બહિષ્કૃત હિતકારિણી સભા' દ્વારા આરંભાય છે. અસ્પૃશ્યતાનો મૂળથી ઉચ્છેદ કરવાનો આરંભ અહીંથી થાય છે. મહાડના ચવદાર તળાવનું પાણી પ્રાશન કરીને વિશ્વના પ્રથમ સત્યાગ્રહ દ્વારા જનસમાન્યના મૂળભૂત અધિકારની લડાઈનો આરંભ પણ બાબાસાહેબની વૈચારિકક્રાંતિનું પરિણામ છે. મહાડ સત્યાગ્રહની સાથેસાથે બીજી પણ એક ક્રાંતિકારી ઘટના બની તે 'મનુસ્મૃતિ દહન'ની. મહાડ પરિષદે જ અમાનવીય કૃતિ 'મનુસ્મૃતિ'ને સામાજિક વિષમતાનું મૂળ માનીને તેને સળગાવીને વિષમતાવાદી સંસ્કૃતિનો પ્રતિકાત્મક સર્વનાશ કર્યો, લેખકે તેનું વર્ણન ઉત્તેજક શૈલીમાં કર્યુ છે.

'મન્દિરપ્રવેશ' જેવા ધાર્મિક મુદ્દાને બાબાસાહેબે ખૂબ જ કુશળતાથી ઉઠાવ્યો અને તેમાં તે સફળ પણ થયા તે ઘટનાઓની વિગતવાર મહિતી મળે છે, તો બીજી તરફ શોષિતો-પીડિતોની રાજકીય ભાગીદારીનો સંકલ્પ કરીને પોતાના અલગ મતાધિકારની ઉગ્ર માંગ પણ ગોળમેજી પરિષદમાં કેવી રીતે

મૂકવામાં બાબાસાહેબ સફળ થયા તેનું સાદ્યંત વર્ણન લેખકની સૂક્ષ્મ અભ્યાસદૃષ્ટિની સાહેદી પૂરે છે.

ગાંધી-આંબેડકરના વૈચારિક સંઘર્ષનું ચરમબિંદુ 'પૂના કરાર'માં પરિણમે છે ત્યારે બાબાસાહેબનું હૃદય વ્યથિત થઈ જાય છે. 'ગાંધી-આંબેડકર' પ્રકરણમાં લેખકે અત્યંત સચોટ રીતે શ્રમણ-બ્રાહ્મણ વિચારધારાની ભેદરેખાને અંકિત કરીને ગાંધીજીમાં રહેલા વિષમતાવાદી વિચારોને પ્રગટ કરી આપ્યા છે.

'હિન્દુ ધર્મને નમસ્કાર' પ્રકરણમાં બાબાસાહેબની બ્રાહ્મણી ધર્મમાંથી મુક્ત થવાની તાલાવેલી સામે અનેકોએ કરેલા વિરોધ અને તેમની સામે બાબાસાહેબના સણસણતા સવાલોનો કોઈ જવાબ ન હતો. જેમ કે મસુરકર મહારાજને બાબાસાહેબે કરેલા પ્રશ્નથી મસુરકર મહારાજ મીંઢું મૌન સેવે છે. બાબાસાહેબ પૂછે છે : "અમારા એક અછૂત કાર્યકર્તાને શંકરાચાર્યની ગાદી પર એક વર્ષ સુધી બેસાડો અને એકસો ચિત્તપાવન બ્રાહ્મણ પરિવાર એક વર્ષ સુધી તેમને સાષ્ટાંગ પ્રણામ કરે તો હું સમજીશ કે હિન્દુઓનું હૃદય પરિવર્તન થયું છે"

'માનવતાના હિતચિંતક' એવા બાબાસાહેબે માનવતાને બચાવવા માટે જ હિન્દુ ધર્મનો ત્યાગ કરવાનો સંકલ્પ કર્યો તેની સંપૂર્ણ જાણકારી લેખકે ખૂબ જ પ્રભાવક રીતે આપી છે. ધાર્મિક પ્રશ્ન પાછળ પૂર્ણવિરામ મૂક્યા પછી બાબાસાહેબ વંચિત સમાજના અત્યંત મહત્ત્વના રાજકીય પ્રશ્ન પર ધ્યાન કેન્દ્રિત કરે છે. 'ઉન્નતિના શિખર પર', 'અહિંસાત્મક સંઘર્ષ', 'સ્વતંત્ર ભારતના કાયદાપ્રધાન' આદિ પ્રકરણોમાં બાબાસાહેબની વિવિધ ક્ષેત્રે એકલે હાથે લડતા મહારથી જેવી અનોખી છબિ પ્રગટે છે. 'હિન્દુ સમાજથી નિરાશ' થયેલા બાબાસાહેબે આખરે બુદ્ધના ધમ્મને અંગિકાર કરીને ભારતને એક મહાન ભેટ આપી તે વિશ્વની અનોખી અને અવિસ્મરણીય ઘટના બની ગઈ. પોતે કદી હિન્દુ

ધર્મમાં મરશે નહીં એવી મહામાનવ બાબાસાહેબની પ્રતિજ્ઞા આખરે પૂરી થઈ અને બૌદ્ધ ધમ્મના મહાન ગ્રંથ 'બુદ્ધ અને તેમનો ધમ્મ'ની પ્રસ્તાવના પૂર્ણ કરવાની સાથે તેમના વૈચારિક ક્રાંતિના યુગનો આરંભ થયો. જેને આજે આપણે 'આંબેડકર યુગ' કહીએ છીએ. એકવીસમી સદી વૈચારિકક્રાંતિની સદી છે એમ તારસ્વરે કહેતા બૌદ્ધ-આંબેડકરી અનુયાયીઓ હવે બાબાસાહેબના 'પ્રબુદ્ધ ભારત' માટે પ્રતિબદ્ધ બન્યા છે.

અંતિમ પ્રકરણ જેના નામ પરથી આ લઘુગ્રંથનું શીર્ષક આપવામાં આવ્યું છે તે "જો બાબા ના હોત તો....."માં બાબાસાહેબના અથાગ પરિશ્રમ અને અદ્વિતીય બૌદ્ધિક પ્રતિભાને પરિણામે ભારતમાં આજે બૌદ્ધ ધમ્મનું પુનરુત્થાન થઈ રહ્યું છે તે કદાચ ન સંભવી શક્યુ હોત. આ સઘળો શ્રેય માત્રને માત્ર ડૉ. બાબાસાહેબને ફાળે જાય છે.

લેખકે આ લઘુગ્રંથમાં એક મહાન વિભૂતિના જીવન-સંઘર્ષને ગાગરમાં સાગરની જેમ સમાવીને તેમના મૂલ્યવાન યોગદાનને જનસામાન્ય સમક્ષ સરળ અને ભાવવાહી શૈલીમાં રજૂ કરવાનો ઉદ્યમ કર્યો છે તે કદી અસ્ત ન થનારો છે. બાબાસાહેબે કહ્યું છે કે, "ગ્રંથની ભાષા નાળિયેરના પાણી જેવી પ્રવાહી હોવી જોઈએ" આ લઘુગ્રંથની ભાષા પણ નાળિયેરીના પાણી જેવી મધુર અને પ્રવાહી હોઈ સરળતાથી સમજી શકાય તેવી છે. તે બદલ અનુવાદક ધન્યવાદને પાત્ર છે.

અને અંતે, બુદ્ધ-ફૂલે-શાહુ-આંબેડકરી વિચારધારાના વાહક, અનુયાયી પરમમિત્ર શ્રી ગોવિન્દભાઈ મારુએ ઈન્ટરનેટ પર ખાંખાખોળા કરીને ડૉ. બાબાસાહેબની પદવીઓ અને તેમાંય બત્રીસ પદવીઓની વિડિયો લિંક પાનાં નં. 128-129 પર આપી છે, જે સહૃદય મિત્રોને ઉપયોગી થશે. મૂળ પુસ્તકમાં જે પાનાં પર પ્રકરણ પૂરુ થાય છે તે પાનાં પરથી જ બીજું પ્રકરણ શરું કરવામાં

આવ્યું છે, પરંતુ અહીં ‘ઈ.બુક’માં પૂરું થયેલું પ્રકરણ પછી વધેલી જગ્યામાં બાબાસાહેબના વિચારમૌક્તિકને તેમની છબિ સાથે મૂકીને વિચારપ્રેરક કાર્ય કર્યું છે. આમ નાનકડો, અતિસુંદર ‘ઈ-બુક-લઘુગ્રંથ’ દ્વારા ગમે ત્યારે, ગમે તે જગ્યાએ સરળતાથી સમજી શકાય તેવા બાબાસાહેબના જીવન-સંઘર્ષને હાથવગું કરી આપવા માટે કર્મશીલ ગોવિન્દભાઈને જેટલા અભિનંદન ન આપીએ તેટલા ઓછા! સાથે આર. કે. સ્ટુડિઓ, દિયોદર(બનાસકાંઠા)ના શ્રી રાજેશભાઈ પરમારે 16 રંગીન જે.પી.જી.ઈ. પૂરી પાડી, અમદાવાદના શ્રી ભાલચંદ્ર (ભરતભાઈ) રાઠોડે ‘ઈ-બુક’ની અક્ષરાંકનની સેવા પૂરી પાડી તે બદલ ભાઈ આર. કે. પરમાર અને ભાલચંદ્ર (ભરત) રાઠોડને પણ ધન્યવાદ પાઠવું છું.

મને આશા છે કે, ‘મણિ મારુ પ્રકાશન’ દ્વારા ખૂબ જ નિષ્ઠાથી તૈયાર કરવામાં આવેલ આ ‘ઈ.બુક’ દેશ-વિદેશના ગુજરાતી વાચકોનો અનહદ પ્રેમ પ્રાપ્ત કરશે તેવી આશા અસ્થાને નથી. મહામાનવ ડૉ. બાબાસાહેબ આંબેડકરના જીવનદર્શનમાંથી વધુ એક વાર પસાર થવાની મૂલ્યવાન તક આપી અને ‘ઈ.બુક’નો આવકાર માટે મને યોગ્ય ગણ્યો તે બદલ હું ગોવિન્દભાઈનો હૃદયપૂર્વક આભારી છું. આજના ઈન્ટરનેટના યુગમાં ‘ડિજિટલ બુક’ને અઢળક આનન્દ સાથે ઉષ્માસભર આવકાર આપું છું..!!

જય ભીમ... નમો બુદ્ધાય...

ડૉ. રતીલાલ રોહિત

પ્રોફેસર અને અધ્યક્ષ, ગુજરાતી વિભાગ

મુમ્બઈ વિદ્યાપીઠ, મુમ્બઈ

ઈ.મેલ : ratilalrohit30@gmail.com

❋

II

# બુદ્ધં શરણં

- ડૉ. ભદન્ત આનંદ કૌશલ્યાયન

દરેક પુસ્તક લખવા પાછળ કોઈ ને કોઈ ઉદ્દેશ યા હેતુ હોય છે. જે પુસ્તક પાછળ જો કોઈ ઉદ્દેશ ના હોય, તો પુસ્તક લખવું નકામું છે.

હું કોઇ કામથી દિલ્હી ગયો હતો, ત્યાં સામ્યવાદી પાર્ટીના મહામંત્રી શ્રી ડાંગે સાથે અકસ્માતે મુલાકાત થઇ - તેઓએ કહ્યું, "હું તમને એક પ્રશ્ન પુછવા માંગું છું – ડૉ. આંબેડકર બૌદ્ધ શા માટે બન્યા ?"

જવાબમાં મેં કહ્યું, "આ પ્રશ્ન યોગ્ય માણસને જ પુછવામાં આવ્યો છે. આ પ્રશ્નના જવાબ માટે મારે એક પુસ્તક લખવું પડશે." આખરે ઘણાં સમય પછી આ પુસ્તક લખાયું જેનો મને સંતોષ છે. શ્રી ડાંગેના ઉપરોક્ત પ્રશ્નનો જવાબ આપવા માટે બોધિસત્વ ડૉ. ભીમરાવ આંબેડકરના સંપૂર્ણ જીવનચરિત્રનું અધ્યયન આવશ્યક છે. એવું અધ્યયન જે વિદ્યાર્થીઓ માટે વિશેષરૂપથી સુબોધ અને ઉપયોગી પણ હોય.

બધા જ વિદ્યાર્થીઓ મહાપુરુષોના જીવન-ચરિત્રો વાંચવાનું ઇચ્છે છે. દરેકે વાંચવા જ જોઈએ. મહાપુરુષોના જીવન ચરિત્રો જ આપણા માટે સાચા માર્ગદર્શક છે. પરન્તુ પ્રશ્ન એ છે કે આપણે કઇ વ્યક્તિને સાચા મહાપુરુષ કહેવા ?

શું આપણે શરીરબળમાં બળવાન હોય તેવાને જ સાચા 'મહાપુરુષ' કહીશું ? જેની બાહુઓમાં વિપુલ શક્તિ હોય, જે ચાલતી બે મોટરોને એક સાથે રોકી રાખે, જે છાતી ઉપર પથ્થર રાખી તેને તોડાવી શકે, જેવા કે આપણા દેશના પ્રોફેસર રામમૂર્તિ હતા ?

શું આપણે સાચા ‘મહાપુરુષ’ એવાને કહેવા કે ‘જેમની પાસે અઢળક ધન હોય ?’ - જેમ કે આપણા દેશના શેઠ ઘનશ્યામદાસ બિરલા, શેઠ જમનાલાલ બજાજ અથવા શેઠ દાલમિયા ? શું આપણે સાચા ‘મહાપુરુષ’ એવાને કહેવા કે જે મોટા બાપનો મોટો દિકરો હોય ? જેમ કે પંડિત મોતીલાલ નહેરુના સુપુત્ર પંડિત જવાહરલાલ નહેરૂ હતા.

શું આપણે સાચા ‘મહાપુરુષ’ કોઇ ઊંચિ જાતિમાં જન્મેલા જેમ કે પંડિત મદન મોહન માલવિયા - જેવાને કહીશું ?

શું ધર્મ અને રાજનીતિની એક સાથે જ સેવા કરવાની કોશિશ કરી હોય તેવા - મહાત્મા ગાંધી - જેવાને સાચા મહાપુરુષ કહીશું ?

તો આપણે કયા પ્રકારના મનુષ્યને સાચા ‘મહાપુરુષ’ કહીશું ? જવાબ છે :


1. જે વ્યક્તિ સમાજના સૌથી પછાત વર્ગમાં જન્મી હોય.
2. જેણે ઘણી જ મુશ્કેલીથી વિદ્યાભ્યાસ કર્યો હોય.
3. જેણે પોતાની સંપૂર્ણ શક્તિ સમાજના પછાત વર્ગને આગળ લાવવામાં લગાડી હોય.
4. જેણે પોતાના આ કાર્યમાં પુરી સફળતા મેળવી હોય.
5. જેણે સમાજના એવા અંગની સેવા કરી હોય જેને સમાજે ધુત્કાર્યો હોય.
6. જેણે ભારતનું બંધારણ બનાવવા જેવા મહત્ત્વપૂર્ણ તથા મહાન કાર્યને સંપન્ન કરી દેખાડ્યું હોય અને
7. જેણે બહુસંખ્યક ભારતીય જનતા માટે બુદ્ધ, ધર્મ, સંઘનું શરણ ગ્રહણ કરવાનો રસ્તો ખુલ્લો કર્યો હોય.

એવા જ એક સાચા 'મહાપુરુષ'ની આ યશગાથા, દેશવિદેશના ન જાણે કેટલાય લોકો આ 'મહાપુરુષ'ના વ્યક્તિત્વથી પ્રભાવત થયા હતા. જેમનું નામ છે : ડૉ. ભીમરાવ રામજી આંબેડકર. લોકો તેમને આદરથી, સ્નેહથી, ભાવથી કહેતા હતા કેવળ - બાબાસાહેબ

ડૉ. ભદન્ત આનંદ - કૌશલ્યાયન

ભિક્ષુ નિવાસ, દિક્ષાભૂમિ, નાગપુર-10

તા. 19-10-1980



III

## બે શબ્દ

– ડૉ. જયવર્ધન હર્ષ

સને 1982માં માસ-મુવમેન્ટ સંસ્થામાં રાષ્ટ્રીય મહામંત્રી તરીકે હું કાર્ય કરતો હતો. તે સમયે દેશના વિભિન્ન શહેરોમાં સંગઠનની કામગીરી અંગે આવન-જાવન થતી હતી. આ દરમ્યાન હું પૂ. ભદન્ત આનંદ – કૌશલ્યાયનના સંપર્કમાં આવ્યો. તેઓ પણ માસ-મુવમેન્ટના કાર્યક્રમોમાં આવતા અને માર્ગદર્શન આપતા હતા. આ સમયે તેમનું પુસ્તક 'यदि बाबा न होते ?' મને પ્રાપ્ત થયું. સરળ ભાષામાં બુદ્ધિગમ્ય શૈલીમાં લખાયેલું આ જીવનચરિત્ર વારંવાર વાંચવાની ઝંખના થાય તેવું છે. આથી લગભગ 20 વર્ષ પહેલાં મેં તેનો અનુવાદ કરીને પ્રસિદ્ધ કરવા સારૂ પૂજ્ય ભદન્ત આનન્દ કૌશલ્યાયનની જરૂરી મંજૂરી માંગી હતી. તેમનું નાગપુરનું સરનામું બદલાયું હોવાથી દિક્ષાભૂમિના શ્રી મેશ્રામે મારો પત્ર તેમની મંજુરી માટે તેમની પાસે મોકલી આપ્યો. પૂજ્ય ભદન્ત આનંદ કૌશલ્યાયને મને પત્ર પાઠવી મંજુરી આપી. ત્યારપછી કેટલાક સમય બાદ સ્વામિનારાયણ સંપ્રદાયના ધાર્મિક મહોત્સવમાં તેઓ પ્રવચન આપવા અમદાવાદમાં પધાર્યા. તે ધર્મસભામાં હું તેમને રૂબરૂ મળ્યો. તેમની સાથે શ્રી એમ. એસ. મોરે (માજી ઇન્કમટેક્ષ કમિશ્નર) હતા. રાત્રીના સમયે તેમનું પ્રવચન વાડજ તુલસીનગરમાં યોજાયું. અહીં પુસ્તકના અનુવાદને પ્રસિદ્ધ કરવા બાબતે તેમની સાથે મેં ચર્ચા કરી. તેમણે મને કહ્યું આવતીકાલે સવારે 7.00 વાગે મારે ત્યાં આવી જાવ. બીજા દિવસે હું સમય કરતા વહેલો શ્રી એમ. એસ. મોરેના નિવાસ સ્થાને પહોંચી ગયો. સવારની ચા-નાસ્તો પૂજ્ય ભદન્ત આનન્દ કૌશલ્યાયનની સાથે કરતાં કરતાં તેમણે મારી પાસે ભાષાંતરની કોપી માંગી.

તેઓ મારા ભાષાંતરની પ્રત હાથમાં લઇને વાંચતા હતા. તેઓએ કહ્યું આ પ્રકરણ તમો હિંદીમાં વાંચો હું ભાષાંતર જોઇ જાઉં છું. આ રીતે પાંચ-છ પ્રકરણ હિન્દી-ગુજરાતી તેઓએ જોયા. હિન્દી ગુજરાતી નામો વિશે તેમણે ખૂબ જ સુંદર ચર્ચા કરી. લગભગ એક કલાક સુધી આ ભાષાંતર જોઇને કેટલાક સૂચનો પણ કર્યા.

અંતમાં ખૂબ જ પ્રસન્ન થઇને તેઓએ મંગલ-મૈત્રી આપતા કહ્યું કે, 'यदि बाबा न होते ?'નો તમો અનુવાદ શબ્દશઃ નહીં કરતા 'ધમ્મ કથિક'ની જેમ ધમ્મ કથાના રૂપમાં કર્યો છે. જેથી વાંચનારને અનુવાદ શબ્દશઃ લાગશે નહીં, પરન્તુ મૂળ વિચારોને પકડી રાખીને ભીમકથાકાર તરીકે તમારા હૃદયના ભાવો વ્યક્ત કરી ભાષાંતર કર્યું છે. જેથી કરીને અનુવાદ- અનુવાદ ન લાગતા નવીન જીવનચરિત્ર પ્રતિતી થાય છે.

મારો પ્રયાસ પણ માત્ર શબ્દશઃ અનુવાદ કરવાનો ન હતો પરન્તુ એક 'ધમ્મકથિક'ની જેમ સરળ અને સુબોધ શૈલીમાં ડૉ.બાબાસાહેબનું જીવનચરિત્ર આપની સમક્ષ મુકવાનો હતો.

હું આ કાર્યમાં કેટલો સફળ થયો છું તેની મને ખબર નથી; પરન્તુ આપને જરૂર નવીન જીવનચરિત્ર ગમશે એવી આશા રાખું છું.

ડૉ. જયવર્ધન હર્ષ

અમદાવાદ

ડૉ. બાબા સાહેબ આંબેડકર જન્મ જયંતિ દિન

14-04-2003

# પ્રકાશકીય

- જયશ્રી બેન્કર

બાબાસાહેબ ડૉ. ભીમરાવ આંબેડકરનું ‘જીવનચરિત્ર’ ભારતની તમામ ભાષાઓમાં આજે ઉપલબ્ધ છે. ગુજરાતી ભાષામાં પણ તેમના જીવનચરિત્ર ઉપર ઘણા પુસ્તકો લખાયા છે. કેટલાક હિંદી-મરાઠી-અંગ્રેજી જીવનચરિત્રોના અનુવાદ પણ થયા છે. ત્યારે સ્વાભાવિક પ્રશ્ન થાય કે આ અનુવાદ શા માટે? ભદન્ત રાહુલ સાંકૃત્યાયન લિખિત ‘ડૉ. આંબેડકર’ (જીવનચરિત્ર), શ્રી એલ. આર. બાલીનું ‘ડૉ. આંબેડકર - જીવન અને મિશન’, શ્રી સોહનલાલ શાસ્ત્રીનું ‘બાબા સાહેબના સંપર્કમાં 25 વર્ષ’ તથા ડૉ. ધનંજય કીર લિખિત અને મુળજીભાઈ ખુમાણનો અનુવાદ ‘ડૉ. આંબેડકર : જીવન અને કાર્ય’ આમ, ગ્રંથોની યાદી લાંબી થતી જાય છે. કેટલાય અનુવાદો, ભાષાંતરો અને કેટલાક પદ્યમાં પણ જીવનચરિત્ર લખાયા છે. છતાં પણ બાબાસાહેબ ડૉ. આંબેડકરનું ‘જીવનચરિત્ર’ લખવાનો મોહ ડૉ. ભદન્ત આનંદ કૌશલ્યાયન પણ છોડી શક્યા નથી. તેઓનું પણ મન બાબાસાહેબે જીતી લીધું હતું. આથી તેઓએ ‘यदि बाबा न होते ?’ પોતાની આગવી શૈલીમાં લખીને વિશાળ ભીમચાહકોનું દિલ જીતી લીધું છે. ડૉ. ભદન્ત આનંદ કૌશલ્યાયન હિન્દી સાહિત્યના પ્રસિદ્ધ લેખક તેમ જ ઉચ્ચ કોટીના બૌદ્ધચિંતક હતા. તેમણે ‘यदि बाबा न होते ?’ સામાન્ય જનસમુદાયને પ્રેરણા મળે તથા માર્ગદર્શન પ્રાપ્ત થાય તે ઉદ્દેશ્યથી રચના કરી છે. આથી તેમનો ગ્રંથ બીજા જીવનચરિત્રો કરતા સુંદર છે.

'यदि बाबा न होते ?'નો અનુવાદ શ્રી ડૉ. જયવર્ધન હર્ષે ઘણાં વર્ષો પહેલા કર્યો હતો. જે આજ દિન સુધી પ્રસિદ્ધ થઇ શક્યો ન હતો. તેમણે બાબાસાહેબ ડૉ. આંબેડકરના 'જીવનચરિત્ર'ના અનુવાદની પ્રત પ્રકાશન માટે મને આપી, જેને હું આપની સમક્ષ મુકી રહી છું.

આ પુસ્તકની ખૂબ જ ટૂંકા સમયમાં ચૌદમી આવૃત્તિ પ્રકાશિત કરતાં મારાં ચિત્તમાં મૈત્રીનું ઝરણું વહી રહ્યું છે. લાખો-કરોડો SC, ST અને OBC સમાજને આ પુસ્તકમાંથી પ્રેરણા પ્રાપ્ત થાય એવી મંગળ ભાવના ઉચ્છુ છું.

પુસ્તકના પ્રકાશન કાર્યમાં સહયોગ આપનારા જશવંતભાઈ ડાભી, કીર્તિભાઈ ચૌહાણ, ચિંતનભાઈ ચૌહાણ, ભાવિકભાઈ સોલંકી, બિપીનભાઈ ડોરીયા, ભદ્રેશભાઈ મકવાણા અને ભારતીબેન રાઠોડનો ટાઇપીંગ તેમ જ પ્રૂફરીડિંગના કાર્ય માટે, તથા પુસ્તક છાપવા માટે રાજુભાઈનો સહયોગ આપવા બદલ ખૂબ ખૂબ આભાર.

આપ સૌને સરળ-બોધ 'જીવનચરિત્ર' ગમશે એવી આશા રાખું છું.

જયશ્રીબેન પ્રકાશકુમાર બેન્કર

9, જશ એપાર્ટમેન્ટ

ભાવના સોસાયટી,

ગીતામન્દિર રોડ

અમદાવાદ - 380 022

સેલફોન : 2532 8606

❅

# 1

## ચૌદમું રત્ન

મહારાષ્ટ્રને 'મહારાષ્ટ્ર' શા માટે કહેવામાં આવે છે ? આ બાબતે વિદ્વાનોમાં મતભેદ છે. પ્રાચીન સમયમાં આ પ્રદેશનું નામ કાંઇ બીજુ જ હોય તેમ જણાય છે. ત્યારબાદ ત્યાં 'મહાર' અને 'રટ્ટ' નામની બે જાતિઓનું નિવાસસ્થાન થવાને કારણે તેનું નામ 'મહારાષ્ટ્ર' પડ્યું. અથવા 'મહારો'નું 'રાષ્ટ્ર' હોવાના કારણે 'મહારાષ્ટ્ર' કહેવાયું. આપણા દેશમાં એવા લોકોના હાથમાં સત્તા આવી જેમણે ભગવાન બુદ્ધનો 'બૌદ્ધ ધર્મ' સારો લાગતો ન હતો. તેઓએ ભગવાન બુદ્ધનો ધર્મ પાળતી ઘણી બધી જાતિઓને જબરદસ્તીથી, સામાજિક દૃષ્ટિથી 'અછૂત' બનાવી દીધી. આવી અનેક જાતિઓમાંથી એક જાતિ 'મહાર' હતી. દરેકના બધા દિવસો સરખા નથી હોતા. સુપ્રસિદ્ધ લેખક વૈડન-પાવલના મતે 'એક સમય હતો જ્યારે મહારાષ્ટ્રમાં 'મહાર જાતિ'નું પ્રમુખસ્થાનહતું. તેમને પોતાનો રાજા હતો. તેમના પોતાના કાયદા-કાનૂન હતા. તેમનો પોતાનો 'ધર્મ' હતો. તેમના પોતાના અલગ રીત-રિવાજો હતા.

જે જાતિએ એક સમય વૈભવશાળી દિવસો જોયા હતા. સમય પરિવર્તન સાથે એ જાતિને ઘણા ખરાબ દિવસો પણ જોવા પડ્યા. આખા મહારાષ્ટ્રમાં મહારોની હાલત અત્યંત ખરાબ થઇ ગઇ. પરન્તુ કોંકણ પ્રદેશમાં રહેનાર 'મહાર'ની તો સૌથી ખરાબ હાલત હતી. આવા જ કોંકણ પ્રદેશના એક 'મહાર' પરિવારમાં ડૉ. ભીમરાવ આંબેડકર જન્મ્યા હતા.

કોંકણ પ્રદેશના રત્નાગીરી જિલ્લામાં અંબાવડે નામનું એક નાનકડું ગામ છે. તેની આસપાસ નાની નાની ગિરીમાળાઓ છે. [અહીં એક મહત્ત્વની વાતનો ઉલ્લેખ કરવો ઉચિત લાગે છે અને તે એ કે, બાબાસાહેબનું મૂળ ગામ 'આંબડવે'

છે અંબાવડે નહિ. -ડૉ. રતિલાલ રોહિત] ડૉ. ભીમરાવ આંબેડકરના દાદા આ ગામમાં રહેતા હતા. તેમનું નામ હતું શ્રી માલોજીરાવ સકપાળ.

જ્યારે ઉત્તર ભારતમાં મોગલોનું રાજ હતું. ત્યારે મહારાષ્ટ્રમાં પેશ્વાઓનું રાજ હતું. આ સમયે માલોજીરાવના પૂર્વજ 'બ્રિટિશ સૈન્ય'માં નોકરી કરતા હતા, જે સમયે ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ ભારતમાં રાજ્ય સંભાળ્યુ તે સમયે માલોજીરાવ યુવાન થયા, ત્યારે તેમણે પણ બ્રિટિશ સેનામાં નોકરી અપનાવી.

એ સમયે જો કોઇ 'મહાર' કોઇ દેવી દેવતા કે વીરપુરુષનું નામ રાખે તો, સરકારી કાગળો પર તેનું વિકૃત જ નામ દાખલ કરવામાં આવતું હતું. એટલું જ નહીં પરન્તુ તેની સાથે 'નાક' શબ્દ જોડી દેવામાં આવતો. આ 'નાક' શબ્દ 'નાગ' શબ્દનું વિકૃતરૂપ દેખાય છે. મોલોજીરાવનું નામ પણ સરકારી કાગળો ઉપર 'માલનાક' છે. તેમનું મૂળ નામ 'સકપાળ' સરકારી કાગળો પર દાખલ થયેલું જોવામાં આવતું નથી.

મોગલ, મરાઠા તથા પેશ્વાઓની સેવામાં નોકરી કરનારાનો પોતાનો ગામ સાથે સમ્બન્ધ રહેતો હતો. પરન્તુ કંપનીની સેનામાં જે સૈનિકો હતા. તેઓને ઘણે દૂર દૂર જવું પડતું હતું. એટલે તેમનો પોતાના ગામ સાથે સમ્બન્ધ જાળવી રાખવો મુશ્કેલ બનતું. આ રીતે  શ્રી માલોજીરાવ 'સકપાળનો પણ પોતાના ગામ 'અંબાવડે' સાથે સમ્બન્ધ ઓછો રહેતો.

માલોજીરાવને ચાર સંતાનો હતા. ત્રણ છોકરા તથા એક છોકરી. આ ત્રણ ભાઈઓની એક બહેનનું નામ મીરાંબાઇ હતું. જે જન્મથી જ બિચારી અપંગ હતી. તેના પછી 'રામજી'નો જન્મ થયો. જે આપણા ચરિત્રનાયક ડૉ. ભીમરાવ આંબેડકરના પિતા હતા. આ ત્રણે ભાઈઓ મોટા થયા એટલે લશ્કરી નોકરીમાં જોડાયા. તેમની લશ્કરી ટુકડીઓ અલગ અલગ જગાએ રહેતી હોવાને કારણે

ત્રણે વચ્ચેના મિલન - સમ્બન્ધો ઓછા રહેતા. માત્ર પત્રો દ્વારા જ સમ્બન્ધ જળવાઇ રહેતા. જ્યારે રજાઓ માણવા ઘરે આવતા ત્યારે કેટલાક દિવસ એકસાથે આનન્દ પ્રમોદથી પસાર કરી લેતા. 1892થી 'મહારો'ની લશ્કરમાં ભરતી બંધ કરવામાં આવી હતી. રામજી પોતે લશ્કરમાં પહેલા સિપાહી તરીકે દાખલ થયા. ત્યારબાદ તેઓ પણ સ્વયં પ્રયત્ન કરીને 'સુબેદાર' બની ગયા. રામજીની મોટી બહેન મીરાંબાઇ અપંગ હોવાને કારણે તેમની સાથે જ રહેતી હતી.

જે 'મહારો' લશ્કરમાં નોકરી કરતા હતાં, તેમનામાં બે ખરાબ વ્યસન હતા. એક દારૂ પીવાનું અને બીજું બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ માટે આંધળા થઇ પાગલ બનવાનું. માલોજીરાવને ફક્ત બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિનું વ્યસન હતું.

19 વર્ષની ઉમ્મરે શ્રી રામજીના લગ્ન 13 વર્ષની ભીમાબાઈ સાથે થયાં. ભીમાબાઇ ગૃહસ્થી જીવનમાં અડગ વિશ્વાસવાળી હતી. તેણીને જે યોગ્ય લાગે તે જ કરતી.


સને 1891 સુધી શ્રી રામજી તથા ભીમાબાઇને 14 સંતાનો પ્રાપ્ત થયા. તેમનું આપણા ચરિત્રનાયક 'ભીમ' છેલ્લુ સંતાન હતું. તેઓ મજાકમાં ક્યારેક ક્યારેક કહી પણ દેતાં કે હું મારા માતા-પિતાનું ચૌદમું રત્ન છું. જે દિવસે તેમનો જન્મ થયો તે 14 એપ્રિલ, 1891નો પુણ્ય દિવસ હતો.

રામજી પણ તેના પિતા માલોજીરાવ જેમ ધાર્મિકવૃત્તિના હતા. લશ્કરમાંથી નિવૃત્ત થયા પછી તેઓ કબીરપંથી બન્યા. તેઓ દારૂ પીતા ન હતા. હવે તો માંસાહાર પણ છોડી દીધો હતો. સવાર-સાંજ નિયમિત પૂજાપાઠ કરતા હતા. પરિવારના સર્વ નાનામોટા સભ્યોને પૂજાપાઠમાં અવશ્ય હાજર રહેવું પડતું.

ડૉ. ભીમરાવ મોટા થયા છતાં બાળપણના આ પ્રસંગો ભૂલ્યા ન હતા. તેઓ કહેતા ‘અમારું કુટુંબ ગરીબ હતું. પરન્તુ તેનું વાતાવરણ એક સુશિક્ષિત સંસ્કારી પરિવાર જેવું હતું. અમારી વાંચવા-લખવામાં વૃત્તિ પેદા થાય તથા અમારું જીવન ઉન્નત બને તે માટે અમારા પિતાજીને હમ્મેશાં ચિંતા રહ્યા કરતી હતી. જમતા પહેલા અમારી પાસે પુજાપાઠમાં ભજન અવશ્ય ગવડાવતા હતા.’

માલોજીરાવના મૃત્યુ પછી પરિવારમાં મીરાંબાઇ જ મોટા હતા. ડૉ. આંબેડકરની માતા ભીમાબાઇ તેમની અપંગ નણંદ મીરાંબાઇનું ખાસ ધ્યાન રાખી સેવા કરતા. મીરાંબાઇ ગંભીર તથા શાંત સ્વભાવની સમજદાર સ્ત્રી હતી. નાનામોટા સૌ એ વાતનું ધ્યાન રાખતા કે તેમને કોઇ પણ પ્રકારનું દુઃખ ન પડે.

મીરાંબાઇ તથા ડૉ. ભીમરાવની માતા ભીમાબાઇ બન્ને જણ ‘ભીમ’ને લાડમાં ‘ભીવા’ કહીને બોલાવતા હતા.



## 2

# હું તારા વાળ કાપી આપીશ

1894માં પુરા પચ્ચીસ વર્ષ લશ્કરમાં નોકરી કર્યા પછી રામજી સુબેદારને રૂ. 50/- મહિને પેન્શન મળતું હતું. તેઓ પરિવારને લઇને આંબવડે નજીક દાપોલીમાં રહેવા આવ્યા. અહીં રહેવું ભીમાબાઇને પસંદ ન આવ્યું. એટલે તેમણે બાળકોના શિક્ષણનો વિચાર કરી, મુમ્બઇ જઇને રહેવાનું પસંદ કર્યું. પરન્તુ મુમ્બઇમાં મોંઘવારી વધારે હતી. રૂ. 50/-ના માસિક પેન્શનમાં પરિવારનું ભરણપોષણ કરવું મુશ્કેલ હતું. તેમણે મુમ્બઇમાં નોકરી શોધવાનો પ્રયત્ન કર્યો. પરન્તુ મુમ્બઇમાં નોકરી ન મળી; ત્યારબાદ સતારામાં સ્ટોરકીપરની નોકરી મળી ગઇ. 1894માં રામજી સુબેદાર પોતાના કુટુંબ સાથે દાપોલીથી સતારા ગયા. તેમના ચૌદ સંતાનોમાંથી માત્ર પાંચ જ જીવિત હતા. આ પાંચમાંથી એક બલરામ હતા. જેમના લગ્ન થઇ ગયા હતા અને તેઓ નોકરી કરતા હોવાથી અલગ રહેતા હતા. રામજી સુબેદારની બન્ને પુત્રીઓના લગ્ન થઇ ગયા હતા એટલે તેઓ પોત-પોતાને ઘેર રહેતી હતી. પિતા સાથએ રહેનાર ફક્ત બે જ બાળકો હતા. એક આનન્દરાવ તથા બીજા ભીમરાવ.

હવે ભીમ છ વર્ષના થયા હતા. જેવું નામ તેવું કામ, પોતાની ઉમ્મરના બાળકો સાથ જ નહીં પરન્તુ મોટી ઉમ્મરના બાળકો સાથે પણ ગમે ત્યારે ઝઘડી પડતા. તેઓ શરીરમાં તંદુરસ્ત અને સ્વભાવે રમુજી હતા. પોતાની ઉમ્મરના છોકરાઓને તે મારપીટ કરતા તથા મોટી ઉમ્મરના છોકરાઓને તે પથ્થર મારી ભાગી જતા.

જે છોકરાઓને તે મારતા તેમના માતા-પિતા સુબેદાર રામજી તથા ભીમાબાઇ પાસે તેની ફરિયાદ કરતા. સુબેદાર ‘ભીમ’ને ધમકાવતા પરન્તુ હાથ

ઉપાડી મારપીટ કરતા નહીં. ભીમાબાઇ ભીમનો કાન પકડી ધમકાવતી અને મારતી પણ હતી. એવા સમયે મીરાંબાઇ જ ભીમનું રક્ષણ કરતી.

ભીમના મોટાભાઈ આનન્દરાવ કેમ્પ સ્કૂલમાં સતારામાં ભણતા હતા. એ સ્કૂલમાં ભીમને પણ દાખલ કરવામાં આવ્યા. આ સમય દરમિયાન રામજી સુબેદારની સતારાથી ગોરેગાંવ બદલી થઇ ગઇ. તેઓ એકલા જ ગોરેગાંવ ગયા. અહીંયા સતારામાં ભીમાબાઇ સખ્ત બીમાર પડી ગયા. ઘણી દવાઓ કરવામાં આવી. છતાં કશો જ લાભ થયો નહીં. એક દિવસ ભીમાબાઇ આખા પરિવારને રડતા-વિલાપ કરતાં મૂકીને સંસાર છોડી ચાલી ગયા. ભીમને માતાના વિયોગથી ધક્કો લાગ્યો. તેઓ માતાની યાદ આવતા વારંવાર રડી પડતા.

ભીમાબાઇ ન રહેવાથી આખા ઘરમાં સુનકાર વ્યાપી ગયો. મીરાંબાઇ અપંગ હોવાથી ઘર કામ કરી શકતા ન હતા. આખરે શ્રીરામજી સુબેદારે મજબૂર બની જીજાબાઇ નામની એક વિધવા સાથે બીજા લગ્ન કર્યા. ભીમે જોયું કે તેમની અપર માતાએ તેમની માતા ભીમાબાઇના દરદાગીના પહેરી લીધા હતા. આથી તેમને માઠું લાગ્યું. તેમની અપર માતાને ક્યારેય માતા કહેતા નહીં. ક્યારેક તો તેમની સાથે ઝઘડી પડતા અને રડી પડતા.

ભીમ ખરેખર હોંશીયાર વિદ્યાર્થી હતા. પરન્તુ ભણવામાં તેમનું મન લાગતું ન હતું. સ્કૂલમાં જે ભણાવે તે જ ભણે, ઘરે આવી પોતાનું દફ્તર એક બાજુ નાંખી પોતાની ટોળકીમાં રમવા તથા ધમાચકડી મચાવવા ઘરમાંથી બહાર જતા રહેતા. ઝગડાઓ અને મારપીટ તો રોજના થઇ પડ્યા હતા. જાણે કે આજ તેમનું ભણતર અને જીવન હોય.

કોઇને જરૂર સંદેહ થશે કે ડૉ. આંબેડકરનું મૂળ ગામ તો અંબાવડે હતું. તો અંબાવડેકરમાંથી આંબેડકર કેવી રીતે બન્યા? વાત એવી છે કે બાળક ભીમને

ભણાવનાર એક શિક્ષક હતા. તેમની અટક આંબેડકર હતી. તેમને ભીમ પ્રત્યે સ્નેહ હતો. તેઓ ઘેરથી નાસ્તામાં શાક-રોટલી લાવતા હતા. જ્યાં સુધી ભીમને તેઓ ન આપતા ત્યાં સુધી તેઓ જમતા નહીં. તેઓ અસ્પૃશ્યતામાં આસ્થા રાખનાર હોવાથી રોટલીઓ દૂરથી જ ભીમના હાથમાં ફેંકતા. પરન્તુ મનમાં તો ભીમ તરફ પુષ્કળ સ્નેહ હતો. એક દિવસે તેમણે કહ્યું, “ભીમા તારી અંબાવડેકર અટક બોલવામાં અગવડ ભરી છે. મારી આંબેડકર અટક તેનાથી સારી છે. તારી પણ આ અટક રાખે તો.”

આ રીતે બાળક ભીમ અંબાવડેકરમાંથી આંબેડકર બની ગયા. ‘ભીમ’ આંબેડકર બનવાથી તેમના ગુરૂના ગામનું નામ પ્રસિદ્ધ થઈ ગયું.

ભીમ જીદ્દી સ્વભાવના હતા. જે વાતની હઠ પકડે તેને પુરી કરીને જ છોડે. એકવાર મુશળધાર વરસાદ વરસી રહ્યો હતો. તેમણે મોટાભાઈ આનન્દરાવને કહ્યું, “તમે મારું દફ્તર અને ટોપી સ્કૂલે લઈ જાવ. હું વરસાદમાં ભીંજાતો ભીંજાતો સ્કૂલે આવીશ.’

ભાઈએ ઘણો સમજાવ્યો પરન્તુ તેમની વાત માની નહીં. સ્કૂલ પહોંચ્યા. તો તેમના કપડાં ભીના હતા. તે દિવસે સાંજ સુધી કેવળ લંગોટી પહેરીને તેમને રહેવું પડ્યું.

રામજી સુબેદાર લશ્કરમાં નોકરી કરતા હતા ત્યારે ત્યાંના વાતાવરણમાં બાળક ભીમને ‘અસ્પૃશ્યતા’ની ઠેસ વાગી ન હતી. એ બાળક ભીમ મોટા થતા, બધી જ સારી નરસી વાતોનું તેને ભાન થયું હતું. એક દિવસ ભીમ એક વાળંદ પાસે ગયા. અને કહ્યું, ‘મારે વાળ કપાવવા છે.’

વાળંદે કહ્યું, “જા-જા એક અછૂત થઈને મારી પાસે વાળ કપાવવા આવ્યો છે તું.”

ભીમના સ્વાભિમાનને ઠેસ વાગી. તેઓ રડતા અને આંખો ચોળતા ઘેર આવ્યા, મોટી બહેન તુલસીએ પૂછ્યું, “ભીમ તું રડે છે શા માટે ?” ભીમે વાળંદની અપમાનીત કથા કહી સંભળાવી, બહેન તુલસી બોલ્યા, “એમાં રડવાની શી જરૂર છે ? લાવ તારા વાળ હું કાપી આપું છું.”

રડવાની વાત કેમ નથી ? અવશ્ય છે, વાળંદે ભીમના વાળ કાપવાનો ઇન્કાર કર્યો તે માનવતાનું અપમાન છે. ભીમ વિવશ હતો, આ અપમાન ભીમે સહન કર્યું.

સ્કૂલમાં પણ ભીમને ‘અછૂત’ હોવાથી શિક્ષા ભોગવવી પડતી હતી. સ્કૂલમાં બધા વિદ્યાર્થીઓ પાટલીઓ ઉપર બેસી નોટબુકમાં લખી વાંચી શકતા હતા, આનન્દરાવ તથા ભીમ બન્ને ભાઈઓએ જમીન પર કંતાન પાથરી બેસવું પડતું હતું. જે કંતાન ઉપર તેઓ બેસતા તે કંતાન તેમણે ઘરેથી લાવવું પડતું હતું. બીજા વિદ્યાર્થીઓ ક્રિકેટ વગેરે રમતો રમી શકતા હતા. જ્યારે બન્ને ભાઈ વિશેષ રૂપથી ભીમ મનને મારી, બીજા વિદ્યાર્થીઓને જોયા કરતા હતા. તરસ લાગે તો નળની ચકલી પણ પોતાના હાથે ખોલી શકતા ન હતા. કોઈ વિદ્યાર્થી નળની ચકલી ખોલે ત્યારે સાર્વજનિક પરબનું પાણી પી શકતા હતા. એક વાર તો એક સાર્વજનિક પરબ પરનું પાણી પીવા માટે ભીમને ખૂબ માર મારવામાં આવ્યો હતો.

એકવાર આનન્દરાવ તથા ભીમે રેલ્વે સ્ટેશનથી ગોરેગાંવ સુધી જવાનું હતું. કોઈ પણ ઘોડાગાડીવાળો આ બન્ને અછૂત બાળકોને બેસાડી લઈ જવા તૈયાર થયો નહીં. એક ઘોડાગાડીવાળો ડબલ પૈસા લઈને લાવવા તૈયાર થયો. પરન્તુ તેની શરત હતી કે બન્ને બાળકોમાંથી કોઈ એક બાળક ગાડી હાંકે,

પરન્તુ ગાડીવાળો ગાડી નહીં હાંકે અને નીચે ચાલતો આવશે. જો ગાડીવાળો ગાડી હાંકે તો 'અછૂત' બાળકોના સ્પર્શથી તે અભડાઈ જાય.

'અછૂત' બાળકોનો સ્પર્શ જ ખરાબ હતો. તેમની પાસેથી મળનાર પૈસા નહીં. ભીમ સ્વાભિમાની હતા. આવી નાની-નાની અનેક ઘટનાઓ અને આવા જ અનુભવોના કારણે ડૉ. ભીમરાવ આંબેડકર બ્રાહ્મણી વર્ણવ્યવસ્થાના ઘોર શત્રુ બની ગયા હતા.




❋

3

## અમારી રોટલી ‘અભડાઇ’ જશે

જ્યારે રામજી સુબેદારની સ્ટોરકીપરની નોકરી છૂટી ગઇ. ત્યારે તો તેઓ પરિવાર સહિત સતારાથી મુમ્બઇ આવી ગયા. એવો નિર્ણય કરીને મુમ્બઇ આવ્યા કે બાળકોને સારી રીતે ભણાવી શકાશે. આનન્દરાવ અને ભીમ બન્નેને મુમ્બઇની એલ્ફિસ્ટન હાઈ સ્કૂલમાં દાખલ કર્યા.

સ્કૂલના પુસ્તકો વાંચવા ભીમને ગમતા ન હતા. પરન્તુ બહારના પુસ્તકો વાંચવાનો જબરો શોખ હતો. સ્કૂલના પુસ્તકો તો એકવાર વાંચી આંખ નીચેથી કાઢી નાંખતા. બુદ્ધિશાળી હોવાના કારણે તેમની સ્કૂલમાં સ્થિતિ તેઓ સુધારી રાખતા હતા. ધીરે ધીરે બહારના પુસ્તકો વાંચવાનો શોખ સંગ્રહ કરવામાં પલટાઈ ગયો. આ શોખ રામજી સુબેદારને મોંઘો પડ્યો. પુસ્તકોનો સંગ્રહ કરવાનો શોખ ડૉ. ભીમરાવ આંબેડકરને જીવનભરનો સાથી રહ્યો.

ઘણા ઓછા લોકો પાસે પોતાના પુસ્તકોનો આટલો મોટો સંગ્રહ હશે. મોટા થયા ત્યારે ‘બાબા સાહેબે’ વિપુલ સંખ્યામાં આ સંગ્રહ કરી લીધો હતો. તેમણે પોતાનું ‘રાજગૃહ’ મકાન રહેવા માટે બનાવ્યું ન હતું. પરન્તુ પુસ્તકાલય માટે બનાવ્યું હતું. એલ્ફિસ્ટન હાઇ સ્કૂલ સરકારી સ્કૂલ હતી. પરન્તુ ત્યાંના અધ્યાપકો તથા વિદ્યાર્થીઓ જાતિવાદી માનસ ધરાવતા હતા. એક દિવસે ગણિતના શિક્ષકે ભીમને કહ્યું. “આ સવાલનો જવાબ બ્લેક બોર્ડ પર લખી આવ.” જેવા ભીમ બોર્ડ તરફ વળ્યા કે છોકરાઓ બૂમો પાડી ઉઠ્યા. ‘અમારી રોટલીના ડબ્બા બ્લેક બોર્ડની પાછળ રાખેલા છે તે અભડાઈ જશે.’ જ્યારે છોકરાઓએ પોતપોતાના ડબ્બા ઊઠાવી લીધા ત્યારબાદ જ ભીમ બોર્ડ પાસે જઈ જવાબ લખી શક્યા. અધ્યાપકે વિદ્યાર્થીઓને કંઈ જ કહ્યું નહીં. તેનું કામ

ગણિત ભણાવવાનું હતું. શિષ્ટાચાર શીખવાડવાનું નહીં. અસ્પૃશ્યતાને પાળવી એ તેઓ 'ધર્મ' માનતા હશે. અધ્યાપક પણ આખરે 'હિન્દુ' જ હતા. એકવાર એક બ્રાહ્મણ શિક્ષકે ભીમને કહી દીધું, 'અરે તુ મહાર છે. આખરે ભણીને તું શું કરીશ?' ભીમે તેનો આક્રમક ઉત્તર આપ્યો - "સર હું ભણીને શું કરીશ એ પૂછવાનું કામ આપનું નથી. જો ફરીવાર મારી જાતિનો ઉલ્લેખ કરી મારું અપમાન કરવાનો પ્રયત્ન કર્યો તો તેનું પરિણામ ખરાબ આવશે."

આવો જવાબ ફક્ત 'ભીમ' જ આપી શકે. રામજી સુબેદારની ઘણી ઇચ્છા હતી કે તેમનો 'ભીમ' સંસ્કૃત ભાષાનો પંડિત બને. આનન્દરાવ તથા ભીમ બન્ને સંસ્કૃત ભણવાનું ઇચ્છતા હતા, પરન્તુ તેઓ અસમર્થ હતા. સંસ્કૃત ભણાવનાર બ્રાહ્મણ પંડિતે ચોખ્ખું કહી દીધું કે, "હું અછૂત વિદ્યાર્થીઓને સંસ્કૃત ભણાવીશ નહીં." બ્રાહ્મણોને વિદ્યાપ્રેમી કહેવામાં આવે છે, પરન્તુ બીજા લોકોને પોતાની ભાષા ન શીખવીને બ્રાહ્મણોએ 'સંસ્કૃત'ની જેટલી મોટી કુસેવા કરી છે, તેટલી બીજા કોઇએ કરી નથી.

ભીમ ઇચ્છતા હતા કે પોતાના પિતા રામજી સુબેદાર પર બોજારૂપ ન બનવું અને પોતાના પગ ઉપર ઊભા રહેવું. સતારામાં રહેતા હતા ત્યારે એક દિવસ રેલ્વે સ્ટેશને જઈને કુલીનું કામ કર્યું. એટલું જ નહીં, એકવાર મુમ્બઇ પહોંચી જઇને મિલમાં મજુરી કરવાનો વિચાર આવતા પોતાની ફોઈ મીરાંબાઈના પૈસાની થેલી ચોરી લીધી. પરન્તુ હાય રે ભાગ્ય, થેલીમાં ફક્ત અર્ધો આનો જ હતો.

એ વાત અમે જણાવી ચૂક્યા છીએ કે ભીમના મતે સ્કૂલના પુસ્તકો ભણવાનું બહુ મહત્ત્વ ન હતું. પરન્તુ બહારના પુસ્તકો બહુ વાંચતા. 'જ્ઞાન' ફક્ત સ્કૂલના પુસ્તકમાં કેદ નથી થયું. સ્કૂલમાંથી છુટતા જ 'ભીમ' પાસેના એક

બગીચામાં એક નિશ્ચિત જગા પર બેસી પોતાના પુસ્તકો વાંચવામાં ડૂબી જતાં. શ્રી કૃષ્ણાજી કેલુસ્કર નામનાં એક સહૃદય અધ્યાપકનું ધ્યાન ‘ભીમ’ની તરફ આકર્ષિત થયું. તેમને ખબર પડી કે ‘ભીમ’ એક ‘અછૂત’ વિદ્યાર્થી છે ત્યારે તેઓ આશ્ચર્યચક્તિ થયા અને પ્રસન્ન પણ થયા. તેઓ ભીમને વાંચવા માટે સારા પુસ્તકો આપવા લાગ્યા.

આ ‘ભીમ’ એટલા મોટા થયા હતા કે તેમને ‘ભીમ’ ન કહેતા ‘ભીમરાવ’ કહેવું યોગ્ય છે. સન 1907માં ભીમરાવે મેટ્રીકની પરીક્ષા પાસ કરી. તેમને 750માંથી 282 ગુણ મળ્યા. એનો અર્થ એ થયો કે તેઓ ત્રીજા વર્ગમાં પાસ થયા. એ સમયે ‘અછૂત’ વિદ્યાર્થી માટે મેટ્રીકની પરીક્ષા પાસ કરવી એ ઓછી મહત્ત્વની વાત ન હતી. એક સભા રાખવામાં આવી. જેમાં ભીમરાવનું ફૂલહારથી સન્માન કરવામાં આવ્યું. આ સભામાં શ્રી કૃષ્ણાજી કેલુસ્કરે કહ્યું, “હું ભીમરાવને જાણું છું. તે એક બુદ્ધિશાળી, તેજસ્વી તથા આશાસ્પદ વિદ્યાર્થી છે. ભીમરાવે કૉલેજમાં દાખલ થઈ ઉચ્ચ શિક્ષણ મેળવવું જોઈએ.” તેમણે લખેલું એક પુસ્તક જેનું નામ ‘બુદ્ધચરિત’ હતું તે ભીમરાવને ભેટમાં આપ્યું. આ પુસ્તકે ભીમરાવ આંબેડકરના મનમાં ભગવાન બુદ્ધ પ્રતિ શ્રદ્ધા અને ભક્તિના બીજ અંકુરિત કર્યા હોય તેમ માની શકાય છે.

આયુ. ભીમરાવ એલ્ફિસ્ટન કૉલેજમાં ઇન્ટરની પરીક્ષા પાસ કરી તો શ્રી રામજી સુબેદારને જેટલો આનન્દ થયો તેટલી ચિંતા પણ થવા લાગી. તેમની આર્થિક સ્થિતિ સારી ન હોવાથી તેઓ બી.એ. સુધી કોઇ પણ રીતે આ ભીમરાવને ભણાવી શકે તેમ ન હતા. શ્રી કેલુસ્કર આ સમયે ઘણા મદદગાર બન્યા.

વિદ્યાપ્રેમી મહારાજા સયાજીરાવ ગાયકવાડ તે સમયે મુમ્બઇ આવ્યા હતા. તેમણે એક સભામાં જાહેરાત કરી હતી કે કોઈ પણ ‘અછૂત’ બુદ્ધિમાન વિદ્યાર્થીને હું આર્થિક સહાય આપવા તૈયાર છું, શ્રી કેલુસ્કર આયુષ્યમાન ભીમરાવને લઈને મહારાજાની પાસે ગયા અને તેમની જાહેરાત યાદ અપાવી. મહારાજા ગાયકવાડે માસિક રૂ. 25/-ની સ્કૉલરશિપ આપી.

1912માં જ આયુ. ભીમરાવે બી.એ.ની પરીક્ષા ત્રીજા વર્ગમાં જ પાસ કરી. તેનું કારણ એ હોઈ શકે કે કૉલેજના પુસ્તકો કરતાં બહારના પુસ્તકોનું તેઓ અધિક વાંચન કરતા હતા.

કૉલેજમાં ભણતા હતા ત્યાં પણ ભીમરાવને ‘અસ્પૃશ્યતા’નો શિકાર બનવું પડ્યું. કૉલેજનો કેન્ટીનવાળો બ્રાહ્મણ હતો. તે ભીમરાવને ચા-પાણી સુદ્ધાં આપતો નહીં. ભીમરાવ કહેતા હતા, ‘સ્કૂલમાં મને પીવાનું પાણી ન મળ્યું, પાણી પીધા વગર કેટલાય દિવસો મેં પસાર કર્યા છે. મુમ્બઇની એલ્ફિસ્ટન કૉલેજમાં પણ આ જ સ્થિતિ મારી હતી.’

કહેવત છે કે ‘રાજાનો આદરસત્કાર પોતાના દેશમાં જ થાય છે, પરન્તુ વિદ્વાનની સર્વત્ર પૂજા થાય છે’ એની સાથે ફક્ત એટલું જ જોડવાનું છે કે ભારતમાં વિદ્વાનોની પૂજા ત્યારે જ થાય છે જ્યારે તે વિદ્વાન હોય; પરન્તુ તેની સાથે તે ‘અછૂત કે શુદ્ર’ ન હોય. ભારતની જનસંખ્યાનો મોટોભાગ ‘અછૂત’ અને શુદ્ર’ જ છે.

મહાત્મા જ્યોતિરાવ ફૂલે અને ડૉ. બાબાસાહેબ આંબેડકરનું સાહિત્ય તેમ જ ભીમ કેલેંડર, આંબેડકરી-બૌદ્ધ સાહિત્ય, ભીમ કથા, બૂક સ્ટોલ માટે સંપર્ક કરો :

પ્રકાશ બેન્કર : 98988 60670 કીર્તિ ચૌહાણ : 9537072020

ધીરેન સોંદરવા : 94270 27915 જતીન મર્ચન્ટ : 97370 59711

## 4

## વડોદરાના નરેશની શિષ્યવૃત્તિ

આપણા દેશમાં મા-બાપને તેમના બાળકોના લગ્ન બાળપણમાં જ કરાવી નાંખવાની ચિંતા હોય છે. ભાગ્યે જ કોઈ દેશના વાલીઓને આવી ચિંતા થતી હશે.

રામજી સુબેદારની માસિક આવક રૂપિયા 50/- હતી. તેમાંથી આખા કુટુંબનો ખર્ચ તથા બન્ને છોકરાઓના ભણતરનો ખર્ચ પણ કાઢવો મુશ્કેલ બન્યો ત્યારે તેમણે આનન્દરાવનો અભ્યાસ બંધ કરાવી, તેમને એક કારખાનામાં નોકરીએ લગાડી દીધા. એનાથી રામજી સુબેદારની આર્થિક સ્થિતિ સુધરવાથી આનન્દરાવના લગ્ન પણ કર્યાં.

આનન્દરાવ પછી ભીમરાવનો વારો આવ્યો. આ માટે તેમણે એક છોકરી પસંદ કરી; પરન્તુ પાછળથી એક બીજી છોકરી વધારે પસંદ આવી. અને પહેલી છોકરીના પિતાને જવાબ આપી દીધો. તેમનું આ પગલું યોગ્ય હતું. છોકરીના પિતાએ રામજી સુબેદાર વિરૂદ્ધ જ્ઞાતિમાં ફરીયાદ કરી. રામજી સુબેદારે પોતાનો ગુનો કબુલ કર્યો. જ્ઞાતિમાં તેમને રૂ. 5/- દંડ થયો. રામજી સુબેદારે રાજીખુશીથી તે દંડ ભરી દીધો. થોડા સમય પછી બીજી છોકરી સાથે ભીમરાવના લગ્ન કર્યાં.

આ બીજી છોકરીની ઉમ્મર લગ્નસમયે 9 (નવ) વર્ષની હતી. તેનું નામ હતું રામીબેન. ભીમરાવની ઉમ્મર 14 વર્ષની હતી. રામીબેન સાસરીમાં આવી ત્યારે રામીબેનમાંથી રમાબેન બની ગયા.

ભીમરાવ જેમ તેમ કરીને બી.એ. પાસ થયાં. હવે નોકરીનો સવાલ સામે આવ્યો. રામજી સુબેદાર ઇચ્છતા હતા કે ભીમરાવ મુમ્બઇમાં જ નોકરી કરે, પરન્તુ ભીમરાવે મહારાજા સયાજીરાવ ગાયકવાડની જે આર્થિક સહાય મળી

હતી, તેનો વિચાર કરી વડોદરા રાજ્યની નોકરી કરવાનો નિશ્ચય કર્યો. ભીમરાવે મહારાજાને પત્ર લખ્યો. મહારાજાએ ભીમરાવને વડોદરા બોલાવી લીધાં. વડોદરા બોલાવ્યા હોવાછતાં તેમણે ભીમરાવનાં રહેવા-જમવાની કોઇ સગવડ કરી ન હતી.

આયુ. ભીમરાવે બી.એ. પાસ કર્યા પછી વડોદરામાં આવ્યા છતાં પણ તેમને અસ્પૃશ્યતાએ ઘણાં જ પરેશાન કર્યા. વડોદરામાં થોડા દિવસો રહ્યા ત્યાં જ તેમના પર તાર આવ્યો.

'પિતાજી બિમાર છે, જલ્દી ઘરે આવો.'

ભીમરાવે બે અઠવાડીયાની રજા લઈ વડોદરાથી મુમ્બઇ પ્રયાણ કર્યું. આ સમયે તે વડોદરામાં મેજિસ્ટ્રેટના પદ પર હતા. વડોદરાથી મુમ્બઇ જતાં રસ્તામાં સુરત સ્ટેશન આવે છે, ભીમરાવની ઇચ્છા થઇ કે સુરત સ્ટેશનથી પિતાજી માટે બરફી લેવી. ભીમરાવ બરફી લેવા સ્ટેશન પર ઉતર્યા કે તુરત જ ગાડી ચાલું થઈ ગઈ. ભીમરાવ બીજી ગાડીમાં મુમ્બઇ પહોંચ્યા, ઘેર પહોંચતા જોયું કે પિતાજી મરણપથારીએ હતા. બધા લોકો તેમની આજુબાજુમાં બેઠાં હતા. ભીમરાવને જોઈને પિતાજીને સંતોષ થયો. રામજી સુબેદારે ભીમરાવના માથા અને પીઠ પર હાથ ફેરવ્યો અને ત્યાર પછી તેમણે હમ્મેશ માટે આંખો બંધ કરી દીધી. એવું લાગ્યું કે ભીમરાવની જ પ્રતીક્ષામાં અટક્યા હતા. ભીમરાવને સુરતમાં ગાડી છૂટી જવાને કારણે વિલંબથી મુમ્બઇ પહોંચ્યા તેનું દુઃખ થયું. તેઓ ઘણા સમય સુધી ચોધાર આંસુએ જોર-જોરથી રડ્યા.

વડોદરાના નરેશ સયાજીરાવ એ સમયે મુમ્બઇ આવ્યા હતા. તેઓ ઊચ્ચશિક્ષણ માટે કેટલાક વિદ્યાર્થીઓને પરદેશ મોકલવા માંગતા હતા. વડોદરા પાછા ફરતાં પહેલા ભીમરાવે વિચાર્યું કે મહારાજાને મળી તેમના રહેવા-

જમવાની જે મુશ્કેલી છે તે સમ્બન્ધમાં વાત કરે. પરન્તુ મહારાજાને મળ્યા તો તેમણે તેમની વાત સાંભળ્યા પછી તેનો જવાબ આપ્યા વગર એક પ્રશ્ન પૂછ્યો, “હું તમને ઉચ્ચ શિક્ષણ મળે તે માટે અમેરિકા મોકલવા ઇચ્છું છું, શું તમે અમેરિકા જવા તૈયાર છો?”

ભીમરાવનો જવાબ હતો, “જો આપની એવી ઇચ્છા હોય તો હું અવશ્ય જઈશ.”

મહારાજાએ કહ્યું, “તમે શિક્ષણમંત્રીને વિદેશમાં અભ્યાસ કરવા બાબતની અરજી આપો અને તેની મને પણ માહિતી આપો.”

ભીમરાવ ઘણાં જ ખુશ થયા. તેઓએ ઘેર આવી તુરત જ અરજી લખી મોકલાવી. ત્રણ વર્ષ માટે વિદેશમાં અભ્યાસ કરવા માટેની શિષ્યવૃત્તિ મળી ગઈ. આવી વ્યવસ્થા થાય તે પહેલા ભીમરાવે એક એકરારનામાં પર હસ્તાક્ષર કરવા પડ્યા કે અમેરીકામાં જેટલો સમય રહે ત્યાં સુધીનો સંપૂર્ણ ખર્ચ વિદ્યાભ્યાસ માટે જ કરવો અને દેશમાં પાછા આવે ત્યારે પુરા દશ વર્ષ વડોદરા નરેશની નોકરી કરવી.

ભીમરાવે આ શરત મંજૂર રાખી. દેશ છોડતા પહેલા મહારાજાને મળી તેમની કૃપા માટે કૃતજ્ઞતા પ્રગટ કરી.

અમેરિકા જવાની વાત પાકી થઈ ગઈ. પિતાજી ન રહેવાથી અમેરિકાના પ્રવાસ અંગે ચિંતા સવાર થઈ. ભીમરાવે વડોદરાના શિક્ષણ વિભાગમાંથી પોતાની શિષ્યવૃત્તિમાંથી કેટલાક પૈસા એડવાન્સ લીધા, તેમાંથી થોડાક પૈસા આનન્દરાવને આપી વિદ્યાભ્યાસ માટે વિદેશ ચાલી નીકળ્યા.

પરિવારમાં એકલા આનન્દરાવ જ કમાનાર હતા; પરન્તુ ખાનારાં દસ-બાર હતા.

❋

## લંડનમાં અધૂરો અભ્યાસ

21 જુલાઇ, 1913માં ભીમરાવ ન્યુયોર્ક (અમેરિકા) પહોંચ્યા અને કોલંબિયા વિશ્વવિદ્યાલયમાં દાખલ થયા. અહીં પહેલા તો તેઓ ‘હાર્ટલે હોલ’ નામની એક હોસ્ટેલમાં રહ્યા, પરન્તુ અહીંયા તેમને ફાવ્યું નહીં. એક અઠવાડિયામાં આ સ્થાન છોડી તેઓ ‘કોસ્મોપોલિટન ક્લબ’માં જઈને રહેવા લાગ્યા. કોસ્મોપોલિટન (cosmopolitan) શબ્દનો અર્થ છે કે બધા દેશોના લોકો જેમાં રહેતા હોય તે સ્થળ. અહીંયા ઘણા ભારતીય વિદ્યાર્થીઓ રહેતા હતા. તેમાં એક હતા શ્રી દિક્ષીત. તેઓ સતારા હાઇ સ્કૂલમાં ભીમરાવના સહાધ્યાયી હતા.

હવે ભીમરાવ હિન્દુસ્તાનમાં નહીં અમેરિકામાં હતા. હિન્દુસ્તાનની ‘અસ્પૃશ્યતા’નો અભિશાપને અહીં કોઈ જાણતું ન હતું. કોઇ માનતું ન હતું. ભીમરાવ અન્ય સર્વ વિદ્યાર્થીઓ સાથે બરોબરીનો વ્યવહાર કરતા હતા. અને અન્ય વિદ્યાર્થીઓ પણ ભીમરાવ સાથે બરોબરીનો વ્યવહાર કરતા હતા. અમેરિકા પહોંચ્યા પછી ભીમરાવને લાગ્યું કે અહીંયા વાંચવા-લખવાની બાબતમાં સ્વતંત્રતા છે. ઇચ્છા થાય તે વાંચો-વાંચતા જ રહો.

ભીમરાવ આંબેડકર કોલંબિયા યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા હતા તે સમયે દિવસના 24માંથી 16-16 કલાક વાંચતા હતા. બાકીના આઠ કલાકમાં નહાવું, ખાવું, પીવું, ઉંઘવું વગેરે કરતા. કોલંબિયા યુનિવર્સિટીના પુસ્તકાલયમાં સૌથી પહેલાં પહોંચી જતા અને સૌથી છેલ્લા બહાર નીકળતા. તેઓ જે વિષય વાંચતા તેના ઊંડાણમાં પહોંચી જતા અને તેને સમજવાનો પ્રયત્ન કરતા. પછી જે બાબતો તેમને મહત્ત્વની લાગતી તેને પોતાની ડાયરીમાં નોંધ કરી લેતાં. ન્યુયોર્કનું કોઇ પણ પુસ્તકાલય એવું ન હતું કે જ્યાં ભીમરાવ આંબેડકર પહોંચ્યા

ન હોય, કોલંબિયા યુનિવર્સિટીના અર્થશાસ્ત્રના પ્રોફેસર સેલિંગ્મન તેમના શિષ્ય ભીમરાવને કઠોર પરિશ્રમ કરતા જોતા ત્યારે ઘણા જ પ્રસન્ન થતાં. એકવાર તેમણે કહ્યું, "ભીમરાવ ન કેવળ ભારતીય વિદ્યાર્થીઓમાં બુદ્ધિમાન છે, પરન્તુ અમેરિકાના વિદ્યાર્થીઓમાં પણ તેમના જેવો કોઈ બીજો વિદ્યાર્થી નથી." સાચા અધ્યાપક કોઈ પણ શિષ્યના પરિશ્રમ અને લગન જોઈને જ તેના પર પ્રસન્ન થાય છે.

તમે જાણવા માંગતા હશો કે ભીમરાવ આંબેડકર અમેરિકામાં કયા કયા વિષયનો અભ્યાસ કરવા માટે ગયા હતા ? તેઓ ત્યાં અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, ઇતિહાસ, દર્શનશાસ્ત્ર તથા નૃવંશશાસ્ત્રનો અભ્યાસ કરવા ગયા હતા. જ્યારે મુમ્બઇમાં મહારાજા સયાજીરાવ ગાયકવાડે તેમને પૂછ્યું કે તમે કયા કયા વિષયોનો અભ્યાસ કરવાનું પસંદ કરશો, તો તે સમયે પણ ભીમરાવ આંબેડકરનો જવાબ હતો. સમાજશાસ્ત્ર-અર્થશાસ્ત્ર વગેરે.

મહારાજાએ પૂછ્યું, "આ વિષયો ભણીને તમે શું કરશો ?"

ભીમરાવ : "આ વિષયોનો અભ્યાસ કરી હું મારા સમાજના પતનના કારણોને શોધીશ, ત્યારપછી સમાજ સુધારાનું કાર્ય કરીશ."

અમેરિકામાં ભીમરાવ આંબેડકરને આ બધા વિષયોનો ઉંડાણથી અભ્યાસ કરવાનો અવસર મળ્યો હતો જેનો તેમણે પૂરો લાભ ઉઠાવ્યો.

જે સમયે તેઓ અમેરિકામાં દિવસ રાત પોતાના અભ્યાસમાં ડૂબેલા હતા ત્યારે તેમની મુલાકાત પ્રસિદ્ધ દેશભક્ત લાલા લજપતરાય સાથે થઈ. લાલાજી તે સમયે અમેરિકામાં વસતા ભારતીય વિદ્યાર્થીઓ અને બીજા લોકોને અંગ્રેજ હકૂમત વિરુદ્ધ સંગઠિત કરવાના કામમાં લાગેલા હતા. લાલાજીએ ભીમરાવ આંબેડકરને પોતાના કામમાં સાથી બનાવવાની ઘણી કોશિશ કરી, પરન્તુ

ભીમરાવ આંબેડકર લાલાજીના ચક્કરમાં ન ફસાયા. તેમનું કહેવું હતું કે, "હું કેવળ અભ્યાસ માટે અહીં આવ્યો છું એટલે તમામ સમય અભ્યાસમાં જ આપીશ."


લાલા લજપતરાય અમેરિકામાં જે ખટપટ કરી રહ્યા હતા તેનાથી દૂર રહેવાનું બીજું કારણ પણ હતું. કયું હતું એ કારણ? લાલા લજપતરાયનું ધ્યાન તે સમયે અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત થવાનું હતું. જ્યારે ભીમરાવ આંબેડકરનું ધ્યાન કેન્દ્રીત હતું, પોતાના ગરીબ - દલિત - અસ્પૃશ્ય બનેલા ભાઈઓને બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અર્થાત્ સવર્ણોની ગુલામીમાંથી "મુક્ત" કરવાનું. ભીમરાવ આંબેડકરે આગળ જતાં આજ કાર્ય કરવાનું હતું.

લગભગ બે વર્ષના કઠિન પરિશ્રમ પછી સને 1915ના જૂન મહિનામાં ભીમરાવ આંબેડકરને એમ.એ.ની ડિગ્રી મળી અને તેના થોડાક સમય પછી તેઓ પીએચ.ડી. (ડૉક્ટર ઑફ ફિલોસોફી) પણ થઈ ગયા. પીએચ.ડી. અર્થાત્ ડૉક્ટર ઑફ ફિલોસોફી પદવી માટે દરેક વિદ્યાર્થીએ એક શોધ નિબંધ લખવો પડે છે. તેમાં કોઈ નવીન શોધ અવશ્ય હોય છે. ડૉ. ભીમરાવ આંબેડકરે 'બ્રિટીશ- ભારતમાંની પ્રાંતિય આર્થિક ઉત્ક્રાંતિ' વિષયમાં તેમણે શોધ ગ્રંથ લખ્યો. યુનિવર્સિટીએ તેને માન્યતા આપી અને ભીમરાવ આંબેડકરને પોતાના માટે ડૉક્ટર લખવાનો અધિકાર મળી ગયો. પરન્તુ ત્યારે પણ એક મોટી કાયદાકીય મુશ્કેલીના કારણે તેમને વિધિવત 'ડૉક્ટર' ઘોષિત કરવામાં આવ્યા નહીં. ભીમરાવ આંબેડકર પાસે પોતાનો ગ્રંથ છપાવવાના પૈસા ન હતા. 1927માં ડૉ. ભીમરાવ આંબેડકરે લખેલો આ ગ્રંથ થોડા જુદા જ નામથી ઇંગ્લેન્ડમાં પ્રકાશિત થયો, ત્યારે કોલંબિયા યુનિવર્સિટીએ ડૉ. ભીમરાવ આંબેડકરને

'ડૉક્ટર'ની પદવી માટેની કાયદેસરની જાહેરાત કરી. ડૉક્ટર તો તેઓ દસ વર્ષ પહેલા જ બન્યા હતા. અત્યારે તો ફક્ત તેની વિધિવત ઘોષણા થઈ.

ડૉ. ભીમરાવ આંબેડકરે અમેરિકાથી ભારત પાછા ફરતા પહેલાં ઈંગ્લેન્ડ જઈને ત્યાં અર્થશાસ્ત્રનો અભ્યાસ પુરો કરવાનો નિર્ણય કર્યો. તેમણે વડોદરાના શિક્ષણ વિભાગના અધિકારીઓને તેમની શિષ્યવૃત્તિ બે વર્ષ આગળ વધારવા અરજી લખી મોકલવી. શિક્ષણ અધિકારીઓએ તેની મંજુરી આપી નહીં. ત્યારબાદ બે વર્ષ માટે મહારાજાને વિનંતી કરી. તેમણે એક વર્ષની પરવાનગી આપી.

ડૉ. ભીમરાવ આંબેડકરને પોતાનો લંડનનો અભ્યાસ અધૂરો પડતો મૂકી લંડનથી મુમ્બઇ પાછા ફરવું પડ્યું.



## 6

# અપમાનની પરાકાષ્ઠા

જો ડૉ. ભીમરાવ આંબેડકર પાસે પૈસા હોત અથવા જો વડોદરાની સરકારે બે વર્ષ માટે તેમની શિષ્યવૃત્તિ મંજૂર કરી હોત તો, તેઓ ભારત પાછા ન ફરત, પરન્તુ મજબૂર બની ભારત પાછા ફરવું પડ્યું.

તેઓ લંડનથી પાછા ફર્યા ત્યારે તેમણે એક જહાજમાં પુસ્તકો તથા સામાન મોકલ્યો. તથા બીજા જહાજમાં તેઓ સ્વયં આવ્યા. લડાઈના દિવસો હતા. જે જહાજમાં તેમના પુસ્તકો હતો તે જહાજને કોઈ જર્મન સબમરીને ડૂબાડી દીધું. ડૉ. ભીમરાવ આંબેડકર સ્વયં તે જહાજમાં ન હતા. એ અદ્‌ભુત વાત હતી. તેઓ સકુશળ ભારત આવ્યા. પુસ્તકો તથા સામાનને નુકસાન થવાથી ડૉ. ભીમરાવ આંબેડકર ઘણાં દુ:ખી થયા. પરન્તુ તેમણે જે સામાન લંડનથી મોકલેલો તેનો વીમો ઉતરાવેલો હતો. વીમા કંપનીવાળાએ રૂ. 500/- ચૂકવી તેમનું નુકશાન ભરપાઈ કર્યું. તે સમયે આ 500/- રૂપિયા ડૉ. ભીમરાવ આંબેડકર માટે મહત્ત્વના કામમાં આવ્યા.

લંડનથી પાછા ફર્યા બાદ ડૉ. ભીમરાવ આંબેડકર મુમ્બઇમાં કોઈ નોકરીની  શોધ કરી શક્યા હોત...! પરન્તુ વડોદરા સરકારના પૈસા લઈ અમેરિકા એ શરતે ગયા હતા કે પાછા આવ્યા બાદ દસ વર્ષ સુધી વડોદરા રાજ્યની નોકરી કરશે. જેને ડૉ. આંબેડકરે પોતાનું કર્તવ્ય સમજ્યું.

તેઓ મુમ્બઇથી વડોદરા ગયા. વડોદરામાં નોકરી તો મળી. પરન્તુ રહેવા માટે જગ્યા ન મળી. મહારાજાની ઇચ્છા હતી કે ડૉ. આંબેડકરને પોતાના નાણામંત્રી બનાવે, પરન્તુ જ્યાં સુધી તેમને આ પદ ન મળે ત્યાં સુધી

મહારાજાએ લશ્કરના સલાહકારનું પદ આપ્યું. મહારાજાએ ડૉ. ભીમરાવ આંબેડકરને પદ તો અવશ્ય આપ્યું. પરન્તુ પ્રતિષ્ઠા અપાવી શક્યા નહીં.

જ્યારે ડૉ. આંબેડકર વડોદરા પહોંચ્યા ત્યારે તેમને કોઈ હિન્દુ હોટલવાળાએ પોતાને ત્યાં રહેવાની જગ્યા આપી નહીં, તથા કોઈ મુસ્લીમ હોટલવાળાએ પણ ન રહેવા દીધા. ‘અછૂત’ હોવાને કારણે તેમને કોઈ મકાન ભાડે આપવા તૈયાર ન હતું. સ્વયં ડૉ. આંબેડકરે મહારાજા તથા મહામંત્રીને તેમના રહેવાની વ્યવસ્થા કરવાનું કહ્યું. પરન્તુ કોઇએ એ તરફ ધ્યાન ન આપ્યું. કોઇ બીજો રસ્તો ન મળતા ડૉ. આંબેડકરે એક પારસી નામ ધારણ કરી, જહાંગીરી હોટલવાળાની પારસી ધર્મશાળામાં રહેવા લાગ્યા.

મહારાજા સયાજીરાવ ગાયકવાડે ડૉ. આંબેડકરને પોતાના નાણામંત્રી બનાવવા ઇચ્છતા હતા. આથી એ આવશ્યક હતું કે બધા જ વિભાગોની જાણકારી તેમણે મેળવી લેવી. પરન્તુ સરકારી વિભાગોના સરકારી નોકરોને જાણ થઈ કે મહારાજા એક ભણેલા ‘મહાર’ને લઇ આવ્યા છે અને તેને તેમના માથા ઉપર બેસાડવા માંગે છે, ત્યારે તેમનામાં પણ અંદરોઅંદર હવે શું કરવું તે અંગેની ચડભડ શરૂ થઈ ગઈ. તેમનો ધર્મ તેમને જે શિક્ષણ આપતું હતું તે જ તેઓ કરી શકતા હતા. અર્થાત્ એક ‘અછૂત’નું ભયંકર અપમાન. વડોદરાના સર્વ સવર્ણ હિન્દુઓએ આ જ કર્યું.

કોઈ મંત્રીનો પટાવાળો તેના વિભાગની ફાઈલ લાવીને ડૉ. આંબેડકરને આપવાની થાય છે. તેમ કરવાને બદલે તે મામૂલી પટાવાળો ડૉ. આંબેડકરના ટેબલ ઉપર એવી રીતે ફેંકતો, માનો કે તે ટેબલ જ તેને ખાઈ જશે. સચિવાલયના અધિકારીઓની એક કલબ હતી. અહીંયા બધા લોકો હસતા-બોલતા-રમતા હતા. ડૉ. આંબેડકર પણ ત્યાં જવા-આવવા લાગ્યા. તો તેમને

સ્પષ્ટ કહી દેવામાં આવ્યું કે તમારે અહીંની કોઇ પણ રમતમાં ભાગ લેવો નહીં. અહીંયા આવવું હોય તો એક ખૂણામાં શાંત બેસી રહેવું.

કોઇ પણ સામાન્ય વ્યક્તિનું આનાથી વધારે અપમાન કયું હોઈ શકે? ડૉ. ભીમરાવ આંબેડકરે આ અપમાનને સહી લીધું. આ સિવાય તેઓ શું કરી શકત ? બત્રિસ દાંતની વચ્ચે જીભની જેવી હાલત છે તેવી જ તેમની હાલત હતી. વડોદરામાં આ વાત સર્વત્ર ફેલાઈ ગઈ કે મહારાજા એક ભણેલા 'મહાર'ને લઈ આવ્યા છે. અને તેને કોઈ મોટો હોદ્દો આપવાના છે. ડૉ. ભીમરાવ આંબેડકર બનાવટી પારસી નામ સાથે કેટલા દિવસ કોઈ ધર્મશાળામાં રહી શકે ? પારસીઓને જાણ થઈ ત્યારે તેઓ લાકડીઓ લઈને ધર્મશાળાને ઘેરી વળ્યા, ત્યારે શું બન્યું ? એની કથા સ્વયં ડૉ. ભીમરાવ આંબેડકરે મુમ્બઇમાં કલ્યાણની એક જાહેરસભામાં કહી સંભળાવી હતી.

તેમણે કહ્યું, "વડોદરામાં કોઈ પણ હિન્દુ કે મુસલમાન હોટલમાં રહેવા માટે મને જગા ન મળી ત્યારે એક પારસી ધર્મશાળામાં પારસી બની રહેવાનું વિચાર્યું. વિલાયતથી પાછા આવ્યા બાદ મારો રંગ ગોરો થયો હતો. ધર્મશાળાના ચોકીદારે મને પારસી સમજીને રોજના રૂ. 2/- લઈને રહેવા માટે રૂમ આપ્યો હતો. હું પારસીની એ ધર્મશાળામાં વધારે દિવસ રહી ન શકયો. એક દિવસ પંદર-વીસ પારસીઓ હાથમાં લાકડીઓ લઇ આવી પહોંચ્યા.

તેમણે આવતાની સાથે જ પૂછ્યું- 'તમે કોણ છો ?' મારો જવાબ હતો - 'હિન્દુ'. પરન્તુ તે જવાબથી તેમનું સમાધાન થયું નહીં. તેમણે મારી સાથે તું-તારી કરી અને આ જગા ખાલી કરવાનું કહ્યું. મેં મનોબળથી કામ લીધું. ધર્મશાળાની જગ્યા ખાલી કરવાની મુદત માંગી કહ્યું, "આઠ કલાકની અંદર જગા ખાલી કરી આપીશ." તેમણે મુદતની મંજુરી આપી દીધી. મેં ઘણાં પ્રત્યેનો

કર્યા છતાંય મને મોં છુપાવવા માટે ક્યાંય રહેવાનું સ્થળ ન મળ્યું. કેટલાય મિત્રો પાસે ગયો. બધાએ કોઈને કોઈ વાત ઉપજાવી કાઢી. હું એ વખતે એટલો બધો હેરાન થઈ ગયો હતો કે મારે આગળ શું કરવું એ જ સમજ પડતી ન હતી ! હું એક જગાએ બેસી ગયો. મારી આંખમાં આંસુ ભરાઈ આવ્યા.

ડૉ. ભીમરાવ આંબેડકર 'હિન્દુ' હોવા છતાં તે હિન્દુઓ જેઓ મુસલમાનો સાથે બેસે-ઉઠે છે. પારસીઓ સાથે પણ તેવી જ રીતે બેસે છે, ઊઠે છે, તેઓએ ડૉ. ભીમરાવ આંબેડકર સાથે જે અન્યાયપૂર્ણ વ્યવહાર કર્યો તેને ક્યારેય ભૂલી શકાય તેમ નથી.

પારસીઓ જેઓ 'હિન્દુ' ધર્મમાં માનતા નથી. તેમણે પણ ડૉ. ભીમરાવ આંબેડકર સાથે અમાનવીય વ્યવહાર કર્યો હતો.

ડૉ. ભીમરાવ આંબેડકરનો એક જ અપરાધ હતો કે તેઓ 'અછૂત' હોવા છતાં પોતાની જાતને 'હિન્દુ' કહેવડાવતા હતા.

જ્યારે વડોદરા નરેશ સયાજીરાવ ગાયકવાડને અનેકવાર જાણ કર્યા છતાં આટલા મોટા વડોદરા શહેરમાં ડૉ. ભીમરાવ આંબેડકરની રહેવાની વ્યવસ્થા કરી ના શક્યા ત્યારે ડૉ. ભીમરાવ આંબેડકર નિરાશ થઈને વડોદરાથી મુમ્બઇ પાછા આવ્યા.

મહારાજા સયાજીરાવ એક ઉદાર નરેશ હતા. એમાં શંકા નથી, પરન્તુ આખરે તેઓ પણ હતા તો હિન્દુ જ.

જ્યારે ડૉ. ભીમરાવ આંબેડકર મુમ્બઇ આવ્યા અને મુમ્બઇમાં જ રહ્યાં તો વડોદરાના અધિકારીઓએ ફરીયાદ કરી કે ડૉ. ભીમરાવ આંબેડકર પોતાના વચન પ્રમાણે નોકરીમાં રહ્યા નથી.

આને કહે છે દાઝ્યા પર ડામ દેવા. ❅

## 7

## નોકરી માટે ખટપટ

ડૉ. ભીમરાવ આંબેડકર મુમ્બઇ પરત આવ્યા છતાં તેમનું મન વડોદરામાં જ હતું. તેઓ ઇચ્છતા હતા કે વડોદરા રાજ્યની સરકારને જે વચન તેમણે આપ્યું છે તે પૂરૂ કરે. મુમ્બઇ આવ્યા પછી સઘળી આપવીતી શ્રી કૃષ્ણાજી કેલુસ્કરને સંભળાવી, વડોદરાના પ્રો. જોષી જેઓ શ્રી કેલુસ્કરના મિત્ર હતા તેઓ પોતાનો પરિચય પ્રગતિશીલ તરીકે આપતા કહ્યું, “હું અસ્પૃશ્યતામાં માનતો નથી. ડૉ. ભીમરાવ આંબેડકર મારા ઘરમાં રહી શકે છે.”

શ્રી કેલુસ્કર બોલ્યા, “તમે હવે વડોદરા જઈ શકો છો, તમારી રહેવાની વ્યવસ્થા થઈ ગઈ છે.”

ડૉ. ભીમરાવ આંબેડકર વડોદરામાં અપમાનિત થવા છતાં પણ શ્રી કેલુસ્કર સાહેબનો પત્ર લઈ વડોદરા રવાના થયા. તેમને તો વડોદરા સરકારને આપેલું વચન પાળવું હતું.

શ્રી કેલુસ્કરે પ્રો. જોષીને સુચના આપી કે, ડૉ. ભીમરાવ આંબેડકર અમુક ગાડીમાં આવી રહ્યા છે. ડૉ. ભીમરાવ આંબેડકર વડોદરા સ્ટેશન ઉપર ઉતર્યા તો પ્રો. જોષી તો ક્યાંય સ્ટેશન ઉપર દેખાયા નહીં, હાં, તેમનો નોકર તેમની પ્રતિક્ષા કરી રહ્યો હતો.

નોકરે ડૉ. ભીમરાવ આંબેડકરને પ્રો. જોષીનો પત્ર આપ્યો. પત્રમાં લખ્યું હતું ‘તમે મારા ઘેર ન આવશો, હું અસ્પૃશ્યતામાં માનતો નથી પરન્તુ મારી પત્ની જૂનવાણી વિચારની છે. તે અસ્પૃશ્યતામાં માને છે. હું મજબૂર છું, મારી પત્નીને પસંદ નથી કે તમે મારા ઘરમાં રહો.’

ડૉ. આંબેડકરનું મોં પડી ગયું. તુરત જ વળતી ગાડીમાં મુમ્બઇ પાછા ફર્યા.

તે સમયે ડૉ. ભીમરાવ આંબેડકરની અપરમાતાનું અવસાન થયું. જે સમયે રામજી સુબેદારે બીજી પત્નિ જીજાબાઈ સાથે લગ્ન કર્યા ત્યારે ડૉ. આંબેડકરે જોયું હતું કે તેમની માતાના દાગીના જીજાબાઇએ પહેર્યાં છે. ત્યારથી તેમને જીજાબાઈ પ્રત્યે પ્રેમ ન રહ્યો હતો. એટલા માટે તેમના અવસાનનો કોઈ શોક ન પળાયો. તો પણ ડૉ. ભીમરાવ આંબેડકરે તેની ઉચિત રીતથી અંતિમ ક્રિયા કરાવી.

ડૉ. ભીમરાવ આંબેડકરે નોકરી મેળવવા ઘણી કોશીશ કરી. પરન્તુ જ્યાં જુઓ ત્યાં અસફળતા જ મળી. તેમને એક ટ્યુશનનું કામ મળી ગયું. તે પણ તરત જ છૂટી ગયું. તેમને અર્થશાસ્ત્રનું સારૂ જ્ઞાન હતું. મુમ્બઇના શેર બજારના વેપારીઓને સલાહ આપવા માટે તેમણે પોતાની એક કંપની શરૂ કરી. જેમાં શરૂઆતમાં તો આવક સારી રહી, પરન્તુ તેમની પાસે આવનારાઓને જાણ થઈ કે તેમને સલાહ આપનાર વિદ્વાન હોવા છતાં એક ‘મહાર’ છે, તો તેમણે તેમની સલાહ લેવાનું બંધ કરી નાંખ્યું. ડૉ. ભીમરાવ આંબેડકરને પોતાની કંપનીનું પાટીયું બદલવું પડ્યું.

નોકરી માટે ઘણી જગ્યાએ તપાસ કરી, પરન્તુ તમામ જગ્યાએ અસફળતા જ મળી. ડૉ. ભીમરાવ આંબેડકર સવારે માત્ર ચા પીને નીકળી પડતા અને દિવસભર જ્યાં-ત્યાં ભટકતા, પરન્તુ કોઈ પણ તેમને પગ મૂકવા દેતું નહીં. પ્રસિદ્ધ સમાચારપત્ર ‘રિડર્સ ડાયજેસ્ટે’ ડૉ. ભીમરાવ આંબેડકરની તે સમયની સ્થિતિનું વર્ણન આ શબ્દોમાં કર્યું છે.

‘ક્યારેક કોઈ કામ મળી જાય તો મળી જાય, નહીં તો ભારતના શિક્ષિત બેરોજગારોમાંથી એક ડૉ. ભીમરાવ આંબેડકર લગભગ પુરા દોઢ વર્ષ સુધી બેરોજગાર રહ્યા. દરિદ્ર અવસ્થામાં, અત્યંત દુઃખી રહ્યા.’

આ તમામ કિમ્મત ડૉ. ભીમરાવ આંબેકરને પોતે ‘અછૂત’ હોવાને કારણે તથા ‘હિન્દુ’ હોવાને કારણે ચૂકવવી પડી હતી. એક-એક દિવસ કપરો પસાર થઈ રહ્યો હતો. ડૉ. ભીમરાવ આંબેડકરને લંડન જઈ અધૂરો અભ્યાસ પૂરો કરવાનો કોઇ રસ્તો જડતો ન હતો. ડૉ. ભીમરાવ આંબેડકરે ચાર પૈસા કમાવવા તેમના લખેલા બે પુસ્તકો પ્રકાશિત કર્યા. આ પુસ્તકોથી પણ તેમને પૈસા ના મળ્યા. પરન્તુ પાસે જે કાંઈ મૂડી હતી તે પણ ખર્ચાઈ ગઈ.

આમ છતાં ડૉ. ભીમરાવ આંબેડકર હિમ્મત હાર્યા નહીં. તેમના બે જ કામો રહ્યા હતા. કંઈ પણ કરીને પૈસા કમાવવા તથા સાથોસાથ નોકરીની શોધ કરતાં રહેવું. તથા જ્યારે પણ સમય મળે ત્યારે પુસ્તકાલયમાં જઈ, બેસતા-વાંચતા અને લખતાં.

આ સમયે સાંભળ્યું કે મુમ્બઇની સરકારી સિડનહામ કૉલેજમાં અર્થશાસ્ત્રના એક પ્રોફેસરની જરૂરત છે. તેમણે તરત જ અરજી આપી દીધી. આ કૉલેજની સ્થાપના લૉર્ડ સિડેનહામના નામથી થઈ હતી. લૉર્ડ સિડેનહામ પહેલા મુમ્બઇના ગવર્નર રહી ચૂક્યા હતા. ડૉ. ભીમરાવ આંબેડકર તેમને લંડનમાં મળી ચૂકયા હતા. ડૉ. ભીમરાવ આંબેડકરે એક પત્ર લખી લૉર્ડ સિડનહામને જણાવ્યું કે, આ પદ માટે તેમની ભલામણ કરે. લૉર્ડ સિડેનહામે રાજી-ખુશીથી ભલામણ કરી દીધી અને ડૉ. ભીમરાવ આંબેડકર સિડેનહામ કૉલેજમાં અર્થશાસ્ત્રના પ્રોફેસર નિમાયા, તેઓનો પગાર હતો માસિક રૂ. 450/-. જે કોઈ પણ રીતે ઓછો ન હતો.

આ એ સમયની વાત છે. જ્યારે એક રૂપીયામાં એક શેર ઘી મળતું હતું.

ડૉ. ભીમરાવ આંબેડકર પ્રોફેસર બન્યા પછી ઘરના તમામ માણસો પ્રસન્ન થયા, પરન્તુ સૌથી વધારે પ્રસન્નતા તેમની પત્ની રમાબાઈને થઇ. તેમણે વિચાર્યું

કે હવે ઘરસંસાર આરામથી ચાલશે. બિચારીને શી ખબર કે ડૉક્ટર જેટલો પ્રેમ તેમને કરતા હતા તેનાથી જરા પણ ઓછો પ્રેમ તેમને અભ્યાસ પ્રત્યે ન હતો. નોકરીની આ ખટપટ પોતાના લંડનના અધૂરા અભ્યાસની ખર્ચની વ્યવસ્થા માટે જ કરી હતી.

ડૉ. ભીમરાવ આંબેડકર કૉલેજ જવા-આવવા તથા ચા-પાણીના એક દિવસના તે સમયે 20 પૈસાથી વધારે ખર્ચ કરતા ન હતા. પુસ્તકો ખરીદવાનું બિલકુલ બંધ હતું ઘર ખર્ચ માટે રૂ. 50/- કે 60/- આપતા હતા. તેઓ કોઇને કોઇ પણ પ્રકારનો ખોટો ખર્ચ કરવા દેતા ન હતા. આ પ્રકારે એક-એક પૈસો જમા કરીને ડૉ. ભીમરાવ આંબેડકર બે વર્ષમાં રૂ. 7,000/- જમા કર્યા.

તેમની આ કરકસર પત્નિને ગમતી ન હતી. વિચારતી હતી કે કુદરતે આટલું બધું આપ્યું છે તો કરકસર શા માટે? તેમની સૌથી મોટી ઇચ્છા ઘરસંસાર સુખેથી ચલાવવાની હતી. તેઓ સમજી શક્યા નહીં કે ડૉ. ભીમરાવ આંબેડકરના મનમાં એક અગ્નિ પ્રજ્જવલીત થઈ રહી હતી. વધારેમાં વધારે જ્ઞાન સંગ્રહ કરી ‘જાતિસેવા’ કરવાનો અગ્નિ.

બન્નેની દષ્ટિમાં આકાશ જમીનનું અંતર હતું, પરન્તુ પ્રેમ ભરપૂર હતો. ડૉ. ભીમરાવ આંબેડકર રમાબાઈને પ્રેમથી ‘રામુ’ કહીને બોલાવતા હતા. તેણી ધાર્મિકવૃત્તિની પતિ-પરાયણ સ્ત્રી હતી.

ડૉ. ભીમરાવ આંબેડકરને રમાબાઈથી ત્રણ સંતાનો થયા. યશવંત, રમેશ, ગંગાધર. જેમાંથી રમેશ અને ગંગાધર તો નાની ઉમ્મરમાં જ મૃત્યુ પામ્યા હતા. આગળ જતાં બે સંતાનો થયા તે પણ અલ્પજીવી રહ્યા. ડૉ. ભીમરાવ આંબેડકરની કીર્તિને જાળવી રાખવા માટે એકમાત્ર પુત્ર શ્રી યશવંતરાવ આંબેડકર, સૌભાગ્યથી જીવિત રહ્યા. ❋

## 8

# વર્ણ વ્યવસ્થા કે મરણ વ્યવસ્થા

જે વર્ણ-ભેદ, જાત-પાત, અસ્પૃશ્યતાના કારણે ડૉ. ભીમરાવ આંબેડકરને કઠીન આપત્તિઓમાંથી પસાર થવું પડ્યું હતું. શું આપણા દેશમાં તેને દૂર કરવાનો પ્રયાસ, તેને નાબૂદ કરવાની કોશિશ ક્યારેય થઈ નથી? કેમ નથી થઈ. આ દેશમાં સૌથી પહેલા જો કોઇએ પ્રયત્ન કર્યો હોય તો તે હતા સ્વયં ભગવાન બુદ્ધ. તેમના વિરોધીઓ તેમની બાબતમાં કહેતા હતા કે, 'આ શ્રમણ ગૌતમ ચારે વર્ણના લોકોને સમાનરૂપથી શુદ્ધ માને છે.'

ભારતમાં પ્રાચીન સમયથી બે વિચારધારાઓ, બે સંસ્કૃતિઓ ચાલી આવે છે. એક છે 'બ્રાહ્મણ સંસ્કૃતિ' અને બીજી છે 'શ્રમણ સંસ્કૃતિ'. 'બ્રાહ્મણ સંસ્કૃતિ'નું કહેવું છે કે, 'અછૂત' તો 'અછૂત' જ છે. જેનો 'સ્પર્શ' થઈ જવાથી 'પાપ' લાગે છે. આ બધા લોકો (અછૂતો) પહેલાં, બૌદ્ધ ધર્મના અનુયાયી હતા. બ્રાહ્મણ સંસ્કૃતિએ તેઓને ચમાર, ભંગી વગેરે કામ કરવા માટે ફરજ પાડી. બીજા જે કરોડો લોકો છે જેને 'શુદ્ર' કહેવામાં આવે છે. તેઓ વાળંદ, લુહાર, કુંભાર વગેરેનું કામ કરે છે. તેને બ્રાહ્મણ, ક્ષત્રિય તથા વૈશ્યના 'સેવક'નો દરજ્જો આપ્યો. બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યને દ્વિજ નામ આપ્યું. તેમ જ શુદ્ર તથા અછુતો પાસેથી તમામ પ્રકારની સેવા લેવાનો અધિકાર આપવામાં આવ્યો. દ્વિજોમાં વૈશ્ય હતા. તેમને કહેવામાં આવ્યું કે તમારે બ્રાહ્મણોની, ક્ષત્રિયોની સેવા કરવી તથા શુદ્ર-અછૂતો પાસેથી સેવા લેવી. ક્ષત્રિયોને કહેવામાં આવ્યું કે તમારે બ્રાહ્મણોની સેવા કરવી તથા વૈશ્ય, શુદ્ર અને અછૂત પાસેથી સેવા લેવી અને બ્રાહ્મણોને શું કહેવામાં આવ્યું ? બાહ્મણોને કહેવામાં આવ્યું કે તમારે કોઈની સેવા કરવી નહીં, પરન્તુ બધા પાસેથી સેવા લેવી. શું આવી 'સંસ્કૃતિ' પણ 'સંસ્કૃતિ' કહેવાની

અધિકારી છે? આની વિરૂદ્ધ ‘શ્રમણ-સંસ્કૃતિ’ અથવા ‘સંત-સંસ્કૃતિ’ હતી, જેણે હમ્મેશાં ‘ધર્મ’ અને ‘સમાજ’ એ બે વિષયોમાં સમાનતાનો પ્રચાર કર્યો. ક્યારેક ફક્ત ધર્મના માળખામાં સમાનતાનો પ્રચાર કર્યો. ક્યારેક ફક્ત સમાજ વિષયમાં સમાનતાનો પ્રયાસ કર્યો.

ભગવાન બુદ્ધે ‘ધર્મ’ તથા ‘સમાજ’ બન્ને વિષયોમાં બધા જ મનુષ્યોને સમાન દરજ્જો આપ્યો હતો. સાચે જ વાસ્તવમાં ‘શ્રમણ-સંસ્કૃતિ’ જ ‘સંસ્કૃતિ’ કહેવાને અધિકારી છે.

આ ‘બ્રાહ્મણ-સંસ્કૃતિ’ અથવા ‘અસંસ્કૃતિ’ની વિરૂદ્ધનો ભગવાન બુદ્ધ અને મધ્યકાળમાં સંત કબીર જેવા અનેક મહાપુરુષોએ પણ વિરોધ કર્યો હતો, સંત કબીરે કહ્યું,

તુમ કત ‘બ્રાહ્મણ’, હમ કત ‘સૂદ’
હમ કત લોહુ, તુમ કત ‘દૂધ’

(તમે કેવા બ્રાહ્મણ ને અમે કેવા શુદ્ર ? શું અમારા શરીરમાં લોહી છે ? અને તમારા શરીરમાં દૂધ છે ?)

આ ‘બ્રાહ્મણ-સંસ્કૃતિ’ના કારણે પેશવાઓના સમયમાં મહારાષ્ટ્રમાં અછૂતોની કેવી પરિસ્થિતિ હતી. તેનો ઉલ્લેખ ડૉ. આંબેડકરનું પુસ્તક ‘જાતિભેદનો ઉચ્છેદ’માં આ પ્રકારે મળે છે. પેશ્વાઓના શાસનકાળમાં મહારાષ્ટ્રમાં કોઈ સવર્ણ ‘હિન્દુ’ રસ્તા પર ચાલતો હોય તો ‘અછૂત’ને ત્યાં ચાલવાની મનાઈ ફરમાવવામાં આવતી; કારણ કે તેના પડછાયાથી ‘હિન્દુ’ ભ્રષ્ટ ન થઈ જાય. ‘અછૂતો’એ પોતાના કાંડા ઉપર કે ગળામાં નિશાની માટે એક કાળો દોરો બાંધવો પડતો. કારણ કે (ઊંચી જાતિવાળા) ‘હિન્દુ’ ભૂલથી પણ તેમનો સ્પર્શ કરી ના બેસે. પેશ્વાઓની રાજધાની પૂનામાં ‘અછૂતો’ માટે રાજાજ્ઞા હતી કે

કમરમાં ઝાડુ બાંધીને ચાલે. ચાલવાથી તેમના પગના નિશાન જે જમીન પર પડે, તેને તે ઝાડુ નાશ કરે. જેથી (ઊંચી જાતિવાળા) હિન્દુઓના પગ તેના પર ન પડે અને તેઓ ભ્રષ્ટ ન થાય. પૂનામાં અછૂતના થૂંક ઉપર ભૂલથી સવર્ણ હિન્દુના પગ ન પડે તે માટે અછૂતોએ ગળામાં માટીની હાંડલી લટકાવીને ચાલવું પડતું હતું. કોઈ અછૂતને થૂકવું હોય તો માટીની હાંડલીમાં થૂંકે, રસ્તા પર નહીં.

બ્રાહ્મણોની આ 'સંસ્કૃતિ' સીમા પાર સુધી પહોંચી ગઈ હતી. એકવાર ઇસાઈ પાદરીઓના હાથથી 'ચા પીવાના પાપ'ના કારણે સ્વયં લોકમાન્ય તિલકને પણ પ્રાયશ્ચિત કરવું પડ્યું હતું.

મહાત્મા જ્યોતિબા ફૂલે 'બ્રાહ્મણ-સંસ્કૃતિ'ની વિરુદ્ધ વિદ્રોહનો ઝંડો ફરકાવનાર વીર પુરુષ હતા, તેઓ પોતે 'માળી'ના દિકરા હતા અને 'બ્રાહ્મણ-સંસ્કૃતિ' અનુસાર 'શુદ્ર' હતા. 1854માં તેમણે 'અછૂત' છોકરા-છોકરીઓ માટે પૂનામાં એક સ્કૂલ શરૂ કરી હતી. કદાચ ભારતભરમાં 'અછૂત' છોકરા-છોકરીઓ માટે સ્કૂલ ચલાવનાર તેઓ પ્રથમ ક્રાંતિકારી સમાજ સુધારક હતા. તેમના પિતા અસ્પૃશ્યતામાં માનતા હોવાને કારણે જ્યોતિબા ફૂલે તથા તેમના પત્નીને ઘર બહાર કાઢ્યા હતા તો પણ આ મહાપુરુષ જરા પણ વિચલિત ન થયા.

ડૉ. ભીમરાવ આંબેડકરના અભ્યાસે અને તેમના વ્યક્તિગત અનુભવોએ તેમને હિન્દુ-સમાજમાં પ્રચલિત બ્રાહ્મણવાદના ઘોર શત્રુ બનાવી દીધા. તો પણ તેઓ લંડનનો અધૂરો અભ્યાસ પૂરો ના થાય ત્યાં સુધી સમાજસુધારાના કાર્યમાં પડવા માંગતા ન હતા. પરન્તુ તેમને સમાજસુધારાના કાર્યક્રમમાં જવું પડ્યું.

1894માં છત્રપતિ શાહુ મહારાજ કોલ્હાપુર રાજ્યના રાજા બન્યા, તેઓ માહત્મા જ્યોતિબા ફૂલેની વિચારધારા તથા કામ કરવાની પદ્ધતિથી ઘણા

પ્રભાવિત થયા હતા. તેમણે બ્રાહ્મણેતર સમાજને અનેક પ્રકારે આગળ લાવવાની કોશિશ કરી. બ્રાહ્મણો તેમના વિરોધી બની ગયા. તેમણે મહારાજાને અપમાનિત કરવાનું દુ:સાહસ કર્યું. રાજપુરોહિતે પર્વસ્નાનના સમયે વેદમંત્રનો ઊચ્ચાર કરવાનો ઇન્કાર કર્યો. મહારાજાએ પૂછ્યું, “વેદમંત્રોનો ઉચ્ચાર કેમ થતો નથી?” અભિમાની રાજપુરોહિત બોલ્યો, “તમે શુદ્ર છો. તમને વેદમંત્રનો ઉચ્ચાર સાંભળવાનો અધિકાર નથી.” શંકરાચાર્યોએ કોલ્હાપુરના રાજપુરોહિતનું સમર્થન કર્યું. શાહુ મહારાજ વિચલિત ન થનાર વીર હતા. મહારાજાએ રાજપુરોહિતને તેમના પદથી હટાવી દીધા. ‘જગતગુરૂ’ શંકરાચાર્યના પદને પણ દૂર કર્યું. ઘણો મોટો વાદ-વિવાદ ઊભો થયો. બ્રાહ્મણોએ મહારાજાની કટુ આલોચના કરી. તેમાં ‘કેસરી’ના સંપાદક પંડિત બાળ ગંગાધર લોકમાન્ય તિલક મુખ્ય હતા. લોકમાન્ય તિલક રાજકીય વિચારોમાં પ્રગતિશીલ હતા. પરન્તુ સામાજિક સુધારણાની બાબતમાં એકદમ રૂઢીવાદી સિદ્ધ થયા.

કોલ્હાપુરના છત્રપતિ શાહુ મહારાજે તેમના રાજ્યમાં ‘અછૂતોદ્ધાર’ના આંદોલનો ચાલુ કર્યા હતા. 1919માં મહારાજા તથા ડૉ. ભીમરાવ આંબેડકર વચ્ચે મુલાકાત થઈ. 1930માં મહારાજાની સહાયતાથી અછૂતોનો દષ્ટિકોણ પ્રકટ થાય તે માટે ‘મૂકનાયક’ નામનું પાક્ષિક શરૂ કર્યું. લોકમાન્ય તિલકના ‘કેસરી’એ મૂકનાયકની જાહેરાત પ્રકાશિત કરી નહીં. આ પત્રના પહેલા 13 અંકોના અંગ્રેજી તંત્રીલેખ ડૉ. ભીમરાવ આંબેડકરે લખ્યા હતા.

1920માં ડૉ. ભીમરાવ આંબેડકરની અધ્યક્ષતામાં કોલ્હાપુરમાં એક પરિષદ યોજાઈ. તેમાં છત્રપતિ શાહુ મહારાજે કહ્યું, “ભાઈઓ! તમોને ડૉ. ભીમરાવ આંબેડકરના રૂપમાં તમારા રક્ષક નેતા મળી ગયા છે. મને પૂર્ણ


વિશ્વાસ છે કે ડૉ. આંબેડકર તમારી ‘અસ્પૃશ્યતા’ની બેડીઓ તોડી નાંખશે. ડૉ. આંબેડકર ભારતમાં પ્રથમ શ્રેણીના નેતાના રૂપમાં ચમકશે.”

છત્રપતિ શાહુ મહારાજાની વાણી અક્ષરશઃ સિદ્ધ થઈ.

1918માં ડૉ. ભીમરાવ આંબેડકરે મુમ્બઇની સેન્ડહર્સ્ટ કૉલેજમાં અર્થસાસ્ત્રના પ્રોફેસર પદે નિમાયા. આ પદ પર તેઓ કેવળ 30 મહિના રહ્યા. 1920માં જુલાઈ માસમાં રાજીનામું આપી તેઓએ લંડન માટે પ્રસ્થાન કર્યું.

લગભગ ત્રણ વર્ષ લંડન તથા જર્મનીમાં રહ્યા. ત્રણ વર્ષમાં ત્રણ ડીગ્રીઓ મેળવી 1923ના એપ્રિલ માસમાં સ્વદેશ પાછા આવ્યા.

ડૉ. ભીમરાવ આંબેડકર એમ.એ., પીએચ.ડી., ડી.એસસી., બાર એટ લો વગેરે થયા હતા.



## ૭

# જાહેર જીવન

હવે સમય આવી ગયો હતો, જેની ડૉ. ભીમરાવ આંબેડકર પ્રતીક્ષા કરી રહ્યા હતા. જેને મેળવવા ઘણા વર્ષો તપસ્યા કરી હતી.

ડૉ. ભીમરાવ આંબેડકરે ‘અછૂતો’ને ઉપર ઊઠાવવા માટે જે પહેલું પગલું લીધું તે હતું 20 જુલાઈ, 1924ના રોજ મુમ્બઇમાં ‘બહિષ્કૃત હિતકારણી સભા’ની સ્થાપના. આ સભાનું કાર્યક્ષેત્ર મુમ્બઇ પ્રદેશ પુરતું મર્યાદિત હતું. તેના ઉદ્દેશો આ પ્રમાણે હતા :

1. અછૂત-વર્ગમાં શિક્ષણના પ્રચાર તથા પ્રસાર માટે છાત્રાલયો ખોલવા.
2. સાંસ્કૃતિક વિકાસ માટે વાંચનાલય તથા અભ્યાસકેન્દ્રો ખોલવા.
3. આર્થિક ઉન્નતિ માટે ઔદ્યોગિક સ્કૂલ-કૃષિ વિદ્યાલયો ખોલવા.
4. અસ્પૃશ્યતા-નિવારણ આંદોલન આગળ ધપાવવું.

મહાત્મા ગાંધીએ હરિજનોના ઉદ્ધાર માટે જે હરિજન સેવક સંઘની સ્થાપના કરી હતી, તેનો કાર્યક્રમ આ પ્રકારનો હતો.

1. હરિજનો (અછૂતો)ની કુરીતિઓ દૂર કરવી.
2. સવર્ણ (ઉંચી જાતિ)ના હૃદયપરિવર્તન કરવા.

ડૉ. ભીમરાવ આંબેડકર દ્વારા સ્થાપિત ‘બહિષ્કૃત હિતકારણી સભા’નો કાર્યક્રમ પણ તેનાથી મળતો હતો. પરન્તુ તેમનો કાર્યક્રમ ગાંધીજીથી ઉલટો હતો. ‘બહિષ્કૃત હિતકારણી સભા’નો કાર્યક્રમ આ પ્રમાણે હતો :

1. હરિજનો (અછૂતો)ના હૃદયપરિવર્તન કરવા.
2. સવર્ણ (ઊંચીજાતિ)ની કુરીતીઓ દૂર કરવી.

અનેક સંત મહાત્માઓના પ્રયત્નો છતાં ભારતમાં 'અસ્પૃશ્યતા'ની જડ ચાલી શકી નહીં એનું કારણ એ છે કે જે લોકોને બ્રાહ્મણી વ્યવસ્થાએ 'અછૂત' બનાવ્યા હતા તેઓ સ્વયં પોતાને 'અછૂત' માનતા હતા. એટલું જ નહીં પણ 'અશ્પૃશ્યતાને જ ધર્મ માનવા લાગ્યા.

જે વાત 'અછૂતો' બાબતમાં કહેવામાં આવી છે તે જ વાત દ્વિજો (ઊંચી જાતિના હિંદુઓ) પર પણ લાગુ પડે છે. તેમને પણ વંશપરંપરાથી જે 'શિક્ષણ' અથવા 'કુશિક્ષણ' મળ્યું હતું. તેના કારણે તે પણ પોતાના દેશના આટલા વિશાળ સમુદાયને 'અછૂત' માની તેને પોતાનો 'ધર્મ' સમજી બેઠા હતા. 'અછૂત' માની લેવાની આ કુરીતિને, તો 'અધર્મ' જ કહી શકાય. આ 'કુરીતિ' જ નહીં પણ એક પ્રકારનો 'માનસિક કોઢ' હતો જેનો ઇલાજ કરવાની સખત જરૂર હતી.

આ કોઢનો ઉપાય ન તો મહાત્મા ગાંધી પાસે હતો ન કોઇ બીજાની પાસે. આ કોઢની દવા જો કોઈની પાસે હતી તો એક માત્ર ડૉ. ભીમરાવ આંબેડકર પાસે. તેઓ જ્યારે પણ પોતાના 'અછૂત' ભાઈ-ભાડુંને સંબોધિત કરતા ત્યારે કહેતા, "અરે! તમારી આ દુર્દશા! તમારા દયનીય ચહેરા જોઈ મારું હૃદય ફાટી જાય છે. તમે તમારા આ પ્રકારના દીન-હીન જીવનથી દુનિયાની દુ:ખ દરિદ્રતામાં કેમ વધારો કરો છો ? આ પ્રકારના જીવનથી તો મૃત્યુ સારૂ. જો તમારે ખરેખર જીવવું હોય તો મનુષ્યની જેમ જીવો. જે પ્રમાણેનું અન્ન, વસ્ત્ર અને મકાન બીજા લોકોને મળે છે તેવું જ તમને પણ મળવું જોઈએ. આ તમારો જન્મસિદ્ધ અધિકાર છે. આ અધિકાર પ્રાપ્ત કરવા માટે તમારે આગળ આવવું પડશે. એના માટે સંઘર્ષ કરવો પડશે."

લંડનથી પાછા ફર્યા બાદ ડૉ. ભીમરાવ આંબેડકરે ઇચ્છા કરી હોત તો પ્રોફેસર બની શક્યા હોત. પરન્તુ તેમણે તેમ ન કરતા જીવનનિર્વાહ માટે

વકીલાતનો ધંધો અપનાવ્યો. 14 ઓક્ટોબર, 1956ના રોજ બૌદ્ધ ધર્મ ગ્રહણ કર્યા બાદ તેમણે પોતાનું ઐતિહાસિક ભાષણ આપ્યું હતું તે સમયે કહ્યું હતું કે, “જ્યારે હું અભ્યાસ પૂરો કરી સ્વદેશ પાછો આવ્યો. ત્યારે મને જીલ્લા ન્યાયાધીશ બનવા માટે કહેવામાં આવ્યું. પરન્તુ જો હું સરકારી નોકર થઈ જાઉં તો મારા ભાઈ-બાંધવોની સેવા કરી શકીશ નહીં. આ વિચારને ધ્યાનમાં રાખી હું નોકરીના ચક્કરમાં પડ્યો નહીં અને સરકારી નોકરીની રસ્સીનો ગાળિયો મારા ગળે બાંધ્યો નહીં.”

શ્રી કૃષ્ણાજી કેલુસ્કરના પ્રયત્નોથી ડૉ. ભીમરાવ આંબેડકરને એલ્ફિસ્ટન કૉલેજમાં નોકરી મળતી હતી. પરન્તુ તેમણે શ્રી કેલુસ્કર સાહેબને કહ્યું, “હું કોઈ એવી નોકરી નહીં કરું જેનાથી મારા સમાજસેવાના કામમાં વિક્ષેપ પડે.”

હા, તેમણે એક ટ્રેનીંગ ઇન્સ્ટિટ્યુટમાં થોડો સમય શિક્ષકનું કામ કર્યું હતું. આ કામ વકીલાતના ધંધાની સાથે-સાથે લગભગ ત્રણ વર્ષ સુધી કર્યું. ડૉ. ભીમરાવ આંબેડકરની વકીલાત જેવી તેવી ચાલતી હતી. તેમનું ધ્યાન મુખ્યત્વે દલિત સમાજના ઉત્થાનમાં જ લાગેલું હતું.

દેશના નેતાઓમાં લોકમાન્ય તિલક તો સમાજ-સુધારણાની બાબતમાં એકદમ રૂઢિવાદી હતા. તેમના કરતાં મહાત્મા ગાંધી કંઈક પ્રગતિશીલ હતા. પરન્તુ તેઓ પણ એટલા જ પ્રગતિશીલ હતા, જેટલા અન્ય હિન્દુ પ્રગતિશીલો હોય છે. લોકમાન્ય તિલક તથા મહાત્મા ગાંધીની અપેક્ષાએ વીર સાવરકરના વિચાર સમાજ-સુધારણાની બાબતમાં પ્રગતિશીલ હતા. 1924માં વીર સાવરકર યરવડા જેલમાંથી બહાર આવ્યા તો સરકારે તેમને રત્નાગીરી જિલ્લામાં જ નજરકેદ કર્યા હતા. અને તેમના પર કોઈ પણ પ્રકારની રાજનીતિમાં ભાગ લેવા પર પ્રતિબંધ લગાવ્યો હતો. વીર સાવરકર સરકારના આ પ્રતિબંધને તાબે થયા

હતા. તેઓ હિન્દુ સંગઠનવાદી હતા. તેઓ અસ્પૃશ્યતા તથા જાતપાતને હિન્દુ સંગઠનની બાબતમાં વિધ્નરૂપ માનતા હતા.

તેમણે રત્નાગીરીમાં પતિત પાવન મન્દિરની સ્થાપના કરી, તેમાં સવર્ણ તથા અસ્પૃશ્યોનું સંમેલન બોલાવ્યું તથા સમૂહભોજન પ્રથા ચાલુ કરી. તેમણે એક ભંગીને કથાવાચક બનાવ્યો તથા બ્રાહ્મણ સ્ત્રીઓ પાસે તેની પૂજા કરાવી. સ્ત્રીઓની ગણતરી ‘શુદ્ર’માં થાય છે, વીર સાવરકર પણ કોઈ બ્રાહ્મણ પાસે ભંગી કથાવાચકની પૂજા કરાવી શક્યાં નહીં, એ ગાંધીજી હોય, સ્વામી દયાનંદ હોય કે વીર સાવરકર હોય, એ બધાનો દષ્ટિકોણ હિન્દુ જાતિના હિતમાં જ ‘અસ્પૃશ્યતા’ અને ‘જાતપાત’ના બંધનો ઢીલા કરવાનો હતો. ‘અસ્પૃશ્યતા’ અને ‘જાતિભેદ’ની પ્રથા માનવજાતિ માટે કલંકરૂપ છે. એટલા માટે તેનો જલદીથી નાશ થવો જોઈએ. આવો માનવતાવાદી દષ્ટિકોણ કોઈનો પણ ન હતો. જો રહ્યો હોય તો એકમાત્ર ડૉ. ભીમરાવ આંબેડકરનો જ હતો.

ડૉ. ભીમરાવ આંબેડકર 1923ના એપ્રિલમાં લંડનથી મુમ્બઇ પાછા આવી ગયા. તો પણ તેમને ડી.એસસી.ની ડીગ્રી વિધીવત હજુ મળી ન હતી. તે મળી છેક નવેમ્બર, 1923માં. જ્યારે તેમને આ સુખદ સમાચાર મળ્યા ત્યારે તેમણે આ સમાચાર તેમની પત્નીને સંભળાવ્યા, તો રમાબાઈ બોલ્યા, “હવે કોઇ ડીગ્રી લેવા લંડન તો નહીં જાવ ને ?”

ડૉ. ભીમરાવ આંબેડકરનો જવાબ હતો- ‘ના.’ પતિવ્રતા રમાબાઈને આનાથી કેટલી પ્રસન્નતા થઈ હશે ?

## 10

# પાણી માટેનો સત્યાગ્રહ

જે મહાપુરુષોએ ઉત્તર ભારતમાં ‘અસ્પૃશ્યતા’ નાબૂદ કરવા માટે પ્રયાસ કર્યો, તેમાં સ્વામી દયાનંદ પણ હતા, તેમના દ્વારા સ્થાપિત આર્યસમાજે ‘શુદ્ધિ’ના નામે ઢોંગ ચલાવ્યો. ‘ઢોંગ’ એટલા માટે કહીએ છીએ કે તે પૂર્ણ રીતે અસફળ રહ્યું.

હિન્દુ લોકો જે ‘અછૂતો’ને તથા ‘શુદ્ર’ને અસ્પૃશ્ય એટલે જેનો સ્પર્શ પણ ના થાય એમ માનતા હતા, તેમને ‘સ્પૃશ્ય’ બનાવવા માટે (સ્પર્શ થાય તેવા) ‘શુદ્ધિ’ની વાત ચલાવી હતી. ‘શુદ્ધિ’માં શું હતું? અગ્નિ સળગાવવામાં આવતો હતો. વેદમંત્રનું ઉચ્ચારણ કરવામાં આવતું તથા તેમાં ઘી નાંખવામાં આવતું. અછૂતોને સફેદ વસ્ત્ર પહેરાવી યજ્ઞાગ્નિ પાસે બેસાડવામાં આવતા. પછી તેમને કહેવામાં આવતું કે તમે શુદ્ધ થઈ ગયા છો. ત્યારબાદ ‘શુદ્ધ’ થયેલા લોકોના હાથથી ‘શરબત’ પીવામાં આવતું, ક્યાંક લાડુ કે જલેબી આપવામાં આવતી. આ પ્રમાણે તેમની શુદ્ધિ થતી.

જ્યારે આપણે કોઈનો ‘શુદ્ધિ’ કરવા બેસીએ તો શું એનો અર્થ એ નથી કે એ માણસ ‘શુદ્ધ’ થયા પહેલા ‘અશુદ્ધ’ રહ્યો હતો. જ્યારે આ પ્રકારે કોઈ જાતિના કેટલાક લોકોને ‘શુદ્ધ’ કરીએ છીએ તો એનો મતલબ એ થયો કે જે ‘શુદ્ધ’ થાય છે તેમને છોડી બાકીના બધા ‘અશુદ્ધ’ છે? અછૂતોમાં ‘શુદ્ધ’ થયેલા અને ‘શુદ્ધ નહીં થયેલા’ આ પ્રકારનો એક ભયંકર ભેદભાવ ઉત્પન્ન થયો. કેટલીક જગ્યાએ અંદરોઅંદર સંઘર્ષ થયા. શુદ્ધિ આંદોલનનું આ પરિણામ છે.

ત્યારબાદ બીજો પ્રયત્ન ગાંધીજીએ તેમના ‘હરિજન-સેવકો’ મારફતે કર્યો. આ હરિજન સેવકોએ જાહેર ફંડફાળા તથા સરકારની મદદથી કેટલાક

'અછૂતો'માં સફાઈ તથા શિક્ષણનો પ્રચાર કર્યો. આ 'હરિજન સેવકો'માં કોઇ પણ સ્વયં હરિજન ન હતા. 'હરિજન સેવક સંઘ'ના પ્રમુખ તથા મંત્રી પણ સ્વયં 'હરિજન' ન હતા. આ આંદોલન પણ ગાંધીજી પછી ધીમે ધીમે બંધ થઈ ગયું.

આર્યસમાજના 'શુદ્ધિ-આંદોલન' અને ગાંધીજીના 'અછૂતોદ્ધાર'નો ઉદ્દેશ્ય એક જ હતો. ગમે તે રીતે 'અછૂતો'ને કોઈ બીજા ધર્મમાં જવા ન દેવા. 'અસ્પૃશ્યતા' સ્વયં એક કલંક છે. જે કોઈ બીજાને 'અછૂત' સમજે તે તો દોષી છે જ, પરન્તુ તેના કરતાં મોટો અપરાધ એ છે કે જે બીજા ને સ્વયં 'અછૂત' છે તેવું કહે છે.

જ્યાં જ્યાં 'હિન્દુ ધર્મ'નું જેટલું વધારે જોર રહ્યું ત્યાં 'અસ્પૃશ્યતા' એટલી વધારે પળાતી રહી. દક્ષિણ ભારતમાં ઉત્તર ભારત કરતા વધારે પ્રમાણમાં છે. ઉત્તર ભારતમાં કોઈને એ કલ્પના પણ નહીં હોય કે દક્ષિણ ભારતમાં એવા રસ્તા છે કે જેના પર 'અછૂતો'ને ચાલવાની મનાઈ છે. જે મલબારમાં જગતગુરુ શંકરાચાર્યનો જન્મ થયો. એ મલબારનું એક નગર જેનું નામ વાયકોમ છે. ત્યાં પ્રસિદ્ધ અબ્રાહ્મણ નેતા શ્રી રામસ્વામી નાયકરના નેતૃત્વમાં આછૂતોએ રસ્તાઓ પર ચાલવાનો અધિકાર સ્થાપિત કરવા 'સત્યાગ્રહ' કર્યો. 'અછૂતો' જેવાએ રસ્તા પર પહોંચ્યા કે જાણે બ્રાહ્મણોના દેવતા ત્યાંથી ભાગ્યા. બાહ્મણોએ એ રસ્તા પર ચાલનાર અછૂતોને માર્યા. રાજ્યના કાયદા પણ બ્રાહ્મણોના પક્ષમાં હતા. શક્તિશાળીની ઇચ્છાનું નામ જ 'ન્યાય' થાય છે. જ્યારે વર્તમાનપત્રોમાં આ સમાચાર આવ્યા તો દૂર દૂરથી લોકો આ સત્યાગ્રહમાં ભાગ લેવા માટે આવ્યા. સરકારે સત્યાગ્રહીઓને રોકવા માટે અનેક જગ્યાએ વાડાઓ બનાવ્યા અને સૈન્યને ઊભું રાખવામાં આવ્યું. સત્યાગ્રહીઓ મનુષ્ય નહીં પણ ઘાસ ચરનારા પશુઓ હોય તેમ તેઓને વાડાઓમાં કેદ કરી, સૈન્યને બહાર ઊભું

રાખી રસ્તાઓ પર ચાલતા રોકવામાં સરકારની પ્રતિષ્ઠા નથી. સરકારની ભારતમાં જ નહીં પરન્તુ દુનિયાભરમાં બદનામી થશે એવો ડર બતાવ્યો, વાત સરકારના ગળે ઉતરી ગઈ. તેમણે વાડાઓ તથા લશ્કરને હટાવી લીધું. 'સત્યાગ્રહ' સફળ થયો.

ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરને આ ઘટનાથી સાંત્વના મળી. 1923માં મુમ્બઇ કાઉન્સીલમાં એક સમાજ સુધારક સભ્ય શ્રી બોળેએ કાઉન્સીલમાં એક પ્રસ્તાવ મૂક્યો. જે પાસ થઈ ગયો એ પ્રસ્તાવનો ઉદ્દેશ્ય હતો જેટલી પણ કૉલેજો, કોર્ટ, હૉસ્પિટલ, ઑફિસ, ધર્મશાળા, કૂવા, સરોવર, સ્નાન માટેના ઘાટ વગેરે એવી એવી જગ્યાઓ જે સરકારી પૈસાથી કે સાર્વજનિક પૈસાથી બન્યા હોય, તેનો ઉપયોગ અન્ય લોકો જેમ 'અછૂતો' પણ કરી શકશે. 4 ઓગસ્ટ, 1923ના રોજ આ પ્રસ્તાવ પાસ થયો અને 11 સપ્ટેમ્બર, 1923ના રોજ મુમ્બઇ સરકારે તેના દરેક વિભાગના અધિકારીઓને તેના અમલ માટે સૂચના આપવામાં આવી.

મુમ્બઇનો એક જિલ્લો કોલાબા છે. આ જિલ્લામાં એક નગર છે. જેનું નામ મહાડ છે. આ મહાડની નગરપાલિકાએ મુમ્બઇ કાઉસીલના નિર્ણય અનુસાર તેમના નગરના 'ચવદાર તળાવ'નું પાણી સાર્વજનિક ઉપયોગ માટે છે તેની આજ્ઞા અછૂતોને આપી અને નગરપાલિકાને પણ આજ્ઞા આપી, પરન્તુ બહુમતિ સવર્ણ હિન્દુઓ આ નિર્ણયના વિરોધી હતા. નાની સંખ્યાના 'અછૂતો'ની હિમ્મત ન હતી કે તેઓ આ તળાવના પાણીનો ઉપયોગ કરે. માર્ચ, 1920માં ડૉ. આંબેડકરની અધ્યક્ષતામાં 'દલિત જાતિ પરિષદ' ભરાઈ. કોલાબો જિલ્લાના આગેવાન કાર્યકર્તાઓએ તેમાં ભાગ લીધો. 'ચવદાર તળાવ'નો પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો. આ પરિષદમાં નિર્ણય કરવામાં આવ્યો કે 'ચવદાર તળાવ'ના પાણીનો

સ્પર્શ કરી તેને પોતાના ઉપયોગમાં લઈ આ તળાવ પર સાર્વજનિક અધિકારની ઘોષણા કરવી. મહારાષ્ટ્રના જ નહીં પણ ગુજરાતના ઘણા ‘અછૂતો’ આ પરિષદ પૂર્વે નિશ્ચિત દિવસે આવી ગયા. જે મંડપમાં આ પરિષદ ભરાઈ તે જગાનું નામ સ્થાનિક દેવતા વિરેશ્વરના નામથી રાખવામાં આવ્યું. ડૉ. બાબાસાહેબે એ પરિષદમાં કહ્યું. “તમારે તમારા અધિકારો મેળવવા જોઈએ. જો તમે એવું નહીં કરો તો પશુઓ અને મનુષ્ય વચ્ચે કોઈ અંતર નહીં રહે.”

લોકમાન્ય તિલક સવર્ણ હિન્દુ હતા. એક બ્રાહ્મણ કુટુંબમાં જન્મ્યા હતા. તેઓ ‘સ્વરાજ’ માટે લડવું પોતાનો જન્મસિદ્ધ અધિકાર ગણાવતા હતા. ડૉ. બાબાસાહેબ એક ‘અછૂત’ માતા-પિતાનું સંતાન હતા. તેઓ ‘અસ્પૃશ્યતા’ સામે લડવું પોતાનો જન્મ સિદ્ધ અધિકાર નહીં પરન્તુ કર્તવ્ય પણ સમજતા હતા.


જો બાળ ગંગાધર તિલક કોઈ ‘અછૂત’ પરિવારમાં પેદા થયા હોત તો તે પણ આવું જ કર્યું હોત. આ પરિષદની રાત્રે બેઠક થઈ. પરિષદે નિર્ણય કર્યો કે ‘ચવદાર તળાવ’નું પાણી લેવાના અધિકારને અમલમાં લાવવો. બીજા દિવસે નિર્ણય અનુસાર ડૉ. બાબા સાહેબના નેતૃત્વમાં ‘અછૂત’ લોકોએ તળાવના પાણી પર પોતાનો હક્ક સ્થાપિત કરવા માટે સરઘસ રૂપે નીકળ્યા. આ સમયે ડૉ. બાબા સાહેબે કહ્યું - “આ તળાવના પાણી પર આપણે આપણો હક્ક સ્થાપિત કરવો છે. પરન્તુ તમારે શાંતિ રાખવી પડશે.”

લગભગ પાંચ હજાર ‘અછૂતો’નું સરઘસ હતું. ડૉ. બાબાસાહેબ આગળ આગળ ચાલી રહ્યા હતા. 1930માં ગાંધીજીએ જે ‘દાંડીકૂચ’ કરી તેના કરતા આ ‘તળાવ-કૂચ’ શ્રેષ્ઠ હતી. ‘દાંડીકૂચ’ કેવળ ‘સ્વ-રાજ્ય’ની લડાઇ હતી. આ ‘તળાવ-કૂચ’ માનવતાનો આધિકાર મેળવવા માટેનો સત્યાગ્રહ હતો. સરઘસ શાંતિપૂર્વક તળાવ કિનારે પહોંચ્યુ. લોકો તેની ચારે બાજુ ઊભા રહ્યાં. તેમના

નેતા ડૉ. ભીમરાવ આંબેડકરે સર્વપ્રથમ તળાવનું પાણી હાથમાં લઈ પીધું. ત્યારબાદ બીજાઓએ પીધું અને સરઘસ શાંતિપૂર્વક મંડપ તરફ પાછું ફર્યું.

મહાડના સવર્ણ હિન્દુઓના શરીરમાં જ્વલન પ્રસરી ગઈ. તેમનામાંથી કોઇએ એવી જૂઠી અફવા ફેલાવી કે ‘અછૂતો’ વીરેશ્વરના મન્દિરમાં પ્રવેશ કરવા જઈ રહ્યા છે. સવર્ણ હિન્દુઓ હાથમાં લાકડીઓ લઈ નીકળી પડ્યા. તેમને જે કોઈ ‘અછૂત’ એકલદોકલ રસ્તે મળ્યો તેને મારવાનું ચાલુ કરી દીધું. આ સમયે ઘણા ‘અછૂતો’ પોતાના ઘેર જવાની તૈયારી કરી રહ્યાં હતાં. કેટલાક મંડપમાં ભોજન કરી રહ્યા હતા. સવર્ણોએ તેમના વાસણો તોડી નાંખ્યા તથા ખાવા-પીવાની વસ્તુ ધૂળમાં મેળવી દીધી.

સવર્ણોની આ મારપીટના પરિણામ સ્વરૂપે અછૂતોના એક નેતા બાપુસાહેબ રાજભોજ ઘાયલ થયા. તેમને ઘણા દિવસો સુધી હૉસ્પિટલમાં રહેવું પડ્યું. ડૉ. બાબાસાહેબના દિલમાં દુઃખ થયું. તેઓ દુઃખી મનથી મુમ્બઇ પાછા ફર્યા.



## 11

# આખરે વિજય થયો

મહાડ તળાવના પાણીનો સ્પર્શ તો આછૂતોએ કર્યો. પરન્તુ તેમને ખૂબ માર મારવામાં આવ્યો. આ ‘અપવિત્ર’ થયેલા તળાવને ‘પવિત્ર’ કેવી રીતે બનાવવું ? સવર્ણોએ તળાવમાંથી ઘડા ભરી ભરીને કેટલુંય પાણી બહાર ફેંક્યુ. ગાયમાતાના શરીરમાંથી પ્રાપ્ત, દૂધ, દહીં, ઘી, મૂત્ર તથા છાણ વગેરે અનેક વસ્તુઓ તળાવમાં નાંખ્યા. આ સમયે બ્રાહ્મણો વેદમંત્રોનો પાઠ કરતા રહ્યા. આ રીતે તળાવ ‘શુદ્ધ’ થયું અને સવર્ણો ફરીથી આ તળાવનું પાણી પીવા તથા ઉપયોગમાં લેવા લાગ્યા.

જો કોઈ પૂછે કે ‘અછૂતો’ના સ્પર્શથી આ તળાવનું પાણી ‘અપવિત્ર’ થઇ ગયું તો એ ‘અપવિત્ર’ થયેલ પાણીના ઘડા ભરી ભરી તેને બહાર ફેંકનાર સવર્ણ હિન્દુ પાણીના સ્પર્શથી કેમ ‘અપવિત્ર’ ના બન્યા ? જો કોઈ ‘અછૂત’ના સ્પર્શથી સવર્ણ હિન્દુ અપવિત્ર થઈ શકતો હોય તો ‘અછૂત’ દ્વારા સ્પર્શ કરેલ પાણીથી કેમ નહીં?

મહાડથી મુમ્બઇ પાછા આવ્યા બાદ ડૉ. આંબેડકરે પોતાના વિચારોના પ્રચાર માટે એક સમાચાર પત્ર ચાલુ કર્યું. તેનું નામ ‘બહિષ્કૃત ભારત’ રાખવામાં આવ્યું. 3 એપ્રિલ, 1926ના રોજ એનો પહેલો અંક પ્રસિદ્ધ થયો. આ પત્ર મહિનામાં બે વાર કે પખવાડિયા પછી નીકળતું હતું. 26 જૂન, 1926ના રોજ ‘બહિષ્કૃત ભારત’ દ્વારા ડૉ. આંબેડકરે ઘોષણા કરી કે, ‘અછૂતો’ એ પાણી પીધું તેના કારણે તળાવનું પાણી ‘અપવિત્ર’ થયું છે. એમ માની ફરીથી તળાવનું પાણી ‘શુદ્ધ’ કરવાનું નાટક એ અછૂતોના અપમાન બરાબર છે. જે લોકો વ્યવહારિક રૂપથી આ અપમાનનો વિરોધ કરવા માંગે છે તેઓએ તેમના નામ ‘બહિષ્કૃત

હિતકારણી સભા'માં નોંધાવે. આ સમાજે ઘોષણા કરી કે અછૂતો હિન્દુ ધર્મનો ભાગ છે કે નહીં આ બાબતનો ફેસલો થવો જોઈએ.

એક બાજુ તૈયારીઓ ચાલી રહી હતી ત્યારે બીજી બાજુ સવર્ણોના પ્રભાવમાં આવી મહાનગરપાલિકાએ અછૂતો માટે તળાવનું પાણી વાપરવાનો અધિકાર છે એ નિર્ણય ફેરવી નાંખ્યો. ડૉ. આંબેડકર તથા તેમના બધા અનુયાયીઓએ તેને એક ચેલેન્જ સમજી, આ પડકારનો સ્વીકાર કરી ઘણા જોરશોરથી 'સત્યાગ્રહ' માટેની તૈયારી શરૂ કરી. એક 'સત્યાગ્રહ સમિતિ' બનાવવામાં આવી. 1927ની 25 તથા 28 ડિસેમ્બર બે દિવસ સત્યાગ્રહ માટે નક્કી કરવામાં આવ્યા. મહાડમાં 'દલિત જાતિ પરિષદ' ભરવી જરૂરી હતી. સવર્ણ હિન્દુઓએ પરિષદ માટે જગ્યા આપવાની ના પાડી દીધી. જમીન આપવાથી તે જમીન પણ અસ્પૃશ્ય બની જાય તેવી તેમની માન્યતા હતી. મહાડના એ તળાવની જેમ અપવિત્ર જમીનને પણ શુદ્ધ કરવી પડે. એક મુસલમાને જમીન આપી. એ જગા પર મંડપ બાંધવામાં આવ્યો. મહાડના હિન્દુ વેપારીઓએ સંપ કર્યો કે અછૂતોને બજારમાંથી કોઇ પણ વસ્તુ આપવી નહીં. મહાડ બહાર દૂર દૂરના સ્થળેથી દરેક વસ્તુઓ મંગાવવામાં આવી.

24 ડીસેમ્બર, 1927ના રોજ લગભગ આઠ પ્રતિનિધિઓ સાથે ડૉ. આંબેડકર મુમ્બઈથી મહાડ માટે નીકળ્યા. મહાડથી પાંચ માઈલ દૂર 'દાસીગાંવ' નામનું ગામ આવેલું છે. ત્યાં લગભગ ત્રણ હજાર લોકો એકઠાં થયા હતા. તેમણે ડૉ. આંબેડકરનું ભવ્ય સ્વાગત કર્યું. ડૉ. આંબેડકરને દાસીગાંવથી મહાડ સરઘસ આકારે લઈ જવામાં આવ્યા. પોલીસ અધિકારીએ ડૉ. આંબેડકરને સુચના આપી કે કોઈ પણ કાર્યવાહી કરતા પહેલા જીલ્લા ન્યાયાધીશને મળી લેવું. ડૉ. આંબેડકર જિલ્લા ન્યાયધીશને મળ્યા. જિલ્લા

ન્યાયાધીશે કહ્યું, “કેટલાક સવર્ણ હિન્દુઓએ આ તળાવને તેમની ખાનગી સંપત્તિ હોવાનો દાવો રજૂ કર્યો છે. જ્યાં સુધી આ વિવાદનો નિર્ણય ન આવે ત્યાં સુધી તમે ‘સત્યાગ્રહ’ ના કરો.”

ડૉ. આંબેડકરે કહ્યું, “જે તળાવના પાણીનો ઉપયોગ હિન્દુ-મુસલમાન બન્ને કરે છે, તે ફરીથી ખાનગી સંપતિ થતી હોય તો કાયદાની દૃષ્ટિએ તેને ‘સાર્વજનિક સંપત્તિ’ જ માનવામાં આવશે. અમે સત્યાગ્રહ અવશ્ય કરીશું.”

ન્યાયાધીશ વ્યવહાર કુશળ માનવી હતા. તેમણે ડૉ. આંબેડકરને કહ્યું, ‘તમારી પરિષદ થાય તેવું હું ખુદ ઇચ્છું છું. તમે મને એ પરિષદમાં બોલવાની તક આપો.” ન્યાયાધીશની વાત માની લેવામાં આવી.

આ સમયે મહાડમાં પરિષદ માટે 15 હજાર લોકો એકત્રિત થયા હતા. તેમાંથી પાંચ હજારે ‘સત્યાગ્રહી’ તરીકે પોતાનું નામ નોંધાવ્યું હતું. આ પરિષદમાં ડૉ. આંબેડકરે કહ્યું, “આપણે તળાવ પર એટલા માટે જવા માંગીએ છીએ કે આપણે પણ બીજા મનુષ્યોની જેમ ઈજ્જતપૂર્વક જીવવા માંગીએ છીએ. બેઇજ્જતભરી જિંદગી જીવવા કરતાં તો મરવું સારું.” સાચે જ આ વાત હૃદય પર ઊંડી ચોટ પહોંચાડનારી હતી.

સાંજે પરિષદમાં જિલ્લા ન્યાયધીશે કહ્યું, “પ્રસ્તાવ અનુસાર તળાવ બધા માટે ખુલ્લું છે. પરન્તુ 12 વ્યક્તિઓએ દાવો રજૂ કર્યો છે કે આ તેમની ખાનગી સંપત્તિ છે. એટલા માટે કોર્ટના નિર્ણયની તમારે રાહ જોવી રહી. તમે ‘સત્યાગ્રહ’ કર્યો હતો ત્યારે તમારી ઉપર હુમલો કરનાર ઈસમોને સજા કરવામાં આવી છે. જો તમે હવે કાયદો તોડશો તો જવાબદારી તમારી થશે. હું એક મિત્રના નાતે તમને સલાહ આપુ છું કે કોર્ટનો નિર્ણય આવે ત્યાં સુધી સત્યાગ્રહ સ્થગિત કરો.”


રાત્રે નેતાઓની બેઠક મળી. બધાએ આ વિષય પર ગંભીરતાથી વિચાર કર્યો. છેવટે નિર્ણય કર્યો કે આપણે 'સત્યાગ્રહ' હમણાં સ્થગિત કરવો જોઈએ. સવર્ણ હિન્દુઓ સાથે અછૂતોની લડાઈ શરૂ થઈ ચૂકી હતી. એ સાથે સરકાર સામે લડવું પણ બુદ્ધિશાળીનું કામ હતું. અછૂતોનો આ નિર્ણય યોગ્ય હતો. આ સમયે ડૉ. આંબેડકરે કહ્યું, "તમે લોકો સાચે જ વીર છો. તમે તમારા અધિકારોની રક્ષા માટે લડી શકો છો. સમજી વિચારીને આપણે 'સત્યાગ્રહ' અહીંયા સ્થગિત કર્યો છે. તેનો અર્થ એ નથી કે આપણી લડાઈ બંધ થઈ ગઈ છે. જ્યાં સુધી 'ચવદાર તળાવ' પર આપણો અધિકાર સ્થાપિત નહીં થાય ત્યાં સુધી આપણી લડાઈ ચાલુ રહેશે."

'મનુસ્મૃતિ' એક પ્રસિદ્ધ ગ્રંથ છે આ ગ્રંથ કોઇ 'મનુ મહારાજે' લખેલો માનવામાં આવે છે, તેમાં સવર્ણ હિન્દુઓ માટે કેટલીય સારી સારી વાતો લખવામાં આવી છે, પરન્તુ શુદ્રો અને અછૂતો માટે એક પણ વાત જેને સારી કહી શકાય તેવી લખેલી જોવા નહીં મળે. આથી મહાડની પરિષદમાં 'મનુસ્મૃતિ'ની હોળી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો. રાત્રિની સભામાં 'મનુસ્મૃતિ'ની હોળી કરવામાં આવી.

સવર્ણ હિન્દુઓ તથા બીજા લોકોને અછૂતોએ મનુસ્મૃતિની હોળી કરી એ સારુ લાગ્યું નહીં. જે લોકો કેટલાય વર્ષોથી રાવણની હોળી કરતા આવ્યા છે તેમને આ અછૂતો દ્વારા કરવામાં આવેલ 'મનુસ્મૃતિ'ની હોળી નહીં ગમી. પરન્તુ તેમણે ખરાબ લગાડવું ન જોઈએ. એક 'મનુસ્મૃતિ' જ નહીં પરન્તુ હિન્દુઓનો એક પણ ગ્રંથ એવો નથી જેમાં કોઈને કોઈ રૂપમાં વિષમતા, નિર્દયતા તથા અન્યાયનું સમર્થન કર્યું ન હોય.

'સત્યાગ્રહ' બંધ કરવામાં આવ્યો હતો. ડૉ. ભીમરાવ આંબેડકર સ્વયં સારા વકીલ હતા. અદાલતમાં મહાડના તળાવ પર અછૂતોનો અધિકાર હોવો જોઈએ એવો દાવો કર્યો. વર્ષો સુધી કેસ ચાલ્યો.

17 માર્ચ, 1937માં મુમ્બઇ હાઇકોર્ટમાં મહાડના 'ચવદાર તળાવ' પર અછૂતોનો અધિકાર સ્વીકારવામાં આવ્યો. અછૂતોની જીત થઈ પરન્તુ દરેક તળાવ પર આ પ્રકારે કાનૂની લડત આપી પોતાનો અધિકાર સ્થાપિત કરવો એ અસ્પૃશ્યતાની સમસ્યાનો કોઈ મૂળ ઉકેલ નથી.




❅

## 12

# મન્દિર પ્રવેશ

જે લોકોના હાથમાં વર્તમાનપત્ર છે તેઓ જેને ચાહે તેને ‘દેશભક્ત’ અને ‘દેશદ્રોહી’ બનાવી શકે છે. આ દેશમાં ડૉ. આંબેડકર જેવા પણ દેશભક્ત વીરલા થયા છે. ‘દેશભક્તિ’ કોઈ પણ દેશના પહાડો, મેદાનો, જંગલોની પૂજા કરવાનું નામ નથી. દેશના નાગરિકોની સેવા દિવસ-રાત કરતા રહેવું એ જ સાચી દેશભક્તિ છે.

અંગ્રેજ સરકારે ભારતની શાસન વ્યવસ્થામાં સુધારો કરવા એક કમિશન નીમ્યું હતું. કોંગ્રેસ મુસ્લિમોને સાથે રાખવા તેમની તમામ માંગણીઓ સ્વીકારતી હતી. ડૉ. આંબેડકરે મુસ્લિમોની અલગ પ્રતિનિધિત્વની માંગણીનો વિરોધ કરી એ સિદ્ધ કર્યું કે તેઓ કોંગ્રેસ કરતા એક કદમ આગળ છે.

જૂન 1928માં ડૉ. આંબેડકરે ગવર્મેન્ટ લો-કૉલેજમાં પ્રોફેસર પદ સ્વીકાર્યું, બે માસ અંદર જ તેમણે ‘દલિત જાતિ શિક્ષણ સમિતિ’ની સ્થાપના કરી. જેનો ઉદ્દેશ્ય હતો કે પછાત લોકોનો વિકાસ કરવો. સરકારે ડૉ. આંબેડકરની યોજનાનો સ્વીકાર કર્યો અને પાંચ છાત્રાલયો માટે વાર્ષિક નવ હજાર રૂપિયાની સહાયતા આપવાનું સ્વીકાર્યું, પાંચ છાત્રાલયો માટે નવ હજાર વાર્ષિક એટલે કે એક છાત્રાલય માટે કુલ રૂ. 150/-ની માસિક સહાયતા. જ્યાં કંઈ જ ન હતું ત્યાં આ સારી વાત હતી. પરન્તુ આ થોડી સહાયથી કાંઈ જ થઈ શકે તેમ ન હતું. ડૉ. આંબેડકરે માનવતાના નામે હિન્દુ, મુસ્લીમ, ખ્રિસ્તી વગેરેને સહાયતા માટે સાર્વજનિક અપીલ કરી. ‘દલિત જાતિ શિક્ષણ સમિતિ’નું એક ટ્રસ્ટી બોર્ડ બનાવવામાં આવ્યું. જેમાં ડૉ. ભીમરાવ આંબેડકર જનરલ સેકેટરી હતા.

એપ્રિલ, 1929માં રત્નાગીરી જિલ્લાના ચિપલુણનગરમાં ડૉ. આંબેડકરની અધ્યક્ષતામાં 'દલિત જાતિ પરિષદ' ભરાઈ, અધિવેશનના પૂર્ણાહૂતિ સમયે ડૉ. આંબેડકરના મિત્ર બ્રાહ્મણ દેવરાજ નાઈકે હજારો અછૂતોને વેદ મંત્રોચ્ચાર સાથે 'યજ્ઞોપવિત (જનોઈ) પહેરાવી, ઉત્તર ભારતમાં આર્યસમાજીઓએ આવું ઘણી જગ્યાએ કર્યું. પરન્તુ હિન્દુ જાતિ 'અસ્પૃશ્યતા'ને જ 'ધર્મ' માનતી આવી છે, જેનું સમર્થન હિન્દુ ધર્મની અનેક સ્મૃતિઓએ કર્યું છે. શું એ કોઈ નાયકના વેદમંત્રોચ્ચારથી નાશ પામશે? આ તો હિન્દુઓ દ્વારા 'અછૂતો' ને 'અછૂત' તથા હિન્દુ બન્ને બનાવી રાખવાની સદ્‌ભાવના હોય કે દુર્ભાવનાથી કરેલ છળ છે. અને આખરે તે એકમાત્ર 'મનોરંજન' સિદ્ધ થયું.

ત્યારબાદ બીજા મહિને જલગાંવમાં 'દલિત જાતિ પરિષદ' મળી. તેમાં ડૉ. આંબેડકરે હિન્દુ સમાજને ચેતવણી આપી- 'જો આજે સમયના પરિવર્તન સાથે સમસ્ત હિન્દુઓ પોતાનો વ્યવહાર નહીં બદલે તો અછૂતો હિન્દુ ધર્મમાંથી નીકળી અન્ય ધર્મ તથા સમાજને અપનાવવાનો વિચાર કરશે.'

'દલિત જાતિ શિક્ષણ સમિતિ' ઉપરાંત ડૉ. આંબેડકરે મુમ્બઇ પ્રદેશ માટે 'સમાજ સમતા સંઘ'ની સ્થાપના કરી હતી. તેનું કામ હતુ - 'અછૂત' નાગરિકોના અધિકારોનું રક્ષણ કરવું. દાદરમાં ગણેશોત્સવ સાર્વજનિક મનાવવામાં આવતો હતો. આ ગણેશોત્સવ સાર્વજનિક સમિતિના અધ્યક્ષે સમાજ સમતા સંઘને જણાવ્યું કે, જે મંડપમાં ગણેશની મૂર્તિ રાખવામાં આવી છે ત્યાં કોઈ પણ અછૂતને જવા દેવામાં આવશે નહીં.

સામાન્ય રીતે એવું બને છે કે સરકાર કોઈ પુસ્તક પર પ્રતિબંધ મૂકે તો લોકો તેને ગમે ત્યાંથી શોધીને વાંચશે. તેવી રીતે લોકોને કહેવામાં આવે કે અમુક જગ્યાએ જવા માટે પ્રતિબંધ છે. તો લોકો ત્યાં જવા માટે વધારે આગ્રહ કરશે.

કોઈ ગણેશોત્સવમાં કોઈ ગણેશ દેવતાની પૂજા થતી હોય તેમાં જવાથી શો લાભ? પરન્તુ મંડપની અંદર જવા માટે મનાઈ કરવામાં આવી હતી, એટલા માટે લોકો મંડપની અંદરની મૂર્તિના દર્શન કરવા ઉત્સુક બની ગયા. લોકોની સંગઠિત શક્તિ સામે ગણેશોત્સવના આયોજકોએ નમવું પડ્યું. જે લોકોનું નેતૃત્વ ડૉ. આંબેડકર કરતા હતા. તેમણે આયોજકોને કહ્યું, ‘આ સાર્વજનિક ઉત્સવ છે. તમે કોઈને પણ અંદર જતા અટકાવી શકશો નહીં.’

ડૉ. આંબેડકર તથા તેમના અનુયાયીઓનો વિજય થયો. હવે ડૉ. આંબેડકરની ખ્યાતિ મુમ્બઇ બહારના બીજા પ્રાંતોમાં પણ ફેલાવા લાગી હતી અને તેઓ અખિલ ભારતીય સ્તરના નેતા બની ચૂક્યા હતા. પણ ‘અછૂત’ હોવાના કારણે તેમને અપમાનો સહન કરવા પડતા હતા, જ્યાં સુધી ‘હિન્દુ’ બની રહીશું ત્યાં સુધી આ રોગનો કોઈ ઉપાય નથી. મુમ્બઇ સરકારે આદિવાસીઓ અને અછૂતો માટે એક સમિતિ બનાવી. આ સમિતિના ડૉ. આંબેડકર સભ્ય હતા. આ સમિતિ અછૂતો તથા આદિવાસીઓની સ્થિતિ અને તેમના ઉત્કર્ષ અંગેના ઉપાયો માટે નીમી હતી. એક જગાએ એક અછૂતે ડૉ. આંબેડકરને ફરિયાદ કરી કે તેના છોકરાંને શાળામાં હિન્દુ વિદ્યાર્થીઓ સાથે બેસાડવામાં આવતો નથી અને તેને અલગ વરંડામાં બેસાડવામાં આવે છે. ડૉ. આંબેડકર તપાસ અર્થે સ્કૂલમાં પહોંચ્યા. સ્કૂલના હેડ માસ્ટરે ડૉ. આંબેડકરને સ્કૂલમાં જ ઘુસવા ના દીધા. એક હિન્દુ હેડમાસ્ટર પાસે આ સિવાય બીજી શી આશા રાખી શકાય ? આનાથી પણ ખરાબ ઘટના 23 ઓક્ટોબર, 1929ના રોજ બની. ડૉ. આંબેડકર પૂર્વ ખાનદેશના ચાલીસ ગામના પ્રવાસે ગયા. સ્થાનિક દલિત સમાજે તેમનું જોરશોરથી સ્વાગત કર્યું અને પોતાના સભા સ્થળે લઈ જવા માંગતા હતા. પરન્તુ કોઇ ઘોડાગાડીવાળો તેમને ગાડીમાં બેસાડવા માટે

તૈયાર ન હતો. એક ઘોડાગાડીવાળાએ કહ્યું, “હું એક શરતે મારી ઘોડાગાડીમાં લઈ જવા તૈયાર છું. મારી ઘોડાગાડી કોઈ ‘અછૂત’ ચલાવે તથા હું ઘોડાગાડીમાં બેસીશ નહીં, હું ચાલતો જ જઈશ.” સ્થાનિક લોકોએ ઘોડાગાડીવાળાની આ શરત મંજુર કરવા જેવી ન હતી. જો તેમનું સ્થળ રેલ્વે સ્ટેશનથી બહુ દૂર ના હોય તો ડૉ. આંબેડકરને ચાલતા જ લઈ જવા જોઈએ. ડૉ. આંબેડકર ઘોડાગાડીમાં બેઠા અને એક અછૂત ઘોડાગાડી પર બેસી હાંકવા લાગ્યો. જેવા ડૉ. આંબેડકર ઘોડાગાડીમાં બેઠા અને ગાડી ચાલુ થઈ કે તરત જ ઘોડાએ પાછલા પગની લાતો મારી. અને ગાડી ઊંધી વળી ગઈ.

ડૉ. આંબેડકર જમીન પર પટકાયા, તેમને સખત વાગ્યું. તેમના ડાબા પગનું એક હાડકું ભાંગી ગયુ. કેટલાય દિવસ સુધી તેમને ખાટલામાં પડી રહેવું પડ્યું. આ ચોટ જીવનભર તેમને કષ્ટ આપતી રહી. શકય છે કે ઘોડાગાડીવાળો તેના ઘોડાના ખરાબ વર્તનને જાણતો હોવા છતાં જાણીબુઝીને ડૉ. આંબેડકરને તેમાં બેસાડ્યા હશે.

મહારના ચવદાર તળાવ પર ‘અછૂતો’ના અધિકારો સ્વીકારવામાં આવ્યા. ત્યાં ડૉ. આંબેડકરના નેતૃત્વમાં નાસિકના કાલારામ મન્દિર પ્રવેશ માટેનો નિર્ણય કરવામાં આવ્યો. ધર્મ અને ઈશ્વરના ઈજારદાર પૂજારી અને તેના હિમાયતી સવર્ણ હિન્દુઓ મન્દિર પ્રવેશની પરવાનગી આપતા ન હતા. 2જી માર્ચના રોજ ડૉ. આંબેડકરના પ્રમુખસ્થાને સભા મળી. ત્યારબાદ લગભગ ત્રણ વાગે એક માઇલ લાંબુ સરઘસ કાલારામ મન્દિરમાં ભગવાનના દર્શન માટે ઉપડ્યું, સરઘસ આગળ સમતા સૈનિક બેન્ડ વાગી રહ્યું હતું. ત્યારબાદ સ્વયંસેવકોની કતાર હતી. તેના પછી 500 ‘અછૂતો’ની કતાર હતી. નાસિકે આવું દૃશ્ય કદાચ ક્યારેય જોવું નહીં હોય !

જ્યારે આ સરઘસ મન્દિર પર પહોંચ્યુ ત્યારે મન્દિરના અધિકારીઓએ તેના દરવાજા બંધ કરી દીધાં. આ મન્દિરના દરવાજા પૂરો એક મહિનો બંધ રહ્યા. 'અછૂત' મંડળીઓ બંધ દરવાજાની અંદર કેદ થયેલા 'ભગવાન'ને પોતાના ભજનો ભક્તિભાવથી સંભળાવતી રહી.

આખરે રામનવમીનો દિવસ આવ્યો. એ દિવસે મૂર્તિને રથમાં બેસાડી સરઘસ કાઢવામાં આવતું હતું. 'અછૂત' ભક્તોએ આગ્રહ કર્યો કે તેઓ પણ રથ ખેંચશે. જિલ્લા મેજિસ્ટ્રેટે એવી સમજૂતી કરાવી કે હિન્દુઓ અને અછુતો બન્ને મળી આ રથ ખેંચે. લાખો લોકો કાલારામ રથનું સરઘસ જોવા આવ્યાં હતા. સવર્ણ હિન્દુઓએ કપટથી કામ કર્યું. તેમણે સમજૂતીનો ભંગ કરી 'અછૂત' તરૂણો પર એકાએક લાઠીઓનો પ્રહાર કર્યો. ડૉ. આંબેડકર ત્યાં હાજર હતા. 'નાસિક દલિત સમાજ'ના નેતા દાદાસાહેબ ગાયકવાડના હૃદયમાં ભડક પડી કે અહીંયા ડૉ. આંબેડકરનો જીવ જોખમમાં છે.


તેમણે ડૉ. આંબેડકરને કહ્યું. "ડૉ. બાબાસાહેબ તમારૂ જીવન ભયમાં છે. મોટર ઉભી છે. આપ તત્કાલ અહીંથી ચાલ્યા જાવ." ડૉ. આંબેડકરે જવાબ આપ્યો, "તમે મને ખોટી સલાહ આપી રહ્યા છો. હું કાયર નથી. હું એક બહાદુર સૈનિકનો પુત્ર છું. જે થવું હોય તે થાય. હું અહીંથી હટીશ નહીં. બીજાનું જીવન ભયમાં મૂકી મારું જીવન બચાવું, એવું હું કરીશ નહીં."

અછૂત તરુણોએ ડૉ. આંબેડકરના પ્રાણનું રક્ષણ કર્યું. તે દિવસે મન્દિર પ્રવેશના પ્રશ્નને લઈને નાસિકમાં સવર્ણ હિન્દુઓ અને દલિતો વચ્ચે ભયાનક સંઘર્ષ થયો. ત્યારબાદ દરવાજા બંધ રહ્યા. મન્દિરના વ્યવસ્થાપકો ડરતાં હતા કે જો મન્દિર ખૂલશે તો અછૂતો તરત જ પ્રવેશ કરશે, અને તેમના 'રામ' અપવિત્ર થઈ જશે.

કાલારામની રથયાત્રા બંધ કરી દેવી પડી. રથ અને મૂર્તિ વગરનું સરઘસ કાઢવાનો નિર્ણય લેવામાં આવ્યો. તેના ઉપર પણ પ્રતિબંધ લગાવવામાં આવ્યો. 1935 સુધી આ સ્થિતિ ચાલુ રહી.

1935માં જ્યારે મન્દિર પ્રવેશનો કાયદો બન્યો ત્યારે કાલારામ મન્દિરના દરવાજા બંધ રહી શક્યા નહીં. હવે 'અછૂત' પણ મન્દિરમાં જઈ શકતા હતા. જ્યાં સુધી સરકારી કાયદો બન્યો નહીં ત્યાં સુધી હિન્દુઓનું હૃદયપરિવર્તન થયું જ નહીં.

ગાંધીજીએ વિદેશી સરકાર પાસેથી રાજકીય અધિકારો મેળવવા માટે સત્યાગ્રહ કર્યો. ડૉ. આંબેડકરે મહાડ તળાવ પર અછૂતોના પાણી પીવાના તથા કાલારામ મન્દિરમાં ભગવાન રામના દર્શન કરવા માટે સત્યાગ્રહ કર્યો. ગાંધીજીએ ડૉ. આંબેડકર દ્વારા કરવામાં આવેલ સત્યાગ્રહોનો વિરોધ કર્યો કારણ કે ડૉ. આંબેડકર સવર્ણ હિન્દુઓ વિરુદ્ધ હતા, અને ગાંધીજી પણ સવર્ણ હિન્દુ હતા.



## અલગ મતાધિકાર

જેમ આપણા ઘરને આ મારું ‘ઘર’ કહીએ છીએ, તેમ લાખો કરોડો મનુષ્યો એક સાથે રહે છે તેને આપણે ‘દેશ’ કહીએ છીએ.

જે ઘરમાં એક ભાઈ બીજા ભાઈ પર દરેક પ્રકારના અત્યાચાર કરતો હોય, બીજા ભાઈને તે ભાઈ જ સમજતો ના હોય, તો શું આપણે આશા રાખીએ કે એ ‘ઘર’માં બધા ભાઈ-બહેન વધારે સમય એક સાથે રહી શકે ? ના. ગમે ત્યારે વહેલા કે મોડા તેઓ અલગ થઇ જ જશે.

અત્યાચારી ભાઈ તો કદાચ એવું નહીં ઇચ્છે કે તેનો ભાઈ અલગ થાય, કારણ કે જો અલગ થશે તો તે અત્યાચાર નહીં કરી શકે. અલગ રહેવાની વાત જ્યારે પણ કોઇના મુખેથી સાંભળીશું તો, તે એવા ભાઈના મુખેથી સાંભળીશું જેના પર બીજો ભાઈ અત્યાચાર કરતો હોય.

હિન્દુસ્તાનની વસ્તીનો લગભગ પાંચમો ભાગ આ ભાઈઓ છે, જે સદીઓથી અત્યાચાર સહન કરતો આવ્યો છે. અંગ્રેજોના દોઢસો વર્ષના શાસનકાળમાં ‘ગુલામોનો ગુલામ’ બની રહ્યો, અછૂતો અંગ્રેજોની રાજકીય ગુલામીના શિકાર બન્યા હતા. 12 નવેમ્બર, 1930માં લંડનમાં બ્રિટીશ પ્રધાનમંત્રી શ્રી રેમ્સે મેકડોનાલ્ડની અધ્યક્ષતામાં ગોળમેજી પરિષદ થઈ, તેમાં ભાષણ કરતા ડૉ. આંબેડકરે કહ્યું કે, “મારા અછૂત ભાઈઓની સ્થિતિ ગુલામોથી પણ ખરાબ છે. ગુલામોના માલિક તેમના ગુલામોને સ્પર્શ કરે છે. અમને તો સવર્ણ હિન્દુઓ સ્પર્શ કરવામાં પણ પાપ માને છે. બ્રિટીશ સરકાર પણ અમારા માટે કાંઈ કરી શકી નહીં. પહેલા પણ અમે ગામના કૂવેથી પાણી ભરી શકતા ન હતા અને આજે પણ ભરી શકતા નથી. પહેલા અમને મન્દિરમાં પ્રવેશ મળતો ન

હતો. આજે પણ પ્રવેશ મળતો નથી. પહેલા અમને પોલીસમાં અને લશ્કરમાં નોકરી મળતી ન હતી. દોઢસો વર્ષના અંગ્રેજોના શાસનમાં અમારી સ્થિતિમાં કોઇ પરિવર્તન આવ્યું નથી.”

ડૉ. આંબેડકરના ભાષણ વિશે એક અંગ્રેજ કહેતા હતા કે ડૉ. આંબેડકરનું ભાષણ સીધા નિશાન પર છોડવામાં આવેલું તીર છે. મનુષ્ય અનુભવોથી શીખે છે. ડૉ. આંબેડકર પોતાના અનુભવની પાઠશાળામાં એક વાત શીખ્યા કે સીધી રીતે કરવામાં આવતું કાર્ય સંપન્ન થતું નથી. તેમણે જોયું કે મુસલમાનોને હિન્દુ ‘અછૂત’ માનતા નથી. તે મુસલમાનોને કોંગ્રેસે 1916થી અલગ મતાધિકાર આપ્યો હતો, કોંગ્રેસનું આ ‘આંતરરાષ્ટ્રીય’ કાર્ય એટલા માટે રાષ્ટ્રીય માનવામાં આવ્યું; કારણ કે આ કામ કરનાર ‘રાષ્ટ્રપિતા’ના એકમાત્ર ઠેકેદાર ભારતીય કોંગ્રેસે કર્યું હતું. અત્યાર સુધી તેમણે ડૉ. આંબેડકર જેવા કોઈને પણ પ્રતિનિધિત્વ આપ્યું ન હતું. પરન્તુ હવે તેઓ પણ ‘અછૂતો’ માટે અલગ પ્રતિનિધિત્વ અને સંરક્ષિત જગાઓના આગ્રહી બની ગયા.

જે હિન્દુ-મુસ્લિમ પોતાના દેશમાં રહેવા છતાં એકતા સ્થાપિત કરી શકતા ન હતા. તેઓ શું લંડનમાં અંગ્રેજોની છત્રછાયા નીચે બેસી એક થઈ શકશે ? બિલાડીઓ અંદરોઅંદર લડતી હતી. ચતુર વાંદરો તેમને લડાવી રહ્યો હતો. આવી સ્થિતિમાં લંડનની પ્રથમ ગોળમેજી કોન્ફરન્સ સફળ ન થઈ. અને હિન્દુ-મુસ્લિમ સમજૂતી થઈ શકી નહીં. 19 જાન્યુઆરી, 1931માં પ્રથમ ગોળમેજી પરિષદ પુરી થઈ.

કોંગ્રેસ અને અંગ્રેજોની લડાઈ ચાલી રહી હતી. 13 ફેબ્રુઆરી, 1931માં જ્યારે ડૉ. આંબેડકરે લંડનથી વિદાય લીધી તો બે અઠવાડિયા બાદ 27 ફેબ્રુઆરી, 1931ના રોજ મુમ્બઇ આવી પહોંચ્યા. કેટલાય કોંગ્રેસીઓએ

ડૉ. આંબેડકરને કાળા વાવટા દેખાડ્યા. પરન્તુ ‘અછૂત’ જનતાએ મુમ્બઇમાં ડૉ. આંબેડકરનું ભવ્ય સ્વાગત કર્યું.

ડૉ. આંબેડકર એવી ધાતુના બન્યા હતા કે તેઓ ‘સ્વાગત’ કે ‘અસ્વાગત’ની પરવા કરતા ન હતા. તેમને જે વાત સાચી લાગે તે કોઇ પણ જાતની ભેળસેળ વગર કહી દેતા.

5 માર્ચ, 1931માં ગાંધીજીએ લૉર્ડ ઇરવિન સાથે સમજૂતી કરી. તે સમજૂતિ શું હતી ? કોંગ્રેસની હાર હતી. ગાંધીજીએ સવિનય કાનૂન ભંગ આંદોલન પાછું ખેંચી લીધું, પરન્તુ લૉર્ડ ઇરવિન પાસે પ્રસિદ્ધ દેશભક્ત સરદાર ભગતસિંહને ફાંસીની સજા રદ કરાવી શક્યા નહીં.

હવે લંડનમાં બીજી ગોળમેજી પરિષદનું નાટક રાખવામાં આવ્યું. ડૉ. આંબેડકર તો પહેલી ગોળમેજી પરિષદમાં ગયા હતા. બીજી પરિષદમાં પણ તેઓ ગયા. 15 ઓગસ્ટ 1931ની બીજી ગોળમેજી પરિષદમાં ભાગ લેવા લંડન રવાના થયા. પરન્તુ લંડન જતાં પહેલા તેમને ગાંધીજીને મળવું આવશ્યક લાગ્યું. 14 ઓગસ્ટના રોજ મણીભવનમાં ગાંધીજી અને ડૉ. આંબેડકરની મુલાકાત થઈ. વાતચીતનો સાર આ પ્રકારનો છે.

ગાંધીજી : “મેં સાંભળ્યું છે કે તમને મારી અને કોંગ્રેસની સામે કેટલીક ફરિયાદો છે. કોંગ્રેસ અછૂતોદ્ધાર માટે 24 લાખ રૂપિયા ખર્ચ કર્યા છે. ઘણું આશ્ચર્ય થાય છે કે આમ છતાં પણ તમે મારો અને કોંગ્રેસનો વિરોધ કરી રહ્યા છો ?’

ડૉ. આંબેડકર : “હું સ્પષ્ટ કહું છું કે, કોંગ્રેસે અછૂતોદ્ધારના નામ પર જે કર્યું તે માત્ર ઢોંગ છે. આ પૈસા નકામા ઉડાવી દીધા છે. કોંગ્રેસના સભ્ય બનવા માટે જેમ ખાદી પહેરવી આવશ્યક માનવામાં આવે છે તેમ શું ‘અસ્પૃશ્યતા’માં

ના માનવું એ અનિવાર્ય કરી શકાય નહીં ? કોંગ્રેસે આવું કર્યું હોત તો નાસિક જિલ્લા કોંગ્રેસ કમિટીના અધ્યક્ષ નાસિકમાં અછૂતોના મન્દિર પ્રવેશનો વિરોધ કરી શકત ? તમારી કોંગ્રેસ અંગ્રેજોનું હૃદયપરિવર્તન કેમ કરતા નથી ? હવે અમારો વિશ્વાસ ન તો તમારી ઉપર છે કે ન તમારી કોંગ્રેસ ઉપર, જો અમારો વિશ્વાસ કોઈના પર હોય તો એ જ છે કે અમે જ અમારો ઉદ્ધાર કરીશું. (अत दीपो भव)"

ગાંધીજી : "ગોળમેજી પરિષદના તમારા કાર્યનો રીપોર્ટ મને મળ્યો છે તેમાં માનું છું કે આપ એક મહાન દેશભક્ત છો."

ડૉ. આંબેડકર : "દેશભક્ત બનવા માટે આવશ્યક છે કે મનુષ્ય કોઈ દેશને પોતાનો દેશ કહી શકે. જે દેશના સાર્વજનિક સ્થળોએથી હું પાણી પણ પી શકતો નથી, તે દેશને હું 'આપણો દેશ' કેવી રીતે કહી શકું ? તો પણ મેં દેશની વિરૂદ્ધ કોઈ પણ કાર્ય ન કરતા અછૂતોના હિત માટે જે કાંઈ થઈ શકે તે અવશ્ય કર્યું છે. બધા માને છે કે અછૂતો મુસલમાન, શીખોની અપેક્ષાએ ઘણા પછાત છે. પહેલી ગોળમેજી પરિષદમાં મુસલમાનોની જેમ અછૂતોને અલગ પ્રતિનિધિત્વ આપવાનો નિર્ણય થયો છે. કોંગ્રેસ મુસલમાનોની માંગણી સ્વીકારી શકે છે, શું તેઓ અમારી માંગણીઓનો સ્વીકાર કરી શકશે ?"

ગાંધીજી : "હું હિન્દુઓથી અલગ અછૂતોને રાજકીય અધિકાર આપવાની વિરૂદ્ધ છું. આ તો હિન્દુઓ માટે એક પ્રકારનો આત્મઘાત થશે."

ડૉ. આંબેડકર : "આપના સ્પષ્ટ મંતવ્ય માટે હું તમારો આભારી છું. આપણા બન્નેની સ્થિતિ સ્પષ્ટ થઈ ગઈ છે. હું તમારી રજા લઉં છું.'


ત્યારબાદ ડૉ. આંબેડકર લંડન ગયા તેના બે સપ્તાહ પછી 24 ઓગષ્ટના રોજ ગાંધીજી, પંડિત મદનમોહન માલવીયા તથા સરોજીની નાયડુની સાથે લંડન

પહોંચ્યા. ત્યાં ગાંધીજીએ પોતાના એક ભાષણમાં કહ્યું : “કોંગ્રેસે શરૂઆતથી જ અછૂતોનું કામ હાથમાં લીધું છે. 1930માં કોંગ્રેસ એક મોટું પગલું ભરી અસ્પૃશ્યતા નિવારણને પોતાના રાજકીય કાર્યક્રમમાં દાખલ કર્યું.”

ગાંધીજી અને કોંગ્રેસનું (‘અછૂતોદ્ધાર’) આંદોલન હિન્દુઓના હિત માટે હતું અથવા તો કોંગ્રેસનું હિત સાધવાની દૃષ્ટિ હતી. ત્યારે ડૉ. આંબેડકરનો (‘અછૂતોદ્ધાર’) (‘અછૂત’) જનતાનું હિત કરવાની દૃષ્ટિએ કરવામાં આવ્યું હતું.

અહીં જ ડૉ. આંબેડકર અને ગાંધીજી વચ્ચે મોટું અંતર હતું. ગાંધીજી અછૂતોના પ્રતિનિધિ હોવાનો દાવો કરતા હતા. જ્યારે ડૉ. આંબેડકર વાસ્તવમાં તેમના પ્રતિનિધિ હતા.

ડૉ. આંબેડકરે એક પુસ્તક લખ્યું છે - ‘ગાંધીજી અને કોંગ્રેસે અછૂતો સાથે કેવો વ્યવહાર કર્યો છે’.



## 14

## પૂના કરાર

લંડનની ગોળમેજી પરિષદમાંથી ગાંધીજી ખાલી હાથે પાછા આવ્યા, તેમ છતાં ગાંધીજીનું જનતાએ જોર-શોરથી સ્વાગત કર્યું.

અમદાવાદમાં કોંગ્રેસીઓએ ડૉ. આંબેડકરને કાળા ઝંડા બતાવ્યા હતાં. જેને મુમ્બઇના અછૂતો ભૂલ્યા ન હતાં. તેમણે મુમ્બઇમાં ગાંધીજીને કાળા ઝંડા દેખાડી બદલો લીધો હતો. હવે (‘અછૂત’)એ (‘અછૂત’) રહ્યા ન હતાં. જેને સવર્ણ હિન્દુઓ લાતોના ભૂત માનતા આવ્યા હતાં. હવે તેઓ એવા ભૂત હતાં કે જે લાત મારનારના માથા પર ચઢી બેસતા હતાં.

5 ડિસેમ્બર 1931ના રોજ ડૉ. આંબેડકર લંડનથી અમેરિકા ગયા અને ત્યાંથી પરત લંડન આવી 29 જાન્યુઆરી, 1932ના રોજ ભારત પાછા આવ્યા. મુમ્બઇમાં ડૉ. આંબેડકરનું ધામધૂમથી સ્વાગત થયું. 100થી પણ વધુ સંસ્થાઓએ તેમને માનપત્ર આપ્યું.

એ સમયે અછૂતોમાં કેટલાક એવા પણ હતાં, કે જેઓ અલગ પ્રતિનિધિત્વના વિરોધી હતા. પરન્તુ બહુમતી લોકો અલગ મતાધિકારના સમર્થક હતા. શ્રી પી. એન. રાજભોજ સ્વયં ‘અછૂતો’માંના એક હતાં છતાં તેમણે અલગ પ્રતિનિધિત્વના વિરોધમાં ભારતીય દલિત જાતિ કોંગ્રેસના અધિવેશનમાં બોલવાનું શરૂ કર્યું તો બિચારાને માર ખાવો પડ્યો. શ્રી રાજભોજને વાગ્યું અને તેમને હૉસ્પિટલમાં રહેવું પડ્યું.

ડૉ. આંબેડકર તો હવે ઉગ્રરૂપથી અછૂતોના અલગ મતાધિકારના સમર્થક હતાં. તેઓ 26 મે 1932માં અછૂતોના અલગ પ્રતિનિધિત્વની માંગણી માટે લંડન ગયા. 17 ઓગસ્ટ, 1932ના રોજ ડૉ. આંબેડકર ભારત પરત આવ્યા. તેના બે

દિવસ બાદ 20 ઓગસ્ટ, 1932ના રોજ પ્રધાનમંત્રીએ કોમ્યુનલ એવોર્ડ- કોમી ચુકાદો જાહેર કર્યો. આ એવોર્ડમાં એવું કહેવામાં આવ્યું હતું કે (‘અછૂત’)જાતિઓને મુસલમાનની જેમ ‘અલગ પ્રતિનિધિત્વ’નો અધિકાર આપવામાં આવે છે અને તેઓ સામાન્ય ચૂંટણીમાં પણ ભાગ લઈ શકે છે. આ ડૉ. આંબેડકરનો પ્રથમ અને મહાન વિજય હતો. જેમાં અલગ મતદાર યાદી, બે મત આપવાનો અધિકાર તથા અલગ વસાહતો ચુકાદામાં હતી.

ગાંધીજી એ સમયે યરવડા જેલમાં હતાં. તેમણે બ્રિટિશ પ્રધાનમંત્રીને લખ્યું કે, તમે અછૂતોને અલગ પ્રતિનિધિત્વનો અધિકાર આપ્યો છે તેના વિરોધમાં હું આમરણાંત ઉપવાસ કરીશ. જ્યાં સુધી તમે એ અધિકાર પાછો ખેંચી ન લો, ત્યાં સુધી મારા ઉપવાસ ચાલુ રહેશે. ગાંધીજીનો નિર્ણય ખરેખર દલિત જાતિઓના હિત વિરુદ્ધ હતો.

ગાંધીજીએ 20 સપ્ટેમ્બર, 1932ના રોજ આમરણાંત ઉપવાસ શરૂ કર્યા. દેશમાં ચિંતા થવા લાગી. લોકોને ગાંધીજીનો પ્રાણ પ્યારો હતો. અછૂતો માટે અલગ પ્રતિનિધિત્વ યોગ્ય છે કે નહીં એ ચર્ચાનો વિષય થઈ શકે છે. અછૂતોને અલગ મતાધિકાર આપવાથી સામાન્ય રૂપથી દેશને નુકસાન તો નહીં થાય? આ પણ ચર્ચાનો વિષય હતો. પરન્તુ ગાંધીજીએ આમરણાંત ઉપવાસ ઉપર ઉતરી દેશની ચિંતનશક્તિ ને બુઠ્ઠી બનાવી દીધી. આ પ્રશ્નના પક્ષમાં કે વિરોધમાં કોઈ વિચાર જ થઈ શકે નહીં. ગાંધીજી પોતાના પ્રાણનો ત્યાગ કરવા તૈયાર હતા. ડૉ. આંબેડકર માટે આ સૌથી કપરી કસોટી હતી. 19 સપ્ટેમ્બર ગાંધીજીના આમરણાંત ઉપવાસના એક દિવસ પહેલા ડૉ. આંબેડકરે પંડિત મદન મોહન માલવિયાના પ્રમુખસ્થાને મુમ્બઇમાં એક પરિષદ બોલાવવામાં આવી હતી. તેમાં ડૉ. આંબેડકરે સ્પષ્ટ કહ્યું : “ગાંધીજીના પ્રાણ બચાવવા માટે દરેક પ્રકારના

ઉપાયો કરવામાં આવે, પરન્તુ મારી પાસે એ આશા ના રાખવી કે હું દલિતોના હિત વિરુદ્ધ મોં ફેરવી લઉં.”

ગાંધીજીને પૂનામાં ડૉ. આંબેડકરના નિર્ણયની સૂચના આપવામાં આવી. તેઓ નરમ પડી ગયા, તેમણે કહ્યું “હું અછૂનોને અનામત સ્થાન આપવાનો વિરોધી નથી.” તો અલગ પ્રતિનિધિત્વનો વિરોધ શા માટે? ડૉ. આંબેડકરે પોતાના સુંદર તર્ક દ્વારા એ સાબિત કર્યું કે અછૂતોને અલગ પ્રતિનિધિત્વ આપવા છતાં તેઓ હિન્દુ સમાજના અંગ બની રહેશે. ગાંધીજીની નબળાઈ અહીંયા છુપાયેલી હતી. ગાંધીજી આ વાત ને સમજી શક્યા હોત કે અલગ પ્રતિનિધિત્વ અછૂતોને આપવા છતાં તેઓ હિન્દુ સમાજનો ભાગ બની રહેશે, તો તેઓ કદાપિ અલગ પ્રતિનિધિત્વનો વિરોધ ન કરી, આમરણાંત ઉપવાસ ઉપર ઉત્તરી પોતાનો જીવ જોખમમાં ન મુકત. અછૂતોના અલગ પ્રતિનિધિત્વનો વિરોધ કરીને પોતાનું જીવન ભયમાં મૂકી એ અહિંસાના પુજારી દ્વારા હિંસા કરવામાં આવી હતી. દલિતોના હિતોની હિંસા. સામાન્ય લોકોના વિચાર સ્વતંત્રતાની હિંસા.

20 સપ્ટેમ્બરના રોજ મુમ્બઇમાં જ્યારે બીજી પરિષદ થઈ ત્યારે ડૉ. આંબેડકરને કહેવામાં આવ્યું કે ગાંધીજી અછૂતોને અનામત જગ્યા આપવાના પક્ષપાતી છે પરન્તુ અલગ પ્રતિનિધિત્વ આપવાના નહીં. છતાં પણ ડૉ. આંબેડકર મક્કમ રહ્યા. તેમણે કહ્યું, “તમારી દષ્ટિએ હું આ નાટકનો ખલનાયક કેમ ન હોઉં ? હું જે બાબત દલિતોના હિતમાં સમજુ છું તેને છોડીશ નહીં.”

પરિસ્થિતિ ઘણી મુશ્કેલ હતી. ડૉ. આંબેડકરના હાથમાં ગાંધીજીના પ્રાણ હતાં. ગાંધીજી પોતાના આમરણાંત ઉપવાસમાં ખરાબ રીતે ફસાઈ પડ્યા હતાં. દરેક બાજુથી ડૉ. આંબેડકર પર દબાણ થતું હતું. ડૉ. આંબેડકર એક મહાન

માનવતાવાદી હતાં. તેમણે ગાંધીજીના પક્ષમાં રહેલા રાજગોપાલાચાર્ય જેવા રાજનીતિજ્ઞ સાથે એવી રીતે સમજૂતી કરી કે દલિતોનું હિત પણ સચવાય અને ગાંધીજીના પ્રાણ પણ બચી જાય, સાપ મરી જાય અને લાકડી પણ ના તૂટે.

અલગ પ્રતિનિધિત્વ એ કોઈ સિદ્ધાંતનો પ્રશ્ન ન હતો. કોમ્યુનલ એવોર્ડ - કોમી ચુકાદા પ્રમાણે દલિતોને 71 બેઠકો મળવાની હતી. પૂનાકરાર પ્રમાણે તેમને 148 બેઠકો મળે એવું નક્કી કરવામાં આવ્યું. એ દરેક અનામત જગ્યામાંથી દલિત વર્ગના ચાર-ચાર ઉમેદવારો ચૂંટવામાં આવે. જેમાંથી એક સામાન્ય ચૂંટણીમાં ચૂંટવાનો હતો.

25 સપ્ટેમ્બર, 1932ના રોજ જ્યારે પૂનામાં સમજૂતી થઈ ત્યારે મુમ્બઇમાં એક સભા થઈ. જેમાં કહેવામાં આવ્યું કે આ પરિષદ નિર્ણય કરે છે કે કોઈને પણ જન્મના કારણે અછૂત માનવામાં નહિ આવે. કોઈ પરિષદના નિર્ણયથી શું થવાનું હતું. જ્યારે આજદિન સુધી અસ્પૃશ્યતા વિરોધી કાયદાની રાત-દિવસ અવહેલના થતી રહી છે.

રાજકીય કાર્ય ન કરવાની શરતે ગાંધીજીને જેલમાંથી મુક્તિ મળી હતી. આથી એ દિવસોમાં ગાંધીજીએ ‘હરિજનોદ્ધાર સેવક સંઘ’ સમાચાર પત્ર શરૂ કરીને અછૂતોની સેવાનું કાર્ય આગળ વધારવાનું ઉચિત સમજ્યા, આ માટે તેમણે ભારતના બધા રાજ્યોનો પ્રવાસ કર્યો તેમણે 40 કરોડ વસ્તીવાળા દેશમાં બધા રાજ્યોમાંથી એક લાખ રૂપિયા મળ્યા.

1921માં તિલક સ્વરાજ ફંડ માટે એક કરોડ રૂપિયાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો હતો. 31 ડિસેમ્બર પહેલા ઉપરોક્ત રકમ- એક કરોડ રૂપિયા જમા થઈ ગયા. હવે ગાંધીજીએ હરિદ્વાર માટે દેશવ્યાપી પ્રવાસ કર્યો. જે કોઈ તેમના હસ્તાક્ષર ઈચ્છતા હોય તેમને હસ્તાક્ષર રૂપિયા પાંચમાં કરી આપી હરિજન ફંડ

માટે પૈસા લેતાં. આટલું બધું કરવા છતાં સાત કરોડ અછૂતોનાં ઉદ્ધાર માટે કેવળ આઠ લાખ રૂપિયા મળ્યા. આ રૂપિયામાંથી મોટો ભાગ અછુતોદ્ધાર કાર્ય કરનાર હિન્દુ કાર્યકર્તાના ખિસ્સામાં ગયો.

ગાંધીજી કેવળ અછુતોનો ઉદ્ધાર કરવા માંગતા હતાં. અછુતોદ્ધાર એટલે અમુક અછૂતોને શિક્ષણ વગેરે સુવિધાઓ આપવામાં આવે. જ્યારે ડૉ. આંબેડકર અસ્પૃશ્યતાનો નાશ કરવા માટે મહેનત કરતા હતાં અને અસ્પૃશ્યતાને હટાવવા માટે કોઈ પણ કાર્ય કરવા તૈયાર હતાં.

ગાંધીજીએ ‘હરિજન સેવક સંઘ’ બનાવ્યું જે હિંદુઓમાંથી કેટલાક સજ્જનોનું બોર્ડ હતું. જ્યારે એમ કહેવામાં આવ્યું કે આ બોર્ડમાં અછૂતો પણ હોવા જોઈએ તો ગાંધીજીએ તેનો વિરોધ કરી કહ્યું- અસ્પૃશ્યતાના પાપનું પ્રાયશ્ચિત કરવા માટે હિન્દુઓ એ જ અછુતોદ્ધારનું કાર્ય કરવું જોઈએ. હિન્દુઓના પૈસાથી સંઘનું કાર્ય થઈ રહ્યું હતું. અછૂતોની માંગણી ઉચિત નથી કે સંઘના કેન્દ્રિયબોર્ડમાં કોઈ સ્થાન તેમને મળવું જોઈએ.

ગાંધીજીએ સ્પષ્ટ કહ્યું (‘હિન્દુ’) એ (‘હિન્દુ’) છે અને (‘અછૂત’) એ (‘અછૂત’) છે. જો અછૂતોની ગણતરી હિંદુઓમાં થાય છે તો સંઘના સેન્ટ્રલ બોર્ડમાં સભ્ય કેમ બની ન શકે? અછૂતો હિન્દુઓના મરણમાં જઈ શકતા ન હતાં. તેમના બાળકો બીજા બાળકો સાથે ભણી શકતા ન હતાં અને હરિજન સેવક સંઘના સેન્ટ્રલબોર્ડના સભ્યો બની શકતા ન હતાં તો પણ હિન્દુ હતાં.

મહાત્મા જ્યોતિરાવ ફૂલે અને ડૉ. બાબાસાહેબ આંબેડકરનું સાહિત્ય તેમ જ ભીમ કેલેંડર, આંબેડકરી-બૌદ્ધ સાહિત્ય, ભીમ કથા, બૂક સ્ટોલ માટે સંપર્ક કરો :

પ્રકાશ બેન્કર : 98988 60670
કીર્તિ ચૌહાણ : 9537072020
ધીરેન સોંદરવા : 94270 27915
જતીન મર્ચન્ટ : 97370 59711

15

# ગાંધીજી અને ડૉ. આંબેડકર

કેટલાક લોકો ‘હિન્દુ’ શબ્દને પ્રાચીન માને છે. અને તેના અનેક અર્થ કરે છે. તેનો સાચો અર્થ એટલો જ થાય છે કે પ્રત્યેક ભારતવાસી જે પોતાને બૌદ્ધ નથી કહેતો, શીખ, મુસ્લીમ, ખ્રિસ્તી અને જૈન નથી કહેતો તે હિન્દુ છે.

હિન્દુ ધર્મ ‘વર્ણાશ્રમ’ કહેવામાં આવે છે. એનો અર્થ એ કે પ્રત્યેક હિન્દુ તેના સામાજીક ધર્મ અનુસાર ચાર ભાગમાંથી કોઈ પણ એક ભાગની અંદર રહેલો છે. તે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શૂદ્ર છે. ‘દલિતો’ કે ‘અછૂત’ શૂદ્રનો એક પાંચમો વર્ગ માનવામાં આવે છે. જેને ‘અતિશુદ્ર’ પણ કહેવામાં આવે છે.

કેટલાક લોકો વિવાદ કરે છે કે આ વર્ણ-ધર્મ ઈશ્વર કૃત છે કે મનુષ્યકૃત...? જ્યારે સ્વયં ઈશ્વર જ ભયભીત મનુષ્યની કલ્પનામાત્ર છે, ત્યારે વર્ણ-ધર્મ ઈશ્વરકૃત હોવાનો પ્રશ્ન ઉભો થતો જ નથી. જો તે કોઈની રચના છે, તો તે કોઈ પ્રાણીની રચના છે અને વર્ણ-ધર્મ તો ચોક્કસ મનુષ્યની રચના છે.

ગાંધીજી ઈશ્વરવાદી હતા ડૉ. આંબેડકર આ મિથ્યા વિશ્વાસથી મુક્ત હતા એટલે ગાંધીજી વર્ણ-ધર્મને ઈશ્વરની રચના માનતા હતા અને ડૉ. આંબેડકર તેને મનુષ્યકૃત માનતા હતા.

હવે બીજો પ્રશ્ન છે - શું આ વ્યવસ્થા મનુષ્યના જન્મ પર નિર્ભર છે કે ગુણકર્મ પર ? ગાંધીજી તો તેને જન્મ પર આધારિત માનતા હતા અને સ્વામી દયાનંદ વગેરે મહાનુભાવો તેને ગુણકર્મ અનુસાર માનતા હતા. ડૉ. આંબેડકર આ ચાર્તુવણીય વ્યવસ્થા કે અવ્યવસ્થાને માનતા જ ન હતા.

જે લોકો તેને જન્મ આધારિત માને છે તેને એક પ્રશ્ન પૂછવો છે. જો મનુષ્ય પહેલા પેદા થયો અને ત્યારબાદ વ્યવસ્થા બની તો તેનો અર્થ એ થયો કે એક

સમય હતો જ્યારે મનુષ્ય પેદા થયો ત્યારે આ વ્યવસ્થા ન હતી. જો તે એમ કહે કે વ્યવસ્થા પહેલા પેદા થઈ. અને મનુષ્ય ત્યારબાદ પેદા થયો. તો હું પૂછવા માંગુ છું કે જો મનુષ્ય જ ન હતો તો વ્યવસ્થા કોના માટે હતી ?

ખરેખર વાત એમ છે કે વર્ણવ્યવસ્થા નીચ-સ્વાર્થી લોકોની રચના છે. અને તેના જ જોરે તે ટકી રહી છે. બીજા કેટલાક લોકો તેને કર્મ આધારીત હોવાનું માને છે. તેમને પૂછી શકાય કે મનુષ્યે પહેલા કર્મ કરવાનો આરંભ કર્યો, અથવા તેના કર્મના આરંભ કર્યા પહેલા તેની વ્યવસ્થા કરવામાં આવેલી, જો મનુષ્યે પહેલા કર્મ કરવાનો આરંભ કર્યો અને વ્યવસ્થા આવી તો તેનો અર્થ એ થયો કે એક સમય હતો જ્યારે તેને બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, કે શુદ્ર કાંઈ પણ કહેવામાં આવતો ન હતો. જો કોઈ કહે કે વ્યવસ્થા પહેલા હતી તો જ્યારે મનુષ્ય કર્મ જ કરતો ન હતો તો કર્માનુસાર વ્યવસ્થા કેવી રીતે સંભવી શકે ? એક પહાડીપ્રદેશમાં આર્યસમાજના ગુરુકૂળ કાંગડીમાં બે 'સ્નાતકો' રહેતા હતા. એક જન્મ અનુસાર વર્ણ-ધર્મનો પક્ષમાં તો બીજો ગુણકર્માનુસારના પક્ષમાં માનતો હતો. મેં જાણ્યું કે બ્રાહ્મણના ઘેર જન્મ્યો હતો તે જન્માનુસાર (ચાલુ) વર્ણવ્યવસ્થાને માનતો હતો. જે અબ્રાહ્મણના ઘરમાં જન્મ્યો હતો તે ગુણકર્માનુસાર માનતો હતો. આર્યસમાજ કેટલાક લોકો જેઓ બ્રાહ્મણના ઘરમાં પેદા થયા ન હતા તેમને ગુણકર્માનુસાર પંડિત બનાવ્યા. પરન્તુ તેઓ આજસુધી કોઈ એક મનુષ્યને જે કોઈ બ્રાહ્મણના ઘેર જન્મ્યો હોય તેને ગુણકર્મ પ્રમાણે શૂદ્ર મનાવવામાં સફળ થઈ શક્યા નથી.

આજની દુનિયામાં ચાતુર્વર્ણ વ્યવસ્થા એક કલ્પના માત્ર છે. તેનો વ્યવહાર સાથે કોઈ સમ્બન્ધ નથી. જો સમ્બન્ધ હોય તો એટલો જ છે કે બ્રાહ્મણનો છોકરો દરેક પ્રકારે અયોગ્ય હોવા છતાં પણ આદર સત્કારનો અધિકારી બને છે. અને

સામાન્ય લોકોના છોકરા દરેક પ્રકારની યોગ્યતા હોવા છતાં પણ સામાજીક જીવનમાં આદર સત્કારથી જીવનભર વંચિત રહે છે. ડૉ. ભીમરાવ આંબેડકરનું જીવન આનું સૌથી મોટું ઉદાહરણ છે. ગાંધીજી ચાતુર્વર્ણના નામે જાત-પાંતમાં માનતા હતા અને કહેતા કે બેટાએ બાપનો ધંધો કરવો જોઈએ. હું ક્ષમા ચાહું છું. એક પ્રશ્ન પૂછું છું ગાંધીજીએ સ્વયં પોતાના પિતાનો ધંધો કેમ ના અપનાવ્યો ? તેમના પિતા વાણીયા હતા અને રાજકોટના દીવાન હતા. આથી ગાંધીજીએ જીવનભર ત્રાજવા તોલવા જોઈએ. આમ, ચાતુર્વર્ણમાં માનનાર ગાંધીજીએ મહાત્મા બની લોકોને ઉપદેશ આપવાનો ધંધો કરવો જોઈએ ?

આજે સમાજમાં હજારો નવા ધંધાઓ ખુલી રહ્યા છે તેને જબરજસ્તીથી કોઈ પણ રીતે ચાર વર્ગમાં વહેંચી શકાય તેમ નથી.

જ્યાં સુધી ભારત ચારવર્ણોની કલ્પના જન્મ-જાતિના આધારમાત્રથી મુક્ત નહીં બને, ત્યાં સુધી જાત-પાંતના વહેમમાંથી મુક્ત નહીં બને. અને જ્યાં સુધી જાત-પાંતાના વહેમથી મુક્ત નહીં થાય ત્યાં સુધી અસ્પૃશ્યતાના વહેમમાંથી મુક્ત નહીં થાય.

ગાંધીજી સમજતા હતા કે તેમના સેવાગ્રામના આશ્રમવાસી બ્રાહ્મણ-ક્ષત્રિય હોવા છતાં શોખ ખાતર જાજરૂ-પેશાબખાનું સાફ કરતાં તથા કેટલાક અછૂતોને મન્દિર પ્રવેશ કરાવવા માત્રથી અસ્પૃશ્યતાની સમસ્યા હલ થઈ જશે.


દરેક મા પોતાના બાળકનું ગંદુ ઊઠાવે છે. શું તેનાથી તેનો વર્ણ બદલાય જાય છે ? એવા મન્દિરો કે જેમાં કૂતરો પ્રવેશ મેળવી શકે છે, ત્યાં અછુતોને પ્રવેશ મળવાથી શું તેમની અસ્પૃશ્યતા દૂર થઈ જાય છે ?

ગાંધીજી ‘અસ્પૃશ્યતા’ દૂર કરવા માંગતા હતા; કારણેકે તેમને ડર હતો કે જો સમય જતાં ‘અસ્પૃશ્યતા’ દૂર નહીં થાય તો હિન્દુ-ધર્મ મટી જશે.

ડૉ. આંબેડકરને હિન્દુ-ધર્મની ચિંતા ન હતી. તેઓ એ વાતની ચિંતા કર્યા વગર દલિતોની અસ્પૃશ્યતાને દૂર કરવા માંગતા હતા. હિન્દુ-ધર્મનું શું થશે ? આ બાબતમાં ગાંધીજી કરતા ડૉ. આંબેડકર આગળ હતા.

ડૉ. આંબેડકરનો સૌથી મોટો શત્રુ ‘અસ્પૃશ્યતા’ હતી. ડૉ. આંબેડકરથી શ્રેષ્ઠ અછૂતોના પ્રતિનિધિ આજસુધી કોઈ પેદા થયો નથી.

ગાંધીજી હિન્દુઓના નેતા હતા. સ્વરાજ આંદોલનના સેનાપતિ હતા, ત્યાં સુધી બરાભર છે; પરન્તુ દલિત વર્ગના પ્રતિનિધિ હોવાનો તેમનો દાવો એટલો યોગ્ય ન હતો એ સત્યને ગાંધીજી જીવનભર જોઈ શક્યા નહીં. ગાંધીજી પોતાને અછૂતોના પ્રતિનિધિ જબરજસ્તીથી માનતા હતા જ્યારે ડૉ. આંબેડકર યથાર્થ પ્રતિનિધિ હતા. આજ મોટું અંતર બન્ને મહારપુરુષો વચ્ચે હતું.



16

# હિન્દુ ધર્મને નમસ્કાર

કોઈએ કહ્યું છે કે ઇમર્સન જેવા મહાપુરુષને સમજવા માટે ઇમર્સન જેવા મનુષ્ય જોઈએ. એ જ રીતે એમ પણ કહી શકાય કે ડૉ. ભીમરાવ આંબેડકરને સમજવા માટે કોઈ બીજા જ ભીમરાવ આંબેડકર જોઈએ.

ડૉ. આંબેડકર વિદ્યાર્થી હતા ત્યારે કોઈ એવું કષ્ટ નહીં હોય જે તેમણે સહન કર્યું ન હોય. અને કોઈ એવું અપમાન નહીં હોય જે તેમનું થયું ન હોય. તેઓ ભણીગણીને વિદ્વાન બન્યા હોવા છતાં પણ અભિમાની હિન્દુઓએ તેમની સાથે હલકો વ્યવહાર કરતા રહ્યા. શ્રી જોષી જેવા ભણેલા-ગણેલાએ પોતાના ઘેર આંમત્રણ આપી અને પત્નીના ડરથી પોતાના વચનમાંથી ફરી જઈ, સ્ટેશન પર પોતાના નોકરને મોકલી ને કહેડાવ્યું કે મારે ઘરે આવતા નહીં. ડૉ. આંબેડકરે આવા હિન્દુઓના મન પરિવર્તન માટે મહાડમાં પાણીનો સત્યાગ્રહ કર્યો. નાસિકમાં મન્દિર પ્રવેશ માટે સત્યાગ્રહ કર્યો. બન્ને સ્થળોએ તેમના ખરાબ હાલ થયા. આ અપમાનનો ઘૂંટડો માત્ર ડૉ. આંબેડકર જ પી શકે. જો કોઈ બીજો મનુષ્ય હોત તો કહેત કે અમે જે તળાવનું પાણી પી શકતા નથી તેનું પાણી તમે પણ પી નહીં શકો. જો અમને મન્દિરમાં જવા દેવામાં નહીં આવે તો તમને પણ જવા દઈશું નહીં. એક બ્રાહ્મણનો છોકરો કહેતો હતો કે જો હું અછૂત હોત અને મને ગામના કૂવેથી પાણી પીવા ના દેત તો હું એ કૂવામાં એવી વસ્તુ નાંખત કે ગામનો કોઈ પણ માણસ તે કૂવાનું પાણી પી શકે નહીં.

ડૉ. આંબેડકરે આવું કશું જ કર્યું નહીં. તેમણે અછૂતોને સબળ બનાવવા મુસલમાનોની જેમ અલગ પ્રતિનિધિત્વ સામે પોતાના પ્રાણની બાજી લગાવી દીધી. ડૉ. આંબેડકર ગાંધીજીના પ્રાણ લઈ અછૂતોને અલગ પ્રતિનિધિત્વ

અપાવવા માગતા ન હતા. તેમણે પોતાની માંગણીમાં ઢીલાશ મૂકી. પૂના કરાર થયો. ગાંધીજી ના પ્રાણ બચી ગયા. હિન્દુઓએ અછૂતોદ્ધાર માટે પ્રયત્ન કર્યા પરન્તુ તેમને સફળતા ન મળી. હિન્દુ લોકો 'હરિજનો'ની સેવા કરી શકતા હતા. પરન્તુ એ વાતના આગ્રહી હતા કે હરિજન 'હરિજન' જ બની રહે. બિચારાઓને હમ્મેશાં એ જ ચિંતા સતાવ્યા કરતી હતી કે જો 'હરિજન' જ ના રહે તો તેઓ સેવા કોની કરશે ?

હરિજનો, દલિતો-અછૂતોને હરિજન કે દલિત-અછૂત ન માનવા માટે એ આવશ્યક છે કે જાત-પાંતના માળખાને તોડી નાખવું અને તેના માટે આવશ્યક છે કે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શૂદ્ર વગેરે વર્ણ-ભેદનો નાશ કરી નાખવો. આ માટે ન તો ગાંધીજી તૈયાર હતા કે ન તો તેમના અનુયાયીઓ આવી સ્થિતિમાં ડૉ. આંબેડકરને એક બુદ્ધિવાદી નિર્ણય કરવો પડ્યો કે જે હિન્દુ ધર્મ- જાતિભેદ કે વર્ણભેદનું બીજું નામ છે તેનો ત્યાગ જ કરવો. 13 ઓકટોબર, 1935માં યેવલામાં જે પરિષદ મળી તેમાં ડૉ. ભીમરાવ આંબેડકરે 'ભીમ પ્રતિજ્ઞા' કરી.

"દુર્ભાગ્યથી હું હિન્દુ સમાજમાં અછૂત તરીકે પેદા થયો. આ મારા હાથની વાત ન હતી, પરન્તુ હિન્દુ સમાજમાં ન રહેવું એ મારા હાથની વાત છે. હું આપ સૌને વિશ્વાસ અપાવવા માંગુ છું કે મૃત્યુ સમયે 'હિન્દુ' રહી મરીશ નહીં."

'ગાંધીજી, ડૉ. રાજેન્દ્રપ્રસાદ, વીર સાવરકર વગેરે હિન્દુ નેતાઓએ હિન્દુ ધર્મ માટે આને અપશુકન માન્યું. તેઓ ફક્ત દુઃખ પ્રગટ કરી રહી ગયા. તેઓ પણ શું કરી શકે? હિન્દુ મિશનરી શ્રી મસૂરકર મહારાજે હિન્દુઓના હૃદયપરિવર્તન માટે ડૉ. આંબેડકરને વિશ્વાસ અપાવ્યો. તેઓ ડૉ. આંબેડકરને પ્રભાવિત કરવા લાગ્યા, ત્યારે ડૉ. આંબેડકરે કહ્યું : "અમારા એક અછૂત

કાર્યકર્તાને શંકરાચાર્યની ગાદી પર એક વર્ષ સુધી બેસાડો અને એકસો ચિત્પાવન બ્રાહ્મણ પરિવાર તેમને સાષ્ટાંગ પ્રણામ કરે, તો હું સમજીશ કે હિન્દુઓનું હૃદયપરિવર્તન થયું છે.”

બિચારા મસૂરકર મહારાજ પાસે આનો શો જવાબ હોય ? ત્યારે જવાબ ન હતો અને આજે પણ કોઈની પાસે નથી. લાહોરમાં જાત-પાંત તોડક મંડળનું અધિવેશન મળી રહ્યું હતું ડૉ. આંબેડકર આ અધિવેશનના અધ્યક્ષ તરીકે પસંદ થયા. પરન્તુ જ્યારે મંડળના કેટલાક આયોજકોને એ વાતની જાણ થઈ કે ડૉ. આંબેડકર છાપેલ ભાષણ દ્વારા પોતાના વિચારો પ્રકટ કરવાના છે. ત્યારે તેઓએ આ અધિવેશન જ બંધ રાખ્યું. પરન્તુ પાછળથી ડૉ. આંબેડકરે આ ભાષણને પુસ્તકના રૂપમાં છપાવ્યું જેનું નામ હતું ‘જાતિભેદનો ઉચ્છેદ’ આ ભાષણ જેણે વાંચ્યું તેઓ બાબાસાહેબ પર વારી ગયા... આ ભાષણમાં ડૉ. આંબેડકરે કહ્યું હતું -

1. વર્ણ-ભેદના કારણે હિન્દુઓમાં વાસ્તવિક ગુણ વિકસિત થઈ શક્તા નથી. તે જાત-પાંતના કારણે દબાય છે.
2. વર્ણ-ભેદના કારણે હિન્દુઓનો ફેલાવો થઈ શકતો નથી. કોઈ પણ બીજા ધર્મના મનુષ્યો જો શુદ્ધ કરી હિન્દુ બનાવવમાં આવે તો, તેને બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શુદ્ર બનાવી શકતા નથી. આથી તેની સામાજીક હાલત ડામાડોળ બની જાય છે.
3. વર્ણ-ભેદના કારણે શુદ્રજનને કોઈ લાભ નથી. વર્ણ-ભેદના કારણે હિન્દુ જનતાનો મોટો ભાગ સૈનિક સેવામાંથી અયોગ્ય ઠરાવવામાં આવ્યો છે.
4. વર્ણ-ભેદના કારણે દલિત, અછૂત જાતિઓ એટલી પદદલિત બની ગઈ છે કે કોઈ પણ પ્રકારની ‘ક્રાંતિ’ની વાત વિચારી શકે તેમ નથી.

5. વર્ણ-ભેદને માનનારા એટલા માટે માને છે કે તેમ માનવું પોતાનો ધર્મ સમજે છે, વર્ણ-ભેદ ચાલુ રાખી હિન્દુઓ જાતિભેદ કે અસ્પૃશ્યતાના વહેમમાંથી મુક્ત થઈ શકે નહીં.

ડૉ. આંબેડકરે આ ભાષણમાં હિન્દુ જાતિના કલ્યાણ માટે બે સૂચનો કર્યા હતા. (1) હિન્દુ ધર્મનો કોઈ એક જ એવો પ્રમાણિત ગ્રંથ તૈયાર કરવામાં આવે કે તે ગ્રંથમાં જાતિભેદ કે અસ્પૃશ્યતાને સ્થાન ન હોય.

(2) પુરોહિતનો ધંધો વંશાનુગત પરંપરાગત ન રહેવા દઈ પ્રત્યેક શિક્ષિત હિન્દુને પુરોહિતની સનદ આપવી જોઈએ. જેથી તેઓ સંસ્કાર કરી અને કરાવી શકે એવો અધિકાર આપવો જોઈએ.

ડૉ. આંબેડકરે ઘોષણા કરી હતી કે તેઓ હિન્દુ તરીકે મરશે નહીં તો પણ તેમને હિન્દુ સમાજના કલ્યાણની ચિંતા હતી. મહાપુરુષોનું હૃદય વજથી પણ કઠોર તથા કુસુમથી પણ કોમળ હોય છે.

તેમણે પોતાના પુસ્તકો રાખવા માટે ‘રાજગૃહ’ નામનું વિશાળ ભવન બનાવ્યું. એક વાર જ્યારે તેમને આંખનું દર્દ થયું ત્યારે ડર લાગ્યો કે તેમની આંખો જતી ન રહે... તેઓ વાંચવા-લખવાના કામથી વંચિત થઈ જાશે. આમ વિચારી નાના બાળકની જેમ રડી પડતા.

પોતાની પતિપરાયણ પત્ની રમાબાઈનું અવસાન થતાં ડૉ. ભીમરાવ આંબેડકર નાના બાળકની જેમ રડતા રહ્યા.

ડૉ. આંબેડકરમાં દૃઢતા અને કોમલતાનું અદ્‌ભુત મિશ્રણ હતું.

શું તેને ક્યારેય ભૂલી શકાય?

આ અભાગી હિન્દુ ધર્મ ડૉ. આંબેડકર દ્વારા અપાયેલ ચેતવણીથી સજગ થઈ ગયો હોત તો.....

17

## માનવતાના હિતચિંતક

પોતાની સાધના તથા વિદ્વતાથી ડૉ. આંબેડકરને ઉત્તરોત્તર ભારતીય સમાજમાં જે સ્થાન મળી રહ્યું હતું અને જે પ્રતિષ્ઠા મળી રહી હતી, તેના કારણે ‘હિન્દુ’ રહેવા છતાં પણ તેઓ કોઈ પણ હિન્દુ રૂઢિને તોડી શકતા હતા. આમ પણ હિન્દુ સમાજ તેમને અતિશૂદ્ર કે બહિષ્કૃત માનતા હતા. તેમના માટે કોઈ પણ રૂઢિને તોડવાનો કે માનવાનો પ્રશ્ન ઊભો થતો જ નથી. પરન્તુ તેમણે આખો પ્રશ્ન ‘એક જાતિ’ના હિતચિંતનની દૃષ્ટિથી વિચારવાનો હતો. કરોડો દલિત, અછૂતોના હિતની દૃષ્ટિએ વિચારવાનો હતો. તેમણે ધર્માન્તરની ઘોષણા પોતાની જાતિના હિતની માટે કરી હતી.

ડૉ. આંબેડકર કોઈના પર પોતાના વિચારો જબરજસ્તીથી લાદનારા મહાપુરુષ ન હતા. તેમણે મહારાષ્ટ્રની અછૂત જાતિઓમાંથી એક અર્થાત્ મહાર જાતિ, જેમાં તેમનો જન્મ થયો હોવાથી, તેઓએ મત જાણવા માટે અને તેમની સામે પોતાના વિચારો પ્રકટ કરવા માટે 30 અને 31 મે, 1939ના રોજ મુમ્બઇમાં મહાર જાતિની પરિષદ બોલાવી. એ પરિષદમાં ડૉ. આંબેડકરે જે ભાષણ આપ્યું તે વિશ્વવિખ્યાત વકતાઓના વક્તવ્યઓમાંથી એક ગણવાના અધિકારી છે. આ ઐતિહાસિક વક્તવ્યમાં ડૉ. ભીમરાવ આંબેડકરે આ પ્રમાણે ભીમ ગર્જના કરી. “અસ્પૃશ્યતાનો પ્રશ્ન બે વર્ગો વચ્ચેના સંઘર્ષનો પ્રશ્ન છે.”

“જે લોકો પોતાને પવિત્ર અને આપણને અપવિત્ર માને છે. પોતાને ઊંચા અને બીજાને નીચા માને છે. તેમની માન્યતા પ્રમાણે ઊંચનીચની વ્યવસ્થા

સનાતન છે. અર્થાત્ તેઓ સદાય પોતાને પવિત્ર માનતા રહે અને આપણે હમ્મેશાં અપવિત્ર, તેઓ ઊંચી જાતિમાં રહે અને આપણે સદાય નીચી જાતિમાં. શું હિન્દુ બનીને રહેવાથી આ સમ્બન્ધમાં કોઈ પરિવર્તન લાવી શકાશે ખરૂ ?"

કદાપિ નહીં.

"જ્યાં સુધી આપણે હિન્દુ છીએ ત્યાં સુધી આપણે આ અન્યાયનો પ્રતિકાર કરી શકીશું નહીં."

"અન્યાયનો પ્રતિકાર કરવા માટે બળ જોઈએ. મનુષ્યબળ, દ્રવ્યબળ તથા માનસિકબળ. આપણી પાસે ત્રણેય બળમાંથી એક પણ બળ નથી."

"હિન્દુ ધર્મની રચના વર્ણ-કલ્પના પર આધારિત છે. એક વ્યક્તિએ બીજી વ્યક્તિ સાથે કેવી રીતે વ્યવહાર કરવો. તે ઉપદેશ તો હિન્દુ ધર્મમાં છે. પરન્તુ એક વ્યક્તિ એ બીજી વ્યક્તિની સાથે કેવો વ્યવહાર કરવો તેનું શિક્ષણ હિન્દુ ધર્મમાં નથી."

"જે ધર્મ એકને શિક્ષિત બનાવે અને બીજાને અભણ, અશિક્ષિત બનાવી રાખે, તે ધર્મ નથી, પરન્તુ લોકોને મુર્ખ બનાવી રાખનારુ ષડ્યંત્ર છે. જે ધર્મ એકના હાથમાં શસ્ત્ર આપી અને બીજાને નિઃશસ્ત્ર બનવી રાખે છે તે ધર્મ નથી, પરન્તુ એક દ્વારા બીજાને ગુલામ બનાવી રાખનારી ગુલામીનું ષડ્યંત્ર છે. જે ધર્મ કેટલાક લોકો માટે ધન પ્રાપ્ત કરવા માટેનો માર્ગ કરી આપે છે અને બાકીના લોકોને જીવનનિર્વાહ માટે બીજા પર આધાર રાખવાનું શિક્ષણ આપે છે. તે ધર્મ નહીં સ્વાર્થપરાયણતા છે. જે ધર્મમાં એક વર્ગને ફક્ત વિદ્યાભ્યાસ કરવાનો અને બીજા વર્ગને શસ્ત્ર ધારણ કરવાનો, ત્રીજા વર્ગને

ફક્ત વ્યાપાર કરવાનો તથા ચોથા વર્ગને માત્ર પહેલા ત્રણેય વર્ગની સેવા કરવાનું કહેવામાં આવ્યું છે. એ ધર્મ મને મંજુર નથી.”

“એક મનુષ્ય બીજા મનુષ્યને એટલો પતિત સમજે કે તેનો સ્પર્શ કરવાની મનાઈ કરે એવી પ્રથા હિન્દુ ધર્મ અને હિન્દુ સમાજ સિવાય બીજી કોઈ પણ જગાએ નથી. અસ્પૃશ્યતા એ હિન્દુ ધર્મનું કલંક છે. એવું કેટલાક લોકો કહે છે, પરન્તુ એક પણ હિન્દુ એવો કહેનારો નહીં મળે કે હિન્દુ ધર્મ જ પોતાનામાં એક કલંક છે.”

આપણામાંથી જે મુસલમાન કે ખ્રિસ્તી બની ગયા તેમને હિન્દુ લોકો અસ્પૃશ્ય માનતા નથી. તેમને ‘અછૂત’ સમજતા નથી. પરન્તુ આપણે હિન્દુ જ બની રહ્યા એટલા માટે હિન્દુ લોકો આપણને ‘અછૂત’ સમજે છે. ઈતર મુસલમાન અને ખ્રિસ્તી લોકો પણ અછૂત માને છે. જેમના ધર્મમાં ઊંચનીચનું શિક્ષણ નથી તેઓ આપણને નીચે સમજે છે. આ હાલતમાંથી મુક્તિ મેળવવા ધર્માન્તર સિવાય બીજો કોઈ વિકલ્પ નથી.”

“હિન્દુ ધર્મ મારી બુદ્ધિને માન્ય નથી. મારા મનને ગમતો નથી. મનુષ્ય ધર્મ માટે નથી પરન્તુ ધર્મ મનુષ્ય માટે જ છે. જે ધર્મ આપની માનવીય કિમ્મત સમજતો નથી, એ ધર્મમાં આપણે શા માટે રહેવું ? જે ધર્મ આપણને મન્દિરોમાં જવા દેતો નથી, એ ધર્મમાં આપણે શા માટે રહેવું ? જે ધર્મ આપણને નોકરીઓ પ્રાપ્ત કરવા દેતો ન હોય એ ધર્મમાં શા માટે આપણે રહેવું ? જે ધર્મ ડગલેને પગલે આપણું અપમાન કરતો હોય એ ધર્મમાં શા માટે રહેવું. ?”

કેહવામાં આવે છે કે હિન્દુઓમાંથી અનેક લોકો હિન્દુ ધર્મમાં સુધારો કરવા તૈયાર છે. તે ફક્ત કહેવાની વાત છે! ગાંધીજી સ્વયં અછૂતો પર અત્યાચાર કરનારા લોકોના દિલ દુભાવવા તથા તેમની વિરૂદ્ધ કાયદા મુજબ કામ કરવા

તૈયાર ન હતા. સામાજીક સ્વતંત્રતાનો એક માત્ર ઉપાય (‘ધર્માન્તર’) જ છે. સ્વરાજ્યની જેટલી ચિંતા હિન્દુસ્તાનને છે, સામાજીક સ્વતંત્રતાની એટલી જ જરૂર દલિત સમાજને છે. સ્વરાજ્ય અને ધર્માન્તર આંદોલન બન્ને એકબીજાના પૂરક છે. બન્નેનો ઉદ્દેશ એક જ છે. ‘સ્વતંત્રતા અને સમાનતા’

આ પરિષદમાં ધર્માન્તર કરવાનો ઠરાવ પાસ કરવામાં આવ્યો.

હવે ડૉ. ભીમરાવ આંબેડકર અને તેમના અનુયાયીઓ માટે પ્રર્વતમાન ધર્મમાંથી કોઈ એક ધર્મની પસંદગી કરવાની સમસ્યા ઊભી થઈ. ડૉ. આંબેડકરે દરેક ધર્મોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેઓ અને તેમના અનુયાયી ‘મુસલમાન’ બનવાનો નિર્ણય કરી શકતા હતા. જો તે મુસલમાન બનવાનો નિર્ણય કરી લેત તો આજે હિન્દુસ્તાનના માથા પર બે પાકિસ્તાન બન્યા છે, ત્યારે હિન્દુસ્તાનના દરેક રાજ્યમાં એક પાકિસ્તાન બની જાત. જો ડૉ. આંબેડકર અને તેમના અનુયાયીઓ ખ્રિસ્તી બનવાનો નિર્ણય કર્યો હોત તો હિન્દુસ્તાનમાંથી બ્રિટીશ શાસનના પગ ઉખાડવા મુશ્કેલ પડી જાત. ડૉ. ભીમરાવ આંબેડકર પહેલા શીખ ધર્મ તરફ ઝૂક્યા હતા. કારણ કે શીખ ધર્મ અવૈદિક ધર્મ માનવામાં આવતો હતો તેમણે જોયું કે શીખ ધર્મમાં પણ અસ્પૃશ્યતા પાળવામાં આવતી હતી આથી તેઓ શીખધર્મ પ્રતિ ઉદાસ થઈ ગયા. ડૉ. આંબેડકર ઈચ્છતા હતા કે કોઈ એવો ધર્મ હોય જે ભારતીય હોય અને સાથે સાથે જાતીભેદથી મુક્ત હોય.

આવો વિશાળ ધર્મ, વિશ્વવ્યાપી બૌદ્ધ ધર્મ જ હોય શકે. પરન્તુ આ નિર્ણય પર આવતા પહેલા ઘણું જ ચિંતન, મનન તથા દેશાટનની જરૂર હતી.

1935થી 1956 સુધી ડૉ. ભીમરાવ આંબેડકરનું મુખ્ય ચિંતન આ એક જ બિંદુ પર કેન્દ્રીત થયું હતું.

❁

## 18

# ઉન્નતિના શિખર પર

બ્રાહ્મણવાદ- દલિતો, અછુતોનો વિરોધી છે. પૂંજીવાદ- દરેક મજૂરોનો વિરોધી છે. ડૉ. આંબેડકર બ્રાહ્મણવાદ તથા પૂંજીવાદના સમાનરૂપથી વિરોધી હતા. 1836માં તેમણે ચૂંટણી લડવા માટે સ્વતંત્ર મજૂર પાર્ટી (Independent Labour Party)ની સ્થાપના કરી, મુમ્બઇ કાઉન્સીલમાં 175 બેઠકો હતી. જેમાં 15 દલિતો માટે અનામત બેઠકો હતી. સ્વતંત્ર મજૂર પાર્ટીના 17 ઉમેદવારો ચુંટણીમાં ઊભા રહ્યા. 17 ફેબ્રુઆરી, 1937ના રોજ સામાન્ય ચૂંટણી થઈ અને સ્વતંત્ર મજૂર પક્ષના 17 માંથી 15 ઉમેદવારો ચૂંટાઇ આવ્યા. દલિતોની 15 અનામત બેઠકોમાંથી કોંગ્રેસને ફક્ત બે જ બેઠકો મળી. મહારાષ્ટ્રની આંખ ખૂલી ગઈ. લોકોએ જાણ્યું અને માન્યું કે ડૉ. ભીમરાવ આંબેડકર કેવળ દલિતો-અછૂતોના જ નહીં પરન્તુ મજૂર વર્ગના પણ નેતા છે.

19 જુલાઈ 1937માં કોંગ્રેસનું મંત્રીમંડળ રચાયું. એક સરકારી બીલમાં દલિતો-અછૂતોને 'હરિજન' કહેવામાં આવે એવી માંગણી આવી. શું આનાથી કોઈ સમસ્યા હલ થવાની હતી ? શ્રી દાદા સાહેબ ગાયકવાડે તેનો જોરદાર વિરોધ કર્યો. તેમણે કહ્યું, "જો તમે અછૂતોને હરિજન કહેશો તો, જે લોકો આજ સુધી અછૂત માનતા આવ્યા છે અને હાલ પણ સમજે છે, તેમને શું કહેશો ?" દલિત-અછૂત સમાજનો વિરોધ હોવા છતાં પણ સવર્ણ હિન્દુઓએ પોતાની બહુમતીના જોરે 'હરિજન' શબ્દ અછૂતોના માથે ઠોકી બેસાડ્યો.

સવર્ણ હિન્દુઓ દ્વારા દલિત-અછૂત સમાજને 'હરિજન' તરીકે બોલાવવો તે હિન્દુ ધર્મના એ પાખંડની પરાકાષ્ઠા છે. જેમ ઉત્તર ભારતમાં વેઠપ્રથા ચાલી રહી હતી તેવી જ મહારાષ્ટ્રમાં વતનદારી પ્રથા ચાલુ હતી. મહારો

ગામની ચોકી કરતાં હતા. આ ચોકીદારોને તેના બદલમાં થોડી જમીન આપવામાં આવતી. આ જમીન 'વતની' કહેવાતી. આ જમીન નાના નાના ટુકડામાં હોવાને કારણે ખાસ ઉપજ થતી નહીં, પરન્તુ આ થોડી જમીનના બદલામાં મહારોને રાત-દિવસ સરકારી ચોકીદારની વેઠ કરવી પડતી હતી.

ડૉ. ભીમરાવ આંબેડકરે આ 'વતની પ્રથા' બંધ કરવા માટે બિલ રજૂ કર્યું. પોતાની જાતને હરિજનોના હિતચિંતક કહેવડાવનારા કોંગ્રેસીઓએ, આ બિલનો વિરોધ કર્યો અને બિલ પાસ ન થયું.

ઉત્તરભારતની જમીનદારી પ્રથાની જેમ મહારાષ્ટ્રમાં ખેતી-પ્રથા હતી. ડૉ. ભીમરાવ આંબેડકરે મજૂર કિસાનોના હિતમાં આ પ્રથાને રદ કરવા બિલ રજૂ કર્યું. મજૂર કિસાનની હિતચિંતક આ કોંગ્રેસી સરકારે આ બિલ પણ પાસ થવા ન દીધું.

મિલમાલિકોના અત્યાચારોની સામે મજદૂરો પાસે એક માત્ર શસ્ત્ર સંગઠીત થઈ હડતાલ પાડવાનું છે. સરકારને અધિકાર હતો, કે કોઈ ખાસ પરિસ્થિતિઓમાં આવી હડતાલ ગેરકાયદેસર જાહેર કરે. ડૉ. આંબેડકરે સરકારના અધિકારોની વિરોધમાં આ બધા જ મજદૂરોની એક દિવસની હડતાલનું એલાન આપ્યું. સરકારે ઘણી કોશીશ કરી કે હડતાળ ન પડે. પરન્તુ હડતાલ પડી. ડૉ. આંબેડકર મુમ્બઇના મજદૂરોના બેતાજ બાદશાહ બની ગયા. મીલોમાં શાળખાતું તેમ જ બીજા ખાતાઓમાં અછૂતોને નોકરી પર રાખવામાં આવતા ન હતા અને રેલ્વે સ્ટેશન ઉપર સ્ટેશન માસ્તર કુલી તરીકે રાખતા ન હતા. સ્ટેશન માસ્તરો કુલીઓ પાસે ઘરનું કામ કરાવતા હતા. એટલે કુલી માટે સવર્ણ હોવું જરૂરી હતું. ડૉ. આંબેડકરે આ અન્યાય વિરુદ્ધ અનેકવાર અવાજ ઉઠાવ્યો. તેમનું કહેવું હતું કે "બ્રાહ્મણવાદ અને મુડીવાદ અમારા શત્રુ છે,

કારણકે બન્ને સમતા, સ્વતંત્રતા તથા બંધુતાના વિરોધી છે.” રાજકીય કાર્યકર્તા રાજકીય કાર્યક્રમ ઉપર ભાર મૂકતા હતા. સામ્યવાદી કાર્યકર્તાઓ કેવળ આર્થિક ક્રાંતિને બધી ક્રાંતિઓનું મૂળ માનતા હતા. ડૉ. ભીમરાવ આંબેડકર આમાંથી કોઈ પણ એક દષ્ટિકોણના સમર્થક ન હતા. તેઓ સમાજમાં ચતુર્મુખી ક્રાંતિ એક સાથે જોવા માંગતા હતા. ભારતની વિશેષ પરિસ્થિતિમાં સામાજિક ક્રાંતિને પ્રથમ સ્થાન આપતા હતા.

તેમનું આવું વિચારવું યોગ્ય હતું કારણકે જ્યારે શ્રાદ્ધના દિવસો હોય ત્યારે કોઈ વિદ્વાનને ભોજન કરાવતા નથી, કે ધનવાન ને પણ ભોજન કરાવતા નથી. પરન્તુ બ્રાહ્મણ મૂર્ખ હોય, ભણેલ ન હોય અથવા નિર્ધન હોય કે ધનવાન હોય તેને ભોજન માટે નિમંત્રણ આપવામાં આવે છે.

ડૉ. ભીમરાવ આંબેડકરને પોતાની સવર્ણ હિન્દુઓની બહુમતીના જોરે ગાંધીજી દબાવતા હતા. મિ. ઝીણા પ્રત્યે ગાંધીજી વધારે ઝુકતા હતા. મિ. ઝીણાની માંગણી વધતા વધતા પાકિસ્તાન સુધી પહોંચી ગઈ.

મિ. ઝીણાને પ્રસન્ન કરવા માટે ગાંધીજી સેવાગ્રામથી મુમ્બઇ ગયા. પરન્તુ મિ. ઝીણાએ તેમની કોઈ પણ વાત માની નહીં. જ્યારે પાકિસ્તાનના વિષયમાં ભિન્ન ભિન્ન વિરોધી મતો પ્રવર્તતા હતા ત્યારે ડૉ. ભીમરાવ આંબેડકરે ‘પાકિસ્તાન’ બાબતમાં ગ્રંથ લખી ગાઢ ધૂમ્મસ દૂર કર્યું હતું. તેમનો મત હતો કે પાકિસ્તાનની રચના હિન્દુઓ અને ભારત માટે લાભદાયી છે. કારણકે તે સમય મુજબનું યોગ્ય કાર્ય હતું. હિન્દુઓ અને મુસલમાનો એક સાથે રહે એ શકય ન હતું.

ડૉ. ભીમરાવ આંબેડકરે વસ્તીની અદલા-બદલીની વાત કરી હતી. વસ્તીની અદલા-બદલી પૂર્ણ થયા વગર જ પાકિસ્તાનની ઘોષણા થઈ એટલા માટે ખૂન-ખરાબી વધારે થઈ.

14 એપ્રિલ, 1942ના રોજ સ્વતંત્ર મજદૂર પક્ષે મુમ્બઇમાં ડૉ. ભીમરાવ આંબેડકરની 50મી જન્મજયંતિ ઉજવી. આ ઉત્સવમાં અનેક સવર્ણ હિન્દુઓએ વક્તાઓ અને શ્રોતાઓના રૂપમાં ભાગ લીધો.

2 જુલાઈ, 1942ના રોજ વાઇસરોયે ડૉ. ભીમરાવ આંબેડકરને તેમની કાઉન્સીલના એક સભ્ય તરીકે પસંદ કર્યા. ભારતીય ઇતિહાસમાં આ એક અસામાન્ય ઘટના હતી. એક અછૂતને વાઇસરોયે પોતાની કાઉન્સીલમાં પસંદ કર્યા હતા. આથી દલિત સમાજે ભારે ઉત્સાહ બતાવ્યો.

1942ના ઓગસ્ટમાં 'હિન્દ છોડો' આદોલન શરૂ થયું. પરિણામે ભારતમાં ગાંધીજી સાથે બીજા કોંગ્રેસના નેતાઓની ધરપકડ થઈ. ગાંધીજી કટોકટીના પ્રસંગે 21 દિવસના ઉપવાસ પર હતા. ફેબ્રુઆરીમાં આગાખાન પેલેસમાં ગાંધીજીએ 21 દિવસના ઉપવાસ શરૂ કર્યા. ગાંધીજી પ્રત્યેની સહાનુભૂતિમાં વાઇસરોયની કાર્યકારિણીના બીજા સભ્યોએ રાજીનામા આપી દીધાં. ડૉ. આંબેડકર વાઇસરોયની કાઉન્સીલમાં ચાલુ રહી દેશ હિતના કાર્યોને આગળ ધપાવવા લાગ્યા.

ડૉ. ભીમરાવ આંબેડકરના પ્રયત્નોથી જ ભારત સરકાર પોસ્ટ, ટેલિગ્રાફ, રેલ્વે, કસ્ટમ વગેરે ખાતાઓમાં અછૂત પછાત જાતિના લોકો માટે 8.33% નોકરીઓમાં અનામત બેઠકો રાખવા માટે સંમત થઈ હતી.

નાગપુરમાં ધર્માંતરના પ્રસંગે કરેલ ભાષણમાં ડૉ. આબેડકરે કહ્યું હતું કે "એક વાર હું લૉર્ડ લિનલિથગો પાસે ગયો હતો. તેમની સાથે શિક્ષણના ખર્ચ બાબતે ખુલ્લા દિલથી ચર્ચા કરી."


મેં કહ્યું, "શું એ સાચું નથી કે હું 500 ગ્રજ્યુએટો બરાબર છું."

તેમણે કહ્યું, "હા. હું માનું છું."

ત્યારે મેં કહ્યું, “શિક્ષણ મેળવવાની મારી મહેનતના કારણે હું આ સરકારના કોઇ પણ સારા પદ ઉપર બેસી શકું છું. મારે એવા વિદ્વાનો જોઈએ છે જે સરકારમાં સારા પદ ઉપર બેસી મારા ગરીબ-અભણ લોકોની સાર-સંભાળ લઈ શકે. જો અમારા લોકોની ભલાઈ કરવી હોય તો આવા લોકો પેદા કરવા પડશે. ત્યારે જ આ ‘અછૂતો’ની ભલાઈ થશે.”

મારા આ કથનને લૉર્ડ લિનલિથગોએ માન્યું અને તે જ વર્ષે 16 વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે વિલાયત મોકલ્યા.

આજ સાચો રસ્તો હતો જેને અપનાવી એ મહાપુરુષે ગરીબ તથા અભણ ભાઈઓને આગળ વધાર્યા.




❋

19

## અહિંસાત્મક સંઘર્ષ

ચંદન ઠંડક આપે છે. જો ચંદનની લાકડીઓને બહુ જ ઘસવામાં આવે તો તેમાંથી અગ્નિ પેદા થાય છે. 1942ના ઓગસ્ટ આંદોલનના કારણે કોંગ્રેસ લોકપ્રિય બની. કોંગ્રેસમાં ગાંધીજીની ટીકા કોઈને ગમતી ન હતી. ડૉ. ભીમરાવ આંબેડકરે WHAT CONGRESS & GANDHI HAVE DONE FOR UNTOUCHEBLE ? પુસ્તક રજૂ કર્યું. આ પુસ્તકમાં એટલું કહેવામાં નહોતું આવ્યું કે કોંગ્રેસે અછૂતો માટે શું શું કર્યું. પરન્તુ ગાંધીવાદને એક બિનજરૂરી આંદોલન બતાવવામાં આવ્યું, જે ભારતીયોની પ્રગતિ માટે બાધારૂપ છે. આ આંદોલન અધોગતિ તરફ લઈ જનારું છે. આજ સમયે પ્રસિદ્ધ નવલકથાકાર યશપાલે એક પુસ્તક લખ્યું, જેનું નામ હતું 'ગાંધીવાદની શબ-પરીક્ષા'.

કોંગ્રેસ વર્કિંગ કમિટીના સભ્યો જેલમાં હતા. જ્યાં સુધી મુસ્લિમ લીગના સભ્યો તેમને છોડાવવામાં સહકાર ન આપે ત્યાં સુધી તેમની મુક્તિ અસંભવ હતી. શ્રી ભૂલાભાઈ દેસાઈએ મુસ્લિમ લીગના સેક્રેટરીશ્રી લિયાકત અલિખાન સાથે ગુપ્ત સમજૂતી કરી કે અમે લીગને પણ કોંગ્રેસ સમાન પ્રતિનિધિત્વ આપીશું. તમે કોંગ્રેસની વર્કિંગ કમેટીના સભ્યોની મુક્તિ માટે મદદ કરો. શ્રી ઝીણા કોંગ્રેસ અને ગાંધીજીની નબળાઈનો પૂરેપુરો લાભ ઉઠાવતા હતા. જ્યારે કોંગ્રેસ આખા દેશની પ્રતિનિધિ હોવાનો દાવો કરતી હતી. તેણે જ મુસ્લિમ લીગને સમાન સંસ્થા માની હતી. હિન્દુઓની સરખામણીમાં મુસ્લિમોની સંખ્યા ઓછી હોવા છતાં બહુમતી હિન્દુ સભ્યોની સંખ્યાના પ્રતિનિધિત્વ જેટલા જ સંખ્યાના મુસ્લિમ લીગના પ્રતિનિધિઓ ચુંટવાનો નિર્ણય કર્યો, ત્યારે શ્રી ઝીણાએ મુસ્લિમ પ્રતિનિધિઓને લીગ જ ચૂંટે એ બાબતમાં અડગ રહ્યા.

કોંગ્રેસ ઈચ્છતી હતી કે મુસ્લિમ સભ્ય કોંગ્રેસના હોવા જોઈએ મી. ઝીણાએ ગાંધીજીની વાતનો સ્વીકાર કર્યો. આ ઘટના એ કોંગ્રેસની હાર નહીં પરન્તુ અપમાન હતું. કોંગ્રેસ આ અપમાનને પી ગઈ, સિમલા કોન્ફરન્સનો ઉદ્દેશ સંપૂર્ણ અસફળ રહ્યો.

લંડનમાં મજૂર સરકાર રચાઈ, વાઇસરોયે નવી ચૂંટણીની જાહેરાત કરી. ડૉ. આંબેડકર શિડ્યૂલ કાસ્ટ ફેડરેશન દ્વારા ચૂંટણીનાં મેદાનમાં ઉતર્યા. એક બાજુ 'હિન્દ છોડો' આંદોલનથી કોંગ્રેસ લોકપ્રિય બની હતી. ચૂંટણીમાં શિડ્યૂલ્ડ કાસ્ટ ફેડરેશનની હાર થઈ. ડૉ. આંબેડકર સંયુક્ત ચૂંટણી પ્રથાને દલિતોના હિતમાં સમજતા ન હતા. આ ચુંટણીમાં તેમની એ વાત સત્ય સાબિત થઈ. જો કે આ સમયે ડૉ. આંબેડકર વાઇસરોયની કાઉન્સિલના સભ્ય હતા.

ડૉ. આંબેડકર જ્યારે પુરીનું જગન્નાથ મન્દિર જોવા માટે ગયાં ત્યારે તેમને અપમાનિત થવું પડ્યું. તેમને સાફ શબ્દોમાં કહેવામાં આવ્યું કે આ મન્દિરના પંડિતો દ્વારા ડૉ. આંબેડકરનું અપમાન તો કરાવ્યું નહીં હોય ? કારણકે ગાંધીજી અને કોંગ્રેસના ડૉ. આંબેડકર કટ્ટર વિરોધી અને પ્રખર ટીકાકાર હતા. આ કારણથી કોંગ્રેસીઓની આંખમાં તેઓ કાણાની જેમ ખટકતા હતાં.

અલગ પ્રતિનિધિત્વની માંગણીઓના કારણે ગાંધીજી આમરણાંત ઉપવાસ ઉપર ઉતર્યા હતાં. તેને ફરીથી મનાવવા માટે ડૉ. આબેડકર વારંવાર પ્રયત્નો કરી રહ્યા હતાં. અંગ્રેજો હિન્દુઓને અને મુસ્લિમોને અંદરો અંદર લડાવી આનન્દથી રાજ કરતાં હતાં. તેમને ન્યાયની કોઈ ચિંતા ન હતી. ડૉ. આંબેડકર તેમના પ્રયત્નોમાં અસફળ થયા. સવર્ણ હિન્દુ કોંગ્રેસીઓ જેટલા મુસલમાનો તરફ ઝૂકતા હતા તેટલા જ 'અછૂતો' પ્રતિ ઉગ્ર બનતા જતા હતા. તેમણે ડૉ. આંબેડકરના 'ભારતભૂષણ પ્રેસ'ને પણ આગ લગાડી દીધી.

4 જૂન, 1946ના રોજ એન. શિવરાજના પ્રમુખસ્થાને દલિત જાતિ ફેડરેશનની બેઠક મળી. તેમાં માંગણી કરવામાં આવી કે અછૂત જાતિને વિધાનસભામાં પૃથક પ્રતિનિધિત્વ આપવામાં નહીં આવે ત્યાં સુધી તેમના પ્રતિનિધિઓ વિધાનસભામાં જઈ શકશે. તેથી તેમની અલગ પ્રતિનિધિત્વની માંગણી સ્વીકારવામાં આવે. સરકારના કાને આની અસર ન થઈ.

19 જૂન, 1946 ના રોજ વચગાળાની સરકારની જાહેરાત થઈ, તેમાં હિન્દુ-મુસલમાનોના સરખા પ્રતિનિધિ ગણવામાં આવ્યા. 14 સભ્યોની ચૂંટણી આ પ્રમાણે કરવામાં આવી.

| | |
|---|---|
| 26 કરોડ હિન્દુઓના | 5 પ્રતિનિધિ |
| 9 કરોડ મુસ્લીમોના | 5 પ્રતિનિધિ |
| 6 કરોડ દલિતોના | 1 પ્રતિનિધિ |

આ આંકડાઓ જ બતાવે છે કે જનસંખ્યા પ્રમાણે પ્રતિનિધિત્વ અન્યાયપૂર્ણ છે. સવર્ણ હિન્દુઓ અને મુસલમાનોની વચમાં ‘અછૂતો’ રહેંસાઈ જાય છે. કોંગ્રેસની સરકારને 9 કરોડ મુસલમાનો, 26 કરોડ હિન્દુઓ અને 6 કરોડ અછૂતોના પ્રતિનિધિત્વની ચિંતા ન હતી. પરન્તુ ચિંતા એ હતી કે મુસ્લિમ પ્રતિનિધિત્વમાં ઓછામાં ઓછા એક કોંગ્રેસી મુસલમાનનો હોવો જોઈએ. સંજોગોવસાત આ યોજના અસ્વીકૃત થઈ.

શિડ્યૂલ કાસ્ટ ફેડરેશનને જોયું કે સવર્ણ હિન્દુઓ તેમના પર દયા ખાતા નથી. મુસલમાનો પણ તેમની તરફ જોતાં નથી. તથા સરકાર પણ તેમનું સાંભળતી નથી ત્યારે તેમણે ‘અહિંસાત્મક સંઘર્ષ’નો માર્ગ અપનાવ્યો. જુલાઈ માહિનામાં મુમ્બઇમાં અને પૂનામાં સરઘસો અને સભા ન ભરવા દેવાના કાનૂનનો ભંગ કર્યો. ઓગસ્ટ માહિનામાં વિશાળ સંખ્યામાં સરઘસ નિકળ્યું. આ સરઘસો

અને મોરચાઓને કારણે દલિત સમાજ પહેલાં કરતાં અધિક સંગઠિત થઈ બહાર આવ્યો.

મુસ્લિમલીગે જોયું કે તેમના પ્રતિનિધિત્વની માંગણી સામેનો વિરોધ નથી, તો તેમણે 'આંગળી પકડતા હાથ પકડી લીધો' એ કહેવત પ્રમાણે પાકિસ્તાનની માંગણી શરૂ કરી દીધી. 16 ઓગસ્ટ, 1946ના રોજ 'ખુલ્લો સંઘર્ષ દિવસ' મનાવ્યો અને કોલકાતા તથા નોઆખલીમાં અત્યાચારો થયા, સરકારે લીગને વચગાળાની સરકારમાં જોડવાનું આમંત્રણ આપ્યું, જ્યારે લીગના નેતાઓને લાગ્યું કે બાજી એમના હાથમાંથી સરકી રહી છે એટલે તેમણે વચગાળાની સરકારમાં જોડાવાનો નિર્ણય કર્યો.

કોંગ્રેસ સરકાર ઇચ્છતી હતી કે જે પાંચ મુસલમાન સભ્યો ચૂંટવામાં આવે તેમાં એક કોંગ્રેસનો સભ્ય હોય. લીગે કોંગ્રેસની આ શરત ન માની; પરન્તુ પોતાના હિસ્સામાં પાંચ સભ્યોમાંથી એક સભ્ય જોગેન્દ્રનાથ મંડળ જે 'અછૂત' હતા તેમને ચૂંટી ને કોંગ્રેસને રાજકીય લપડાક મારી. તેમની સભ્ય સંખ્યા એકથી વધારી ને બે કરી. કોંગ્રેસ પોતાના પાંચ સભ્યોમાંથી એક પણ સીટ અછૂતને આપી શકી નહીં. જ્યારે લિગે એક સીટ આપી તેમની સભ્યસંખ્યા એકથી વધારી ને બે કરી.

ડૉ. આંબેડકરે બ્રિટિશ પ્રધાનમંત્રીને તાર કરી માંગણી કરી કે કેન્દ્ર સરકારમાં ઓછામાં ઓછા બે સભ્યો 'અછૂતો' હોવા જોઈએ. તેમની આ ઇચ્છા પૂર્ણ થઈ. કોંગ્રેસી હિન્દુઓએ પોતાના પાંચ સ્થાનોમાંથી એક પણ સ્થાન 'અછૂતો' માટે આપ્યું નહીં; પરન્તુ જ્યારે લિગે તેમને એક સ્થાન આપ્યું ત્યારે ગાંધીજીને આ બાબત સારી ન લાગી.

❅

## 20

## સ્વતંત્ર ભારતના કાનૂનમંત્રી

મનુષ્ય પરિસ્થિતિનો ગુલામ છે. દેશની પરિસ્થિતિને આધિન કોંગ્રેસ પણ એવી વાતો કરવા માટે મજબૂર બની, જે કોંગ્રેસી નેતાઓને સારી લાગી ન હતી. મુસ્લિમ લીગની સામે કોંગ્રેસ ઝૂકતી હતી છતાં લીગનો સહકાર મેળવી શકતી ન હતી. મુસ્લિમ લિગે આ પ્રમાણે અક્કડ વલણ રાખી પોતાનું મહત્ત્વ વધાર્યું. હવે જ્યારે લીગ પાકિસ્તાનનું સુખ-સ્વપ્ન જોઈ રહી હતી ત્યારે તેની સાથે કોંગ્રેસ માટે હાથ મિલાવવાનો કોઈ પ્રશ્ન જ ઊભો થતો ન હતો.

જે મંત્રી મંડળ-મિશન યોજના અનુસાર બંધારણ સભાની યોજના થઈ હતી તે યોજના પાયામાંથી જ બોદી હતી. પરન્તુ ગમે તેમ કરીને એકસાથે રહીને અંગ્રેજોથી છુટકારો મેળવવાની દૃષ્ટીથી કોંગ્રેસે તે યોજનાનો સ્વીકાર કર્યો હતો. 20 ડિસેમ્બર, 1946માં ડૉ. સચ્ચિદાનંદ સિંહના અધ્યક્ષપણા હેઠળ બંધારણ સભા ચાલુ થઈ. 11 ડિસેમ્બર, 1946ના રોજ ડૉ. રાજેન્દ્રપ્રસાદને સર્વસંમતિથી બંધારણ સભાના કાયમી અધ્યક્ષ પસંદ કર્યા. ડૉ. આંબેડકર જેવી યોગ્ય વિભૂતિ પણ બંધારણમાં સભામાં સીધા માર્ગે ના જઈ શકી, તેઓ બંગાળ વિધાનસભામાથી મુસ્લિમ લીગની સહાયતાથી દલિતોના પ્રતિનિધિ તરીકે બંધારણ સભામાં ચૂંટાઈ આવ્યા. તેઓ અછૂત હોવાના કારણે જ નહીં પરન્તુ અછૂતોના નેતા હોવાને કારણે ડગલેને પગલે સવર્ણ હિન્દુઓ તેમનો વિરોધ કરી રહ્યા હતા. કોંગ્રેસી હિન્દુઓ પણ આખરે તો હિન્દુ જ હતા.

29 એપ્રિલ, 1946ના રોજ બંધારણ સભામાં સરદાર વલ્લભભાઇ પટેલ દ્વારા અસ્પૃશ્યતા નિવારણ કાયદો લાવવામાં આવ્યો. આ કાયદાનો અર્થ એવો હતો કે કોઈને પણ ‘અસ્પૃશ્ય’ માનવું દંડનીય ગુનો બનતો હતો. આ કાનૂન

ઇતિહાસમાં સૌથી મોટું છળ-કપટ સાબિત થયું, સ્વયં અપરાધીઓ પાસે આશા કરવી કે આ કાયદા અનુસાર સ્વયં પોતાની જાતને દંડ આપશે. આ 'દુરાશા' (ફળીભૂત ન થાઈ શકે તેવી આશા) નહીં તો બીજું શું છે?

કોંગ્રેસ અને મુસ્લિમ લીગ જે રસ્તા ઉપર ચાલી રહી હતી તેમને અંગ્રેજ સરકાર બે બિલાડીઓને લડાવનાર વાંદરાની નીતિની જેમ બન્નેને અલગ-અલગ રસ્તા ઉપર ચલાવી રહી હતી. તેનું પરિણામ ફક્ત એક જ હોય શકે કે ભારતના બે ટુકડા થઈ જાય. 2 જૂલાઈ, 1947ના રોજ 'માઉન્ટ બેટન યોજના' અનુસાર ભારતનું વિભાજન બે ભાગમાં થયું. મોટો ભાગ ભારતીય સંઘ કહેવાયો અને નાનો ભાગ પાકિસ્તાન.

જુલાઈમાં શ્રી નેહરુએ ડૉ. આંબેડકરને પૂછ્યું, "શું આપ સ્વતંત્ર ભારતના પ્રથમ મંત્રીમંડળમાં કાયદા પ્રધાન બનવાનું સ્વીકાર કરશો ?" ડૉ. આંબેડકર કોંગ્રેસના એટલા બધા કડક આલોચક હતા છતાં પંડિત જવાહરલાલ નેહરુએ આવું પૂછ્યું એ જ ડૉ. આંબેડકરની યોગ્યતાનો સ્વીકાર કર્યો હતો. આ શ્રી નેહરુની ઉદારતા હતી, તથા તેમની રાજકીય ચતુરાઇનો પરિચય હતો. પંડિત નેહરુમાં આ બન્ને ગુણ પ્રચૂર માત્રામાં હતા.

15 ઓગસ્ટ, 1947ના રોજ ભારતનું બંધારણ બનાવવાની મુસદ્દા સમિતિના અધ્યક્ષ પદે કાયદાના મર્મજ્ઞ ડૉ. ભીમરાવ આંબેડકરની નિયુક્તિ થઈ. ઇતિહાસે ડૉ. આંબેડકરને અવસર આપ્યો કે તેઓ સંસારને બતાવી આપે કે કેવળ મહાડમાં 'મનુસ્મૃતિ' સળગાવવાનું સામર્થ્ય જ નહીં પરન્તુ 'મનુસ્મૃતિ'ના દોષથી મુક્ત આધુનિક સ્વતંત્ર ભારત માટે એક નવી સ્મૂર્તિ- સ્વતંત્ર ભારતનું બંધારણ ઘડવાનું કૌશલ તેમનામાં હતું.

એ સિદ્ધ કરવું કઠિન છે, કે ડૉ. ભીમરાવ આંબેડકરને આધુનિક ભારતના ‘મનુ’ કહી, તેમનું સન્માન કરવું કે ગૌરવ ઘટાડવું ?

બંધારણની મુસદ્દા સમિતિમાં છ સભ્યો હતા. પરન્તુ ભારત જેવા વિશાળ ક્ષેત્રફળ તથા જનસંખ્યા ધરાવતા રાષ્ટ્રનું બંધારણ ઘડવાનું કામ એકલા ડૉ. ભીમરાવ આંબેડકરે જ કરવું પડ્યું. છ સભ્યોમાંથી એકનું મૃત્યુ થયું. તેમનું સ્થાન ખાલી જ રહ્યું. એક સભ્ય કાયમ માટે અમેરિકા ચાલ્યા ગયા. ત્રીજા સભ્ય પોતાના અંગત કામોમાં જ રચ્યાપચ્યા રહ્યા. બે સભ્યો દિલ્હીથી દૂર રહેવાને કારણે વિશેષ સહકર ના આપી શક્યા.

ડૉ. આંબેડકરે 8 (આઠ) પરિશિષ્ટો અને 395 અનુચ્છેદો (Articles) ધરાવતું ભારતીય પ્રજાતંત્રનું બંધારણ ખૂબ જ પરિશ્રમથી તૈયાર કર્યું હતું. આ બંધારણમાં 4 નવેમ્બર, 1948ના રોજ બંધારણની સભામાં રજૂ કર્યું, તે સમયે તેમણે જે ભાષણ આપ્યું તે અદ્ભૂત હતું.

ડૉ. આંબેડકરે કહ્યું, “હું બંધારણ સભામાં શા માટે આવ્યો ? ફક્ત દલિતોના હિતોની રક્ષા કરવા માટે જ. તેનાથી વધારે મને કોઈ આકાંક્ષા નહોતી. અહીં આવ્યા પછી મારા ઉપર આવડી મોટી જવાબદારી સોંપવામાં આવશે, તેની મને કલ્પના પણ નહોતી. બંધારણસભાએ જ્યારે મને મુસદ્દા સમિતિના સભ્ય તરીકે પસંદ કર્યો ત્યારે મારા આશ્ચર્યનો પાર ના રહ્યો. બંધારણસભા અને મુસદ્દા સમિતિએ મારા ઉપર વિશ્વાસ મૂકી મારી પાસેથી કામ લીધું છે. સમિતિના સભ્યોએ મને દેશની સેવા કરવાનો અવસર આપ્યો, તેના માટે હું તેમનો આભારી છું.

‘બંધારણ’ ભલે ગમે તેટલું સુંદર હોય પરન્તુ તેનો અમલ કરનાર સભ્યો સારા ન હોય તો બંધારણ ખરાબ સાબિત થશે.

જો આપણે લોકશાહીની સ્થાપના કરવા ઈચ્છતા હોઈએ તો આપણા સામાજિક અને આર્થિક ઉદ્દેશોને અહિંસાના માર્ગે જ પ્રતિસ્થાપિત કરવા પડશે ?

સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાના આધાર પર પ્રસ્થાપિત જીવન જ લોકશાહી કહેવાય છે. ભારતમાં સમાનતાનો પૂર્ણ અભાવ છે. રાજકીય બાબતોમાં સમાનતા મળી છે. પરન્તુ સામાજિક અને આર્થિક જીવનમાં વિષમતા પ્રચૂર માત્રમાં છે.

જો આપણે આજે કહીએ છીએ કે આપણું રાષ્ટ્ર એક છે. તો તે આત્મવંચના હશે. હજારો જાતિઓ, ઉપજાતિઓમાં વિભાજિત રાષ્ટ્ર કેવી રીતે એક રાષ્ટ્ર બની શકે ? આ બધા દૂષણોનો સામનો કરી આપણે એક શક્તિશાળી રાષ્ટ્ર બનાવવું છે.”

બીજા દિવસે 26 નવેમ્બર 1948ના રોજ બંધારણ સભાએ બંધારણ મુસદ્દા બિલ પાસ કર્યું. આ સમયે બંધારણસભાના અધ્યક્ષ ડૉ. રાજેન્દ્રપ્રસાદે કહ્યું, “અધ્યક્ષ પદે બેસી હું દિવસભર રોજબરોજની કાર્યવાહીને ધ્યાનપૂર્વક નિહાળી રહ્યો હતો. એટલે બીજા કરતાં તેની કલ્પના મને વધારે છે. મુસદ્દા સમિતિ અને તેના અધ્યક્ષ ડૉ. ભીમરાવ આંબેડકરે નિષ્ઠા તથા ઉત્સાહ સાથે આ અભૂતપૂર્વ કાર્યને પૂર્ણ કર્યું છે. ડૉ. આંબેડકરને મુસદ્દા સમિતિમાં અને ત્યારબાદ તેના અધ્યક્ષ પદે પસંદ કરી અમે જે કાર્ય કર્યું છે, તેનાથી શ્રેષ્ઠ બીજું કોઈ પણ કાર્ય આપણે કરી શકત નહીં.”

મુમ્બઈમાં દલિત જાતિ ફેડરેશને 11 જાન્યુઆરી, 1950ના રોજ એક સુવર્ણપાત્રમાં ભારતીય બંધારણની એક નકલ અર્પણ કરી ને ડૉ. આંબેડકરનું સન્માન કર્યું. બે વર્ષ પછી 5 જૂન, 1952ના રોજ બંધારણના ઘડવૈયા ડૉ. આંબેડકરને કોલંબિયા યુનિવર્સિટિએ એલ.એલ.ડી.ની પદવી આપી અને

તેમનું સન્માન કર્યું. આ સમયે ડૉ. ભીમરાવ આંબેડકરની ઉમ્મર 61 વર્ષ થઈ હતી. ચાર વર્ષ પહેલા એટલે કે 15 એપ્રિલ, 1948ના રોજ પંચાવન વર્ષની ઉમ્મરે તેમણે સારસ્વત બ્રાહમણ સવિતા કબીરની સાથે લગ્ન કર્યું હતું. ડૉ. આંબેડકરને આ લગ્ન અનુકૂળ ન આવ્યું.




❋

# હિન્દુ સમાજથી નિરાશા

નિરાશાવાદની અપેક્ષાએ આશાવાદ સારો છે. પરન્તુ એક જ પ્રકારના વારંવાર બનતા અનુભવોને આધારે કોઈ વ્યક્તિ એ વિષયમાં 'આશાવાદી' બની રહે તો સમજવું જોઇએ કે તે મૂર્ખાઓના સ્વર્ગમાં છે. ડૉ. આંબેડકર આવા મૂખર્ખાઓના સ્વર્ગમાં રહેનાર મહાપુરુષ ન હતા. પોતાના બાળપણમાં ડૉ. ભીમરાવ આંબેડકરને જે અનુભવ થયા હતાં તેને થોડી વાર માટે તેમના વ્યક્તિગત અનુભવ ગણી શકીએ છીએ. પરન્તુ ત્યાર પછીના અનુભવો માટે કોઈ બીજી વ્યાખ્યા કરવી મુશ્કેલ છે. હિન્દુ સમાજ એ કાપડ સમાન છે જે જીર્ણ થઈ ગયું છે. એટલે કે તેનો સુધાર થઈ શકે તેમ નથી.

મેં આગળ રામાસ્વામીના નેતતૃત્વમાં 'જગદગુરુ' શંકરાચાર્યના મલબારમાં કરવામાં આવેલ સત્યાગ્રહની ચર્ચા કરેલી છે. જે સડકો ઉપર પશુ-જાનવર ફરી શકતા હતાં તે સડકો ઉપર 'અછૂત' મનુષ્યોને ચાલવા દેવામાં આવતા ન હતા.

મેં આગળ મહાડમાં પાણી માટે તળાવ પર કરેલ 'સત્યાગ્રહ'ની પણ ચર્ચા કરી છે. જે પાણીને સવર્ણ લોકો સાથે પશુઓ પણ ઉપયોગ કરી શકતા હતા. તે તળાવનું ખોબો ભરીને પાણી પીવા માટે અછૂતોને સવર્ણ હિન્દુઓએ ખરાબ રીતે માર્યા હતા. આગળ નાશિકના સત્યગ્રહની પણ મેં ચર્ચા કરી છે. પોતાને 'ઈષ્ટ દેવતા'ના દર્શન કરવાનો પ્રયાસ કરવાના ગુનો બદલ અછૂત તરુણોને ઘાયલ કરવામાં આવ્યા હતા.

મેં આગળ કોંગ્રેસ દ્વારા મુસલમાનોને આપેલ અલગ પ્રતિનિધિત્વના વિરોધની ચર્ચા કરી છે. પૃથક પ્રતિનિધિત્વના પ્રબળ વિરોધી ડૉ. ભીમરાવ આંબેડકરની વાત સ્વીકારવામાં આવી નહીં, પરન્તુ જ્યારે ડૉ. ભીમરાવ

આંબેડકરે અછૂતો માટે ‘અલગ પ્રતિનિધિત્વ’નો અધિકાર માંગ્યો ત્યારે હિન્દુ-હિતનું રક્ષણ કરવા ગાંધીજી આમરણાંત ઉપવાસ પર ઉતરી પોતાના જાનની બાજી લગાવી દીધી.

જો ગાંધીજી તે સમયે આમરણાંત ઉપવાસ પર ઉતરી જાન જોખમમાં ન મૂક્યો હોત તો ‘પાકિસ્તાન’ ના બનત, અથવા અછૂતોને અલગ અલગ ‘પ્રતિનિધિત્વ’ મળ્યું હોત.

આ પ્રકારના અનુભવોને કારણે ડૉ. આંબેડકરે મૃત્યુ પૂર્વે હિન્દુ ધર્મ ત્યાગ કરવાની ઘોષણા કરી હતી. તે પોતાના માટે નહીં પરન્તુ હિન્દુ સમાજના હિતની દૃષ્ટિએ તેઓ સમાજમાં સુધારો કરવા માંગતા હતા.

1941માં બ્રિટિશ સરકારે હિન્દુ કાયદાઓમાં કેટલીક કલમોનો સમાવેશ કરવા માટે, તેમાં કેટલાક જરૂરી સુધારા-વધારા માટે એક સમિતિ નિયુક્ત કરી હતી, તેમાં સુધારા-વધારા કરી ડૉ. આંબેડકરે 1948માં ‘હિન્દુ કોડ બિલ’ નામનું એક બિલ લોકસભામાં રજૂ કર્યું. કાયદો બનતા પહેલા તેને બિલ કહેવામાં આવે છે. ‘બિલ’ જ આવશ્યક પરીવર્તન સુધારા સાથે કાયદો બને છે.

આ બિલમાં પિતાના મરણ પછી તેના સંતાનોમાં જે ઉત્તરાધિકારી હોય કે હોવો જોઈએ તેની ચર્ચા કરવામાં આવી છે. આ પ્રમાણે પતિ દ્વારા પત્નીના ભરણ-પોષણ કરવાનો વિચાર કરવામાં આવ્યો હતો. સ્ત્રી જો પોતાના પતિથી છૂટાછેડા લેવા ઇચ્છતી હોય અથવા પતિ જો પત્નીથી છૂટો થવા માંગતો હોય તેની ચર્ચા કરવામાં આવી હતી. કોઈ સંતાનને દત્તક લેવો હોય તો તેની વ્યવસ્થા કેવી રીતે કરવી, તે બતાવવામાં આવ્યું હતું. આ પ્રમાણે પ્રગતિશીલતાની દૃષ્ટિએ હિન્દુ સમાજને સંગઠિત અને મજબૂત બનાવવા માટે તેમ કરવું આવશ્યક હતું. આવી તમામ બાબતો પર વિચાર કરી, તેની ભલામણો કરવામાં આવી હતી.

ડૉ. આંબેડકરે 24 ફેબ્રુઆરી, 1948માં લોકસભામાં 'હિન્દુ કોડ બિલ' રજૂ કર્યું. તે દિવસે તેમણે કહ્યું હતું, "જો તમે હિન્દુ પ્રણાલી, હિન્દુ સંસ્કૃતિ અને હિન્દુ સમાજનું રક્ષણ કરવા ઇચ્છતા હોય તો તેમાં જે ખામીઓ રહેલી છે, તેમાં સુધારા કરવામાં જરા પણ હિચકિચાહટ ના કરો. 'હિન્દુ કોડ બિલ' હિન્દુ પ્રણાલીના જે અંશો વિકૃત થઈ ગયાં છે તેમાં સુધારા કરવા માટે છે."

જો કે ડૉ. ભીમરાવ આંબેડકરને હિન્દુ સમાજ પાસે બહુ આશા ન હતી. છતાં પણ તેમણે એક હિન્દુ હિતચિંતકની દૃષ્ટિએ ભલામણો કરી હતી.

હિન્દુ કોડ બિલનું પરિણામ શું આવ્યું ? કટ્ટરપંથીઓ તથા ડૉ. આંબેડકરના રાજકીય વિરોધીઓએ મળીને એક મોટું તોફાન ઊભું કર્યું. શ્રી નેહરુ બિલના પક્ષમાં હતા. તેમણે બિલ પાસ કરાવવા માટે કહ્યું કે જો હિન્દુ કોડ બિલ પાસ નહીં થાય તો તેઓ રાજીનામું આપી દેશે. ન તો હિન્દુ કોડ બિલ પાસ થયું અને ન તો નહરુજીએ રાજીનામું આપ્યું. વડાપ્રધાનની એકમાત્ર ધમકી હતી જે કારગત ન નીવડી.

લોકસભાના અગ્રણી કોંગ્રેસી સભ્ય રાષ્ટ્રપતિ બન્યા, છતાં બનારસમાં જઈ બ્રાહ્મણોના ચરણામૃત ગ્રહણ કરનાર ડૉ. રાજેન્દ્રપ્રસાદ અને સરદાર વલ્લભભાઈ પટેલ હિન્દુ કોડ બિલના પ્રબળ વિરોધી હતા.

14 એપ્રિલ 1951માં ડૉ. આંબેડકરના જન્મ દિવસે નવી દિલ્હીમાં 'ડૉ. આંબેડકર ભવન'ના શિલાન્યાસ પ્રસંગે અને ત્યારબાદ 'બુદ્ધ જયંતિ'ના અવસરપર ડૉ. આંબેડકરે જે ભાષણ આપ્યું તેમાં હિન્દુઓ ક્ષુબ્ધ થઈ ઉઠ્યા.

પ્રગતિશીલ હિન્દુ પણ જેઓ બે દિવસ પહેલાં ડૉ. આંબેડકરને 'આધુનિક મનુ' કહેતા હતા, તેઓ પણ તેમના વિરોધની છાવણીમાં જોડાઈ ગયાં. શ્રી નેહરુએ ડૉ. આંબેડકરને સલાહ આપી કે બિલનો બાકીનો ભાગ છોડી ફક્ત

વિવાહ અને છૂટાછેડા સમ્બન્ધિત ભાગને અલગ બિલમાં રજૂ કરો. ડૉ. આંબેડકરે તે પ્રમાણે કર્યું છતાં પણ બિલ પાસ થઈ શક્યું જ નહીં. કટ્ટરપંથી હિન્દુ સમાજે તેને પોતાનો વિજય સમજ્યો અને આનન્દ વ્યક્ત કર્યો. પ્રગતિશીલ દૃષ્ટિકોણથી આ હિન્દુ સમાજની હાર થઈ.

અધિકાંશ કોંગ્રેસી સભ્યોનો સુધારા-વિરોધી સૂર જોતાં ડૉ. આંબેડકરે હિન્દુ સમાજથી સર્વથા નિરાશ થઈ ગયાં. ડૉ. આંબેડકરે લોકસભામાંથી રાજીનામું આપવાનો નિર્ણય કર્યો અને તેમણે સપ્ટેમ્બર, 1951માં નહરૂજીને રાજીનામું સોંપ્યું. નેહરુજીએ રાજીનામું સ્વીકારી, ડૉ. આંબેડકરને કહ્યું, “તમે રાજીનામું સંદર્ભમાં લોકસભામાં જે ભાષણ આપવાના હોય તેની એક કોપી મને અગાઉથી મોકલી આપશો.” 11 ઓક્ટોબર, 1951ના રોજ ડૉ. આંબેડકરે વક્તવ્ય આપવાની ઇચ્છા વ્યક્ત કરી તો ડેપ્યુટી સ્પીકરે પણ તે વ્યક્તવ્યની કોપી પહેલા માંગી. ડેપ્યુટી સ્પીકર ‘માનનીય મંત્રી મહોદયશ્રી’ કહી ડૉ. આંબેડકરને કઈ કહેવા જઈ રહ્યા હતા. તરત જ ડૉ. આંબેડકરે કહ્યું કે હવે હું માનનીય મંત્રી નથી રહ્યો અને લોકસભામાંથી ઊભા થઈને ચાલ્યા ગયાં.

ભારતીય બંધારણના ઘડવૈયા ડૉ. આંબેડકરે વિચાર્યું હશે કે કદાચ આનાથી વિરોધીઓનું ‘હદય પરીવર્તન’ થશે. તે થયું ખરું પરન્તુ વિરોધી દિશામાં થયું. સમસ્ત હિન્દુ સમાજ ડૉ. આંબેડકરનો વિરોધ કરવાની બાબતમાં એકમત થઈ ગયો. ડૉ. આંબેડકર દિલ્હીથી મુમ્બઇ ચાલ્યા આવ્યા. અહિંયાં આવી તેમણે ચૂંટણી સમ્બન્ધી આંદોલન શરૂ કર્યું. શિડ્યૂલ કાસ્ટ ફેડરેશન અને સમાજવાદી પાર્ટી વચ્ચે ચૂંટણી સમ્બન્ધી સમજૂતી થઈ. 1952, માર્ચમાં ડૉ. આંબેડકર રાજ્યસભાના સભ્ય તરીકે ચૂંટાયા. મે, 1954માં લોકસભાની પેટા ચૂંટણી થઈ. તો નાગપુર વિભાગમાંથી તેઓ પેટા ચૂંટણી માટે ઊભા રહ્યા. કોંગ્રેસે

આચાર્ય કૃપલાણી અને અશોક મેહતા જેવા કોંગ્રેસના આલોચક વિરુદ્ધ કોઈ ઉમેદવાર ઊભો ના રાખ્યો એવી ઉદારતા ડૉ. આંબેડકર માટે દેખાડી શક્યા નહીં, તેનું એક જ કારણ સમજાય છે કે ડૉ. ભીમરાવ આંબેડકર કોંગ્રેસ તથા હિન્દુ સમાજ બન્નેના આલોચક હતા.

સવર્ણ હિન્દુઓ કોંગ્રેસની ટીકાઓ સહન કરી શકતા હતાં, પરન્તુ હિન્દુ પ્રણાલી તથા હિન્દુ સમાજની તો બિલકુલ નહીં. કોઈ પણ કોંગ્રેસીને જો થોડો ખોતરવામાં આવે તો અંદરથી તે સવર્ણ હિન્દુ જ સિદ્ધ થશે.

કોંગ્રેસી અને સવર્ણ હિન્દુઓના આ વ્યવહારથી ડૉ. આંબેડકર એટલા દુ:ખી થયા કે તેમના મુખમાંથી આ નિરાશાજનક વાક્ય નીકળી પડ્યા,

"સ્પ્રુશ્ય હિન્દુઓની બહુમતીના જોરે ગાંધીજી અને કોંગ્રેસે મારું કે મારા પક્ષનું રાજકીય જીવન સમાપ્ત કરી દીધું છે. અમે સમજીએ છીએ કે આવું કરી કોંગ્રેસ અને ગાંધીજીએ ન તો કોંગ્રેસની સેવા કરી છે અને ના તો હિન્દુ સમાજની."



## 22

# પ્રતિજ્ઞા પૂરી થઈ

જે સમયે ડૉ. ભીમરાવ આંબેડકર વાઇસરોય કાઉન્સીલના સભ્ય હતા. ત્યારે તેમણે ભારતીય ભિક્ષુઓને મળવાની ઇચ્છા વ્યક્ત કરી હતી. મને સમાચાર મળ્યા. હું તેમની પાસે પહોંચી ગયો. જઈને કહ્યું, “ભારતમાં ભારતીય ભીખ્ખુ આંગળીના વેઢે ગણાય એટલા જ છે. તેમાં એક હું છું. કહો મારી પાસે શું અપેક્ષા છે ?” તેમના ડૉક્ટરે તેમને વધારે વાતચીત કરવાની મનાઈ કરી હતી. પરન્તુ બૌદ્ધ ધર્મ પર વાતચીત શરૂ થઈ તો તેમને સમયનું ભાન પણ રહ્યું નહીં.

ઘણી લાંબી ચર્ચા ચાલી. અંતમાં બોલ્યા,

“તમે અમારે ત્યાં રાખેલી બુદ્ધની મુર્તિ જોઈ છે ?”

જવાબ હતો ‘ના’

મેં એ મુર્તિ બાબતમાં કઈ પણ ના કહેતા માત્ર એટલું જ કહ્યું,

“ભગવાન બુદ્ધની સુંદર મુર્તિ સારનાથના મ્યુઝિયમમાં મૂકેલી છે. ગુપ્ત સમયની છે”

તેઓ બોલ્યા : “એ મુર્તિ કંઈ મુદ્રામાં છે?”

મેં કહ્યું : “એ ધમ્મચક્ર પ્રવર્તન મુદ્રામાં છે.”

ડૉ. આંબેડકરે કહ્યું : “મને ભગવાન બુદ્ધની એવી મુર્તિ જોઈએ છે, જેમાં તેઓ લોકકલ્યાણ અર્થે હમ્મેશાં હરતા-ફરતા બતાવ્યા હોય.” (ઊભી મુદ્રાવાળી પ્રતિમા)

તે દિવસે મને પ્રથમવાર લાગ્યું કે ડૉ. આંબેડકરની બૌદ્ધ ધર્મ પ્રતિ ભાવના ગંભીર છે. એક દિવસની વાત છે દિલ્હીના પ્રસિદ્ધ બિરલા મન્દિરની સામે જ

એક બૌદ્ધ મન્દિર છે. અહિંયાં શેઠ જુગલ કિશોર બિરલા અને ડૉ. આંબેડકર વચ્ચે વાતચીત થઈ. હું પણ ત્યાં હાજર હતો. શેઠ જુગલ કિશોર બિરલાએ કહ્યું, "જુઓ ! ભારતના સૌથી મોટા મહાપુરુષ માટે આ મન્દિર બનાવ્યું છે."

હું વિચારતો હતો કે ડૉ. આંબેડકર કહેશે કે ઘણું સુંદર કર્યું છે, પરન્તુ મારા કાનોને વિશ્વાસ ન થયો, જ્યારે મેં સાંભળ્યુ કે ડૉ. આંબેડકર કહી રહ્યા હતા "શું ખાક કર્યું છે? ભારતના સૌથી મહાપુરુષ માટે આ નાનકડી કોટડી બનાવી છે અને પેલા કાલ્પનિક દેવી-દેવતાઓ માટે વિશાળ મોટું મન્દિર."

ડૉ. આંબેડકરના વાક્યથી વર્ષોના બૌદ્ધ ધર્મના અભ્યાસી આનન્દ કૌશલ્યાયન જેવાને એક નવી દૃષ્ટિ પ્રાપ્ત થઈ.

1950માં વિશ્વ બૌદ્ધ સંમેલનનું પ્રથમ અધિવેશન થયું. ડૉ. આંબેડકર તેમાં એક માનનીય અતિથિના રૂપમાં આવ્યા હતા. કોલોમ્બોમાં તેમના એક-બે ભાષણ થયા. જેમાં હું હાજર હતો. શ્રીલંકાની પ્રાચીન રાજધાની કેન્ડીમાં પણ તેમનું ભાષણ થવાનું હતું, પરન્તુ શારીરિક અસ્વસ્થતાના કારણે તે થઈ શક્યું નહીં. ડૉ. આંબેડકરને જે મોટી હોટલમાં ઉતારો આપવામાં આવ્યો હતો ત્યાં હું તેમને મળવા ગયો. ત્યાં તેમને પ્રશ્ન પૂછ્યો, "ડૉ. બાબાસાહેબ ભારતના વર્તમાનપત્રમાં સમાચાર છપાયા છે કે તમે નવી દિલ્હીના બૌદ્ધ વિહારમાં ત્રિશરણ પંચશીલ ગ્રહણ કર્યા છે. આ આધાર પર, જ્યારે દિલ્હીના ડેપ્યુટી કમિશનરે મને પૂછ્યું કે શું આપણા કાનૂન મંત્રી બૌદ્ધ થઈ ગયા છે ? તો મેં તેનો જવાબ 'હા'માં આપ્યો. અહિંયાં છાપાઓમાં છપાયું છે કે તમે હજુ બૌદ્ધ ધર્મનું 'અધ્યયન' કરી રહ્યા છો. 'અધ્યયન' તો આપણે બધા કરી રહ્યા છીએ. પરન્તુ આપ મહેરબાની કરી બતાવશો કે તમે 'બૌદ્ધ' બન્યા પહેલા 'અધ્યયન' કરો છો કે બૌદ્ધ બન્યા પછી અધ્યયન કરો છો ? હું એટલા માટે પૂછું છું કે કોઈ મને પ્રશ્ન કરે તો હું તેનો

સાચો જવાબ આપી શકું. ડૉ. આંબેડકરનો જવાબ હતો ‘બૌદ્ધ’ થવાની જાહેરાત કરું તો લોકો મારા સીધા-સાદા ભાઈઓને જઈને કહેશે કે ડૉ. આંબેડકર હવે ‘બૌદ્ધ’ થઈ ગયા છે. તમારે એમની સાથે શું લેવા દેવા. એટલા માટે મેં નિર્ણય કર્યો છે કે હજુ થોડો સમય હું બૌદ્ધ ધર્મનો પ્રચાર કરતો રહું. જ્યારે મને લાગશે કે મારી સાથે આવવા માટે કેટલીક નિશ્ચિત સંખ્યા તૈયાર થઈ ગઈ છે, ત્યારે જ હું ‘બૌદ્ધ’ થવાની જાહેરાત કરીશ.




❋

## મહાનયાત્રા

જે સમયે કાઠમંડુમાં બૌદ્ધ સંમેલન મળી રહ્યું હતું. વિદેશમાંથી આવેલ બૌદ્ધ યાત્રીઓ માટે નગરદર્શનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. નગરદર્શનના કાર્યક્રમમાં કાઠમંડુના પ્રસિદ્ધ પશુપતિનાથ મન્દિર દર્શનનો હતો. મન્દિરના પુજારીઓને આ વિશેની સૂચના મળી તો તેઓના હોશ ઉડી ગયા. તેઓ વિચારતા હતા કે મન્દિર જોવા આવનાર યાત્રીઓમાં ડૉ. આંબેડકર તથા તેમના સાથીઓ પણ હશે, કાઠમંડુના સનાતનીઓ વિમૂઢ થઈ ગયા. શું કરે અને શું ના કરે ? જો ડૉ. આંબેડકરને તેમના સાથીઓ સાથે મન્દિરમાં આવવા દે તો આજના ‘બૌદ્ધ’ પરન્તુ ગઈકાલના ‘અછૂત’ મન્દિરમાં પ્રવેશી રહ્યા હતા. ત્યારે બાકીના અછૂતો પણ આ પ્રમાણે બૌદ્ધ બની મન્દિરમાં પ્રવેશ કરશે તો તેમને કોઇ રોકી શકશે નહીં. જો ન આવવા દે તો તેઓ કયા મોંઢે કહે ‘બૌદ્ધો’ પણ હિન્દુ છે અને હિન્દુ મહાસભાના અધ્યક્ષ શ્યામા પ્રસાદ મુખર્જીને મહાબોધિ સભાના અધ્યક્ષ બનવામાં તથા પ્રસિદ્ધ બર્મી ભિક્ષુ ઉત્તમને હિન્દુ મહાસભાના અધ્યક્ષપણે નિમવાનું ઔચિત્ય કેવી રીતે સિદ્ધ કરે ?

બાબાસાહેબ ડૉ. આંબેડકર પોતાની એક જ ચાલથી બધા સવર્ણ હિન્દુઓને પૂરેપુરી રીતે પરાસ્ત કર્યા. ડૉ. આંબેડકરની નાદુરસ્તીના કારણે એ નગરદર્શનના કાર્યક્રમમાં ભાગ લેવાના ન હતા. મન્દિરના પૂજારી તેમના નામ માત્રથી ગભરાતા હતા. નેપાળથી પાછા આવ્યા ત્યારે સારનાથમાં તેમની સાથે વાતચીત થઇ તો મેં પૂછ્યું, “બાબાસાહેબ, આ હિન્દુઓનું શું કરીએ? તેઓ અછૂતોને કહે છે કે તમે હિન્દુ છો પરન્તુ તમે અછૂત છો એટલા માટે મન્દિરમાં આવવા નહીં દઇએ અને બૌદ્ધને કહે છે કે તમે બૌદ્ધ છો એટલે હિન્દુ પણ છો;

પરન્તુ તમે ભારતીય હોવાથી તમને મન્દિરમાં આવવા નહીં દઈએ. ચીની, જાપાની, તિબેટી, સિંહલી, બર્મી, સ્વામી, ધની-બૌદ્ધને તેઓ આનન્દથી પોતાના મન્દિરમાં પ્રવેશ આપે છે, એવું લાગે છે કે ન તો તેમને 'હિન્દુત્વ' પ્રતિ પ્રેમ છે ન તો ભારતથી છે."

બાબાસાહેબ બોલ્યા, "હું તો મારી બુદ્ધિથી પરે નથી એવા કોઇ પણ મન્દિરમાં જવાનો પ્રયાસ જ કરતો નથી. બુદ્ધને છોડી અન્ય કોઈ મારું શરણ સ્થાન નથી."

"વિદેશી બૌદ્ધ હોય કે ભારતીય બૌદ્ધ બધા માટે તે આવશ્યક છે કે તેઓ હિન્દુ મન્દિરમાં એવી રીતે જાય કે જેમ મ્યુઝિયમમાં જાય છે. આ રીતે ભલે જાય. મન્દિરમાં દેવીમૂર્તિઓ પ્રતિ તેમની જરાપણ દેવબુદ્ધિ ના હોય તો એ તરફ આંખ ઉઠાવી જોવું જોઈએ નહીં."

ડૉ. આંબેડકર અધિક પરિશ્રમના કારણે મધુપ્રમેહ તથા લોહીના દબાણના રોગી બન્યા હતા. ગમે તેટલી સારી મશીનરી હોય તો પણ અધિક કામ લેવાથી સમય પહેલા તે ઘસાઈ જાય છે. નેપાળમાં પણ તેઓ ઘણાં અસ્વસ્થ હતા. સારનાથમાં પણ તેઓ અસ્વસ્થ હતા. તેમના દિલમાં સમાજના હિતચિંતનની અને સમાજને ઉપર ઉઠાવવાની જે આગ હતી તે જ તેમના જીવન-જ્યોતિને પ્રજ્વલિત કરતી હતી.

ધર્માન્તરના અવસર પર નાગપુરમાં જે ઐતિહાસિક ભાષણ આપ્યું, તેમાં બાબાસાહેબે કહ્યું કે "હિન્દુ ધર્મમાં રહી મરીશ નહીં. આ પ્રતિજ્ઞા મેં 21 વર્ષ પહેલા લીધી હતી. જેને આજે પુરી કરી બતાવી છે. આ ધર્માન્તરથી હું ઘણો જ ખુશ થયો છું, પ્રફુલ્લિત થયો છું અને એવું લાગે છે કે મેં નરકમાંથી મુક્તિ મેળવી લીધી છે."

ધર્માન્તરની પ્રતિજ્ઞા બાદ કેટલાક ધર્મના નેતાઓ પોતે પોતાના ધર્મમાં આવવા નિમંત્રણ આપી રહ્યા હતા. કેટલાક તો લોભ-લાલચભર્યા પ્રસ્તાવ લઈને આવતાં હતા. બાબાસાહેબ ડૉ. આંબેડકર સાથે ચર્ચા કરવા આવતા નેતાઓમાંથી કેટલાકની સાથે તેઓ વાતચીત કરતા હતા. પરન્તુ તેમનો ધ્યેય તો બૌદ્ધ ધર્મ તરફ જ હતો. મુમ્બઇમાં તેમણે નવું મકાન બનાવ્યું હતું. તેનું નામ 'રાજગૃહ' હતું. તેમની બે કૉલેજમાંથી એકનું નામ હતું 'સિદ્ધાર્થ કૉલેજ' તથા બીજી 'મિલિંદ કૉલેજ', 1927માં 'મહાર જાતિ પરિષદ' મુમ્બઇમાં બોલાવવામાં આવી. તેમાં તેમણે જે ભાષણ આપ્યું તેનો અંત આ પ્રકારે કર્યો હતો-

"આ સમયે મને એ ઉપદેશ યાદ આવે છે. જે ભગવાન બુદ્ધે ભિક્ષુ સંઘને આપ્યો હતો. જે મહાપરિનિર્માણ સૂત્રમાં છે. આ ઉપદેશમાં ભગવાન બુદ્ધે કહ્યું હતું કે- 'તમે તમારા દિપક બનો.' જેમ સૂર્ય સ્વયં પ્રકાશિત છે તેમ સ્વયં પ્રકાશિત બનો. બીજાના પ્રકાશ પર આધાર ન રાખો. જેમ પૃથ્વી છે તેમ પોતાના પર જ વિશ્વાસ રાખો. કોઈ બીજાની શરણમાં ન જાઓ. પોતાના જ શરણમાં જાઓ."

ડૉ. ભીમરાવ આંબેડકરનું 'અછૂત કોણ અને કેવી રીતે ?' પુસ્તક પ્રકાશિત થયું, તેમાં ઐતિહાસિક પુરાવાઓ આપી એ સિદ્ધ કર્યું છે કે ભારતમાં જે બહુસંખ્યક હતા તે બૌદ્ધ હતા. તેમને જે લોકોએ હિંદુ ધર્મ પ્રણાલી સ્વીકારવાનો ઇન્કાર કર્યો એવા બૌદ્ધને સવર્ણ હિન્દુઓએ (જેઓ બૌદ્ધ ધર્મના કટ્ટર વિરોધી હતા) અછૂત બનાવી દીધા, એટલા માટે બૌદ્ધ ધર્મ ગ્રહણ કરવો, કોઈ નવો ધર્મ ગ્રહણ કરવો નહીં, પરન્તુ પોતાના પૂર્વજોનો જે ધર્મ છે તે ફરીથી અપનાવવો છે.

ભાવી ભારતીય બૌદ્ધોના માર્ગદર્શન માટે જ નહીં પરન્તુ વિદેશી બૌદ્ધોની સામે મૌલિક ચિંતન રજૂ કરવાના માટે 16 વર્ષ પહેલાં ડૉ. બાબાસાહેબ

આંબેડકરે એક ગ્રંથ લખવાની શરૂઆત કરી હતી. તેનું નામ હતું. 'The Buddha and His Dhamma' એટલે કે 'બુદ્ધ અને તેનો ધમ્મ.' આ પંદર-સોળ વર્ષમાં તેમના અનેક ગ્રંથો પ્રકાશિત થયાં, પરન્તુ આ મહાન ગ્રંથના લખાણ જેવો સંતોષ તેમને થયો ન હતો. 5 ડિસેમ્બર, 1956ની રાત્રે તેમણે આ ગ્રંથની ભૂમિકા લખી અને સૂઈ ગયાં ફરી તેઓ ક્યારેય ઉઠ્યા નહીં.

હું નથી જાણતો કે તેમની પત્ની સવિતાદેવી આંબેડકર તથા પુત્ર યશવંતરાવ માટે તેઓ શું મુકી ગયા છે ? પરન્તુ તેઓ કરોડો દેશવાસીઓ માટે એક ચીજ મુકતા ગયા છે 'બુદ્ધ અને તેમનો ધર્મ.'

6 ડિસેમ્બરની સવારે દિલ્હીમાં જેમ જેમ સમાચાર મળતા ગયા તેમ તેમ લોકો તેમના 'બાબા'ના અંતિમદર્શન માટે તેમના નિવાસસ્થાને એકઠાં થતાં ગયા. સૌભાગ્યથી આ પુસ્તકના લેખક એ દિવસે દિલ્હીમાં હતા. આશ્ચર્યની વાત છે કે 5 ડિસેમ્બર, 1956ના રોજ રાતના મારા એક મિત્રની સાથે નિર્ણય કર્યો હતો કે આવતીકાલે 6 ડિસેમ્બરે બાબાસાહેબ આંબેડકરની મુલાકાત લેવી.

મુલાકાત થઇ પરન્તુ તેમના અંતિમ દર્શનના સ્વરૂપમાં, અહીંયા પ્રશ્ન ઊભો થયો કે તેમની અંતિમક્રિયા ક્યાં કરવામાં આવે. કોઈએ સારનાથ, તો કોઈએ કુશીનગર સૂચવ્યું. અંતમાં ઉચિત લાગ્યું કે જે મહારાષ્ટ્રમાં તેમના વિશાળ સંખ્યામાં અનુયાયીઓ છે. જ્યાં તેમનું 'રાજગૃહ' છે. જ્યાં તેમનો પુત્ર યશવંતરાવ આંબેડકર છે. ત્યાં તેમની અંતિમ ક્રિયા કરવી.

દિલ્હીથી વિમાનમાર્ગે તેમનું પવિત્ર શરીર મુમ્બઇ લાવવામાં આવ્યું. તેમની નજીક રહેનારા ઘણાં બૌદ્ધ નેતાઓ આ વિમાનમાં હતા. વિમાન રાત્રીના બે વાગ્યે મુમ્બઇ પહોંચ્યું. બાબાસાહેબના મૃત્યુના સમાચાર આગની જેમ આખા ભારતમાં ફેલાઈ ગયા.

બાબાસાહેબનું મૃત્યુ અચાનક થતાં સ્વાભાવિક રીતે શંકા ઉઠવા લાગી. આ ઘણી ગંભીર પળ હતી. બાબાના લાખો અનુયાયીઓ ગંભીર વદને મુમ્બઇની સડકો ઉપર ફરી રહ્યા હતા. એ દિવસે કાંઈ પણ બની શકતું હતું. રાત્રીના બે વાગે મુમ્બઇના વિમાનઘરે બાબાસાહેબનું પવિત્ર શરીર આવ્યું. ત્યાંથી તેમના ‘રાજગૃહ’ સુધી પાંચ માઈલની યાત્રા દરમિયાન હજારો શ્રદ્ધાળુઓના મુખ પર આંસુઓની ધારા વહી રહી હતી. આખી રાત અને દિવસ ‘બુદ્ધં શરણં ગચ્છામી... ધમ્મં શરણં ગચ્છામી... સંઘં શરણં ગચ્છામી...’ની ધ્વનિ ગુંજતો હતો. બીજા દિવસે અંતિમયાત્રામાં લગભગ 10 લાખ લોકો ઉમટી પડ્યા હતા.

અંતિમયાત્રા સાંજના દાદર શિવાજીપાર્કની ચોપાટી પર પુરી થઇ. શોકસભામાં શ્રી દાદાસાહેબ ગાયકવાડે રૂંધાયેલા અવાજે ઘોષણા કરી, “16 ડિસેમ્બરના રોજ મુમ્બઇના અને મહારાષ્ટ્રના લાખો દલિતોને બૌદ્ધ ધર્મની દિક્ષા આપવા માટે 14 ડિસેમ્બરના રોજ બાબાસાહેબ અહીંયા આવવાના હતા. તેઓ એક સપ્તાહ પહેલા જ આપણી પાસે આ રૂપમાં આવી ગયા. તેમના પવિત્ર શરીરને સાક્ષી માની આવો આપણે બાબાસાહેબની અંતિમ ઇચ્છા પૂર્ણ કરીએ.”


શ્રી દાદાસાહેબ ગાયકવાડની ઇચ્છા અનુસાર આ પુસ્તકના લેખકે અપાર જનસમુદાયને સંબોધન કરી પૂછ્યું, “જે લોકો બૌદ્ધ ધર્મની દિક્ષા લેવા માગતા હોય તેઓ હાથ ઊંચો કરે.” એટલા બધા હાથ ઊંચે ઉઠ્યા કે તેમના સિવાય કશું દેખાતું ન હતું. ‘ત્રિશરણ’ અને ‘પંચશીલ’નું ઉચ્ચારણ કરી લાખો લોકોએ બૌદ્ધ ધર્મની દિક્ષા ગ્રહણ કરી.

આ પુનીત કાર્ય શરૂ થયા પછી બાબાસાહેબની અંત્યેષ્ટી થઈ, તેમના એક માત્ર પુત્ર યશવંતરાવે દાહક્રિયા કરી. આ સમયે ‘મરાઠા’ના સંપાદકશ્રી આચાર્ય અત્રે બોલવા ઊભા થયા, તેમણે લોકોને ધ્રુસકે ધ્રુસકે રડાવ્યા. કોઈ આંખ એવી

ન હતી કે જેમાં આંસુ ન આવ્યા હોય. આચાર્ય અત્રે ઊભા રહી હાથ ઊંચો કરી આકાશ તરફ જોઈને બોલ્યા,

“આકાશના દેવતાઓ અહીં આવી જુઓ ! ફરી ક્યારેય આવું દૃશ્ય જોવા નહીં મળે. ડૉ. આંબેડકરનું જીવન મહાન હતું. તેમનું મૃત્યુ જીવનથી પણ મહાન છે. તેઓ ગયા પરન્તુ જતાં પહેલાં પોતાના મિશનને ચાલુ રાખવા માટે કેટલાય ભાવી આંબેડકરોને જન્મ આપી ગયા. હવે તેઓની જવાબદારી છે કે બાબાના મિશનને પૂર્ણ કરી બતાવે.”

બાબાનું મૃત્યુ એ ધર્માન્તરના કાર્યને સફળતા પ્રદાન કરી.



## જો બાબા ના હોત તો

કેટલાક પ્રશ્નો સાચે જ એવા હોય છે. જે પ્રશ્ન પૂછનારને એનો ઉત્તર આપવો યોગ્ય લાગતો નથી. કેટલાક એવા પ્રશ્નોની ગણતરી કરવામાં આવે છે, કારણ કે તેનો જવાબ પણ થઈ શકે છે કે આ પ્રશ્ન વ્યર્થ છે, પણ એવું બની શકે છે કે જો બાબાસાહેબ ડૉ. આંબેડકર ના હોત તો ? કારણ કે ડૉ. આંબેડકર આખરે કેમ ના હોત ? તેમનો જન્મ યુગ-ધર્મનું પરિણામ છે. તેઓ ના હોત તો કદાચ કોઈને કોઈ તો ડૉ. ભીમરાવ આંબેડકર પેદા થાત.

જો તેમના જીવનનું મૂલ્ય આંકવું હોય તો છેલ્લા સાઈઠ-સિત્તેર વર્ષ પહેલાનું ભારત અને તેમાં વિશેષ રૂપે શુદ્રો અને અછૂતોની સ્થિતિ અને આજના ભારતના શુદ્રો અને અછૂતોની સ્થિતિની તુલના કરો. જમીન આસમાન જેટલું અંતર પડ્યું છે. આ બધુ જો કોઈ એક મહાપુરુષના પ્રતાપે થયું હોય તો તે વિભૂતિ હતા - ડૉ. ભીમરાવ આંબેડકર.

આજનો ‘અછૂત’ અને ‘શુદ્ર’ પહેલાની જેમ માથું નમાવી ચાલનાર નથી. તે છાતી કાઢી ચાલી શકે છે. શું આ બધુ ડૉ. આંબેડકરની સ્વમાની, તેજસ્વી, વ્યક્તિત્વની દેન નથી ?

એ સમય હતો જ્યારે મ્યુનિસિપાલીટીમાં કોઈ સફાઈ કામદાર મરતો હોય તો અનેક માતાઓ એવું વિચારતી કે અમારા બાળકો માટે એક જગ્યા ખાલી થઈ છે. પરન્તુ આજનો અછૂત બાળક સિદ્ધાંત રૂપે તો ભારતના પ્રધાનમંત્રી બનવાની આકાંક્ષા ધરાવી શકે છે. ભારતનો રેલ્વેમંત્રી, કૃષિમંત્રી અને કાનૂનમંત્રી તો તે બની ચૂક્યો છે.

એ બાબતમાં જરા પણ શંકાને સ્થાન નથી કે ડૉ. આંબેડકર પોતાની યોગ્યતાના બળ ઉપર એક અછૂત હોવા છતાં પણ વાઇસરોયની કાઉન્સીલમાં સભ્ય, સ્વતંત્ર ભારતના પ્રથમ કાનૂનમંત્રી અને બંધારણની મુસદ્દા કમિટિના અધ્યક્ષ બની શક્યા હતા. જો તેઓ અછૂત ના હોત તો આજે ભારતના વડાપ્રધાન કે રાષ્ટ્રપતિ જરૂર બની શકત.

'અછૂતોદ્ધાર'ની વાત કરનાર ઘણાં સંતો-મહંતો થયા પરન્તુ કોઈએ આ રોગને સારી રીતે જાણ્યો ન હતો. ભારતના ઇતિહાસમાં ડૉ. આંબેડકરે જ આ રોગને ઓળખી લીધો હતો અને તેનો સાચો ઉપાય પણ બતાવ્યો. વર્ણધર્મમાંથી મુક્તિ મેળવી. ભારતીય-સંસ્કૃતિ સાથે સમ્બન્ધ જાળવી રાખવાની આવશ્યકતા હતી. જે માત્ર બૌદ્ધ ધર્મ ગ્રહણ કરવાથી જ થઈ શકે તેમ હતું. આ રસ્તો બાબાસાહેબે પોતાના દેશના બધા જ લોકોને બતાવ્યો. ભારતપ્રેમી બની વર્ણાશ્રમધર્મની રૂઢીઓમાંથી મુક્ત બનો.

આ દેશ વેશની પૂજા કરવાવાળો દેશ છે. ભભૂત લગાવી અને લંગોટી પહેરી 'મહાત્મા' બની જવું આ દેશમાં સૌથી સરળ કામ છે. અમેરીકાની જાસૂસી પોલીસના ન જાણે કેટલાય માણસો કાશીમાં ગાંજો-ભાંગ પીનાર 'મહાત્મા' બની ફરે છે. ડૉ. આંબેડકર આધુનિક યુરોપિયન વેશભૂષા પહેરતા હતા અને અંત સુધી તે જ પહેર્યું. આમ છતાં તેઓ ભારતની વિશેષ જનસમૂહના "બાબાસાહેબ" બની ગયા. એ તેમના દિલો દિમાગના યથાર્થ ગુણોના કારણે તેમને "બાબાસાહેબ" કહેવડાવ્યા. તે માટે લંગોટી લગાવવાની જરૂર ના પડી.

ડૉ. આંબેડકરે ધર્માન્તર તો ઘણા સમય પછી કર્યું. પરન્તુ ગાંધીજીએ એની પહેલા જ ડૉ. આંબેડકરને હિન્દુ તરીકે માનવાનો ઇન્કાર કરી દીધો હતો.

જાતપાત તોડક મંડળના એક મંત્રી પંડિત સંતરામને એના પત્રના જવાબમાં મહાત્મા ગાંધીએ હરિજનમાં લખ્યું હતું.

‘વર્ણ એ શાસ્ત્રનો જ અંશ છે, જે બતાવે છે કે હિન્દુ ધર્મ શું છે. હું નથી જાણતો કે જે વ્યક્તિ વર્ણને માનતી નથી તે પોતાની જાતને ‘હિન્દુ’ કેવી રીતે કહી શકે ? શાસ્ત્રોનો (જેઓ) ઇન્કાર કરે છે તેઓ એ જ કામ કરે છે, જે ડૉ. આંબેડકર કરે છે. એટલે કે તે હિંદુ કહી શકાય તેમ નથી.’

પરન્તુ એવો પ્રશ્ન ના પૂછી શકાય કે ‘અસ્પૃશ્યતા’ના મામલામાં ગાંધીજીએ શાસ્ત્રોના આદેશોની અવગણના કરી એક ‘અસ્પૃશ્ય’ છોકરીને પોતાની પુત્રી જેમ પાળતા હતા તો તે જાતિભેદ તથા વર્ણભેદના વિષયમાં કેમ શાસ્ત્રોના આદેશની વાત દોહરાવે છે ?

બાબાસાહેબ આંબેડકરના નિધન બાદ એક વર્ષ પછી એટલે કે 1957ની ૮મી ડિસેમ્બરે ગાંધીજીના ઉત્તરાધિકારી પંડિત જવાહરલાલ નહેરુએ ગાંધી ગ્રામના દસમાં વાર્ષિક સંમેલનમાં આ પ્રમાણે કહ્યું,

“આજે ભારતમાં વર્ણવ્યવસ્થાને કોઈ સ્થાન નથી, જો આ પ્રથા કાયમ રહી તો દેશ કમજોર થશે અને ઉન્નતિના પથ પર અગ્રેસર થઈ શકશે નહીં. આ પ્રથાના અભિશાપના કારણે ભારતનું પતન થયું તેની એકતા નષ્ટ થઈ છે. આજે સ્વતંત્ર ભારતનું લક્ષ્ય એવા સમાજનું નિર્માણ કરવાનું છે. જેમાં દરેક વ્યક્તિને સમાન અવસર પ્રાપ્ત થઈ શકે. વર્ણવ્યવસ્થા રહેવાથી આ લક્ષ્ય પ્રાપ્ત કરવું અસંભવ છે. એટલે ગમે તે રીતે વર્ણવ્યવસ્થાનો નાશ કરવો અત્યંત જરૂરી છે.”

પંડિત જવાહરલાલ નહેરુએ આ વાત ગાંધીજીના નિધન પછી કરી જ્યારે ડૉ. આંબેડકરે આ જ વાત ગાંધીજીના જીવન-કાળમાં કરી હતી. હવે ન તો ગાંધીજી છે, કે ન નહેરુ, પરન્તુ જો ગાંધીજી જીવીત હોત અને જવાહરલાલ

નહેરુએ આ વાત કરી હોત (એ સંભવ છે ક્યાંય કહી પણ હશે !) તો શું ગાંધીજી પંડિત મોતીલાલ નહેરુના સુપુત્ર જવાહરલાલ નહેરને 'અહિન્દુ' કહી શકત ?

કેટલાક વર્ષ પહેલા જ્યારે કોઈ ભારતીય અજંતા-ઇલોરાની ગુફાઓ જોવા આવતો હતો, તો તે આ ગુફાઓ બિનવારસી માલની જેમ જણાતી હતી જો કોઇ યાત્રી અકસ્માતે બુદ્ધગયા, કુશીનગર જઈ ભગવાન બુદ્ધની મૂર્તિના દર્શન કરતો હતો તેને બર્મન દેવતા, સિંહાલી દેવતા, જાપાની દેવતા, એવું કંઈક લાગતું. ભારતમાં જેઓ ભગવાન બુદ્ધની મૂર્તિને પોતાના દેવતા માનતા હતા એવા લોકોની સંખ્યા આંગળીના વેઢે ગણાય એટલી હતી ડૉ. આંબેડકરે એક મહાન સમ્યક સંકલ્પ દ્વારા આટલા મોટા ધનના ઉત્તરાધિકારી બનાવી દીધા.

હવે આ બાબત રહસ્યમય નથી કે જેની જાહેરાત કરવાની જરૂરી પડે સ્વયં પ્રકાશિત સૂર્યની જેમ સ્પષ્ટ છે કે ભારતમાં નવી જ રીતે બૌદ્ધ અને બૌદ્ધ સમાજ બની રહ્યો છે. તેનું મોટું શ્રેય 19મી સદીના તથા 20મી સદીના બધાં બૌદ્ધ ધર્મપ્રેમી તથા મિશનરીઓને આપવામાં આવે છે. પરન્તુ કોઈ એક જ વ્યક્તિને અધિક શ્રેય આપવો હોય તો તે છે બાબાસાહેબ ડૉ. ભીમરાવ આંબેડકર. આધુનિક ભારતીય સમાજને બૌદ્ધ ધર્મની તરફ લઈ જવામાં બાબાસાહેબની જેટલી મોટી કરામત છે તેટલી મોટી દેન પણ છે.

આવો, આપણે આ ધરોધરના ઉત્તરાધિકારી સિદ્ધ થઈએ.

મહાત્મા જ્યોતિરાવ ફૂલે અને ડૉ. બાબાસાહેબ આંબેડકરનું સાહિત્ય તેમ જ ભીમ કેલેંડર, આંબેડકરી-બૌદ્ધ સાહિત્ય, ભીમ કથા, બૂક સ્ટોલ માટે સંપર્ક કરો :

પ્રકાશ બેન્કર : 98988 60670 — કીર્તિ ચૌહાણ : 9537072020

ધીરેન સોંદરવા : 94270 27915 — જતીન મર્ચન્ટ : 97370 59711

# 22 પ્રતિજ્ઞાઓ

દીક્ષા પ્રસંગે બાબાસાહેબ ડૉ. ભીમરાવ આંબેડકરે તેમના અનુયાયીઓ પાસે 22 પ્રતિજ્ઞાઓ લેવડાવી હતી. તે પ્રતિજ્ઞાઓ નીચે મુજબ છે :


| | |
|---|---|
| (1) | હું બ્રહ્મા-વિષ્ણુ-મહેશને ઇશ્વર માનીશ નહીં અને તેમની પૂજા કરીશ નહીં. |
| (2) | હું રામ અને કૃષ્ણને ઇશ્વર માનીશ નહીં અને તેમની પૂજા કરીશ નહીં. |
| (3) | હું ગૌરી-ગણપતિ વગેરે ધર્મના કોઈ પણ દેવી-દેવતાઓને માનીશ નહીં અને તેમની પૂજા કરીશ નહીં |
| (4) | હું એવી વાત કદાપી માનીશ નહીં કે ઇશ્વરે અવતાર લીધો છે. |
| (5) | હું એવું કદાપિ માનીશ નહીં કે ભગવાન 'બુદ્ધ' વિષ્ણુનો અવતાર છે. હું તેને પાગલ પ્રચાર સમજીશ. |
| (6) | હું શ્રાદ્ધ કદી કરીશ નહીં અને પિંડદાન પણ કરીશ નહીં. |
| (7) | હું બૌદ્ધ ધર્મ વિરૂદ્ધ કોઇની વાત માનીશ નહીં. |
| (8) | હું બ્રાહ્મણો પાસે કોઈ પણ ક્રિયાકર્મ કરાવીશ નહીં. |
| (9) | હું બધા મનુષ્યો સમાન છે એ સિદ્ધાંત માનીશ. |
| (10) | હું સમાનતાની સ્થાપના માટે પ્રયત્ન કરીશ. |
| (11) | હું ભગવાન બુદ્ધના આર્ય અષ્ટાંગ-માર્ગનું સંપૂર્ણ પાલન કરીશ. |
| (12) | હું ભગવાન બુદ્ધે સૂચવેલ દસ પારમિતાઓનું પાલન કરીશ. |
| (13) | હું પ્રાણીમાત્ર પર દયા રાખીશ અને તેનું લાલન-પાલન કરીશ. |
| (14) | હું ચોરી કરીશ નહીં. |

| | |
|---|---|
| (15) | હું જૂઠું બોલીશ નહીં. |
| (16) | હું વ્યાભિચાર કરીશ નહીં. |
| (17) | હું શરાબ વગેરે માદક પદાર્થનો નશો કરીશ નહીં. |
| (18) | હું મારા જીવનને બૌદ્ધ ધર્મના ત્રણ તત્ત્વો જ્ઞાન, શીલ અને સમાનતા પર ઢાળવાનો પ્રયત્ન કરીશ. |
| (19) | હું મનુષ્ય માત્રના ઉત્કર્ષ માટે હાનિકારક અને મનુષ્ય માત્રના માટે અસમાન કે નીચ માનવાવાળા આપણા જૂના હિન્દુ ધર્મનો સંપૂર્ણ રીતે રીતે ત્યાગ કરું છું અને ભગવાન બુદ્ધનો ધર્મ સ્વીકારું છું. |
| (20) | મને વિશ્વાસ છે કે બૌદ્ધ ધર્મ જ સદ્ધર્મ છે. |
| (21) | હું એવું માનીશ કે મારો પુનર્જન્મ થઈ રહ્યો છે. |
| (22) | હું પવિત્ર પ્રતિજ્ઞા કરું છું કે આજથી હું બૌદ્ધ ધર્મના શિક્ષણ અનુસાર આચરણ કરીશ. |

બુદ્ધિજીવી વર્ગ એ છે કે જે દૂરદર્શી હોય છે. જે સલાહ પણ આપે છે અને નેતૃત્વ પણ પ્રદાન કરે છે. કોઈ પણ દેશની મોટાભાગની આમજનતા વિચારવંત અને ક્રિયાશીલ જીવન જીવતી નથી. આ લોકો મોટાભાગે બુદ્ધિજીવી વર્ગનું અનુકરણ અને અનુસરણ કરે છે. એ કહેવામાં જરાપણ અતિશયોક્તિ નથી કે કોઈ પણ દેશનું ભાવિ તેના બુદ્ધિજીવી વર્ગ પર નિર્ભર હોય છે. જો બુદ્ધિજીવી વર્ગ ઇમાનદાર, સ્વતંત્ર અને નિષ્પક્ષ હોય તો તેના ઉપર ભરોસો મુકી શકાય કે તે સંકટના સમયમાં પહેલ કરી, ઉચિત નેતૃત્વ પ્રદાન કરે. એ વાત સાચી છે કે પ્રજ્ઞા એક ગુણ નથી પરન્તુ તે સાધન છે અને સાધનનો ઉપયોગ કેવળ લક્ષ્ય પર નિર્ભર છે, જેને એક બુદ્ધિમાન

વ્યક્તિ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે. બુદ્ધિમાન વ્યક્તિ ભલો હોય છે. પરન્તુ ક્યારેક દુષ્ટ પણ હોય છે. આ પ્રકારે બુદ્ધિજીવી વર્ગ અને સમ્યક વિચારોવાળા વ્યક્તિઓનું એક દળ હોવું જરૂરી છે જે સહાયતા પ્રદાન કરે અને માર્ગ ભુલેલા લોકોના માર્ગવાહક બનવા માટે હમ્મેશાં તત્પર રહે.

– ડૉ. બાબાસાહેબ આંબેડકર




❅

# Academic Career of Dr. B. R. Ambedkar

B.A., M.A., M.Sc. Ph.D., D.Sc.,
LLD, D.Lit., Bar at Law (1891-1956)

| | |
|---|---|
| 1. | Elementary Education, 1902<br>Satara, Maharashtra. |
| 2. | Matriculation 1907<br>Elphinstone High School, Bombay. |
| 3. | Inter 1909, Persian and English<br>Elphinstone College, Bombay. |
| 4. | B.A., 1912 January<br>Economics, Political Science and Social Science<br>Elphinstone College, Bombay, University of Bombay. |
| 5. | M.A. 2-6-1915<br>Faculty of Political Science Main-Economics, Ancillaries-Sociology, History Philosophy, Anthropology, Politics<br>Columbia University, New York. |
| 6. | Ph.D. 1917<br>Faculty of Political Science Columbia University, New York.<br>'The National Dividend of India – A Historical and Analytical Study' |
| 7. | M.Sc. 1921 June<br>London School of Economics, London. |

| | |
|---|---|
| | 'Provincial Decentralization of Imperial Finance in British India' |
| 8. | Barrister-at- Law 30-9-1920<br>Gray's Inn, London Law. |
| 9. | D.Sc. 1923 November<br>London School of Economics, London.<br>'The Problem of the Rupee - Its origin and its solution' was accepted for the degree of D.Sc. (Economics) |
| 10. | L.L.D. (Honoris Causa) 5-6-1952<br>Columbia University, New York.<br>For HIS achievements, Leadership and authoring the constitution of India. |
| 11. | D.Litt. (Honoris Causa) 12-1-1953<br>Osmania University, Hyderabad.<br>For HIS achievements, Leadership and writing the constitution of India! |

Courtesy: United Buddhist WORLD, 13 April, 2016

Source:
https://www.facebook.com/photo?fbid=805865792891741&set=a.241816525963340

बाबा साहब डॉ॰ भीमराव अंबेडकर की 32 डिग्रीयां जानिये :

Source:
https://www.youtube.com/watch?v=36DiaytVXos

❁

VI

# અમારાં પ્રકાશનો

નવી દૃષ્ટિ, નવા વિચાર, નવું ચિંતન માણવા ઈચ્છતા વાચક બિરાદરો માટે ‘મણી મારુ પ્રકાશને’ 4 નવેમ્બર, 2024 સુધીમાં લોકજાગૃતી માટે નીચે મુજબ 77 ઈ.બુક્સનું પ્રકાશન કર્યું છે. ‘અભિવ્યક્તી’ બ્લૉગના મથાળે ‘ઈ.બુક્સ’ વિભાગ https://govindmaru.com/ebooks/ પરથી તે નિ:શુલ્ક ડાઉનલોડ કરવાની સુવિધા છે.

| | |
|---|---|
| 1 | રમણ પાઠક (વાચસ્પતિ)ના 25 રૅશનલ લેખોની ‘અભિવ્યક્તિ’ ઈ.બુક - 01 (પાનાં : 113) |
| 2 | દિનેશ પાંચાલના 25 રૅશનલ લેખોની ‘અભિવ્યક્તિ’ ઈ.બુક - 02 (108) |
| 3 | મુરજી ગડાના 25 લેખોની ‘અભિવ્યક્તિ’ ઈ.બુક - 03 (પાનાં : 127) |
| 4 | રમણ પાઠક (વાચસ્પતિ)ના ચિન્તનાત્મક 37 લેખોની ઈ.બુક ‘વિવેક-વલ્લભ’ (પાનાં : 190) |
| 5 | રમણ પાઠક (વાચસ્પતિ)ના 206 રૅશનલ મુદ્દાઓ તારવી કાઢીને તૈયાર કરેલ ગ્રંથ ‘વિવેકવિજય’ની ઈ.બુક (પાનાં : 131) |
| 6 | ડૉ. શશિકાંત શાહનું પુસ્તક ‘આનન્દની ખોજ’ની ઈ.બુક (પાનાં : 53) |
| 7 | ડૉ. શશિકાંત શાહનું પુસ્તક ‘ટીન-એજ’માં બોયફ્રેન્ડથી સાવધાનની ઈ.બુક (પાનાં : 51) |
| 8 | રોહિત શાહના લેખોની ‘અભિવ્યક્તિ’ ઈ.બુક - 04 ‘અધ્યાત્મના આટાપાટા’ (પાનાં : 111) |
| 9 | ડૉ. શશિકાંત શાહનું પુસ્તક ‘આનન્દનું આકાશ’ની ઈ.બુક (પાનાં : 116) |

| | |
|---|---|
| 10 | રમણ પાઠક (વાચસ્પતિ)ની આત્મકથા 'આત્મઝરમર'ની ઈ.બુક (257) |
| 11 | નાથુભાઈ ડોડિયાની પુસ્તિકા 'દુ:ખનિવારણના ભ્રામક ઉપાયો'ની ઈ.બુક (પાનાં : 26) |
| 12 | એન. વી. ચાવડાની 'અભિવ્યક્તિ' ઈ.બુક - 05 'ચાર્વાક દર્શન' (96) |
| 13 | દિનેશ પાંચાલની 'અભિવ્યક્તિ' ઈ.બુક - 06 'સત્યસન્દૂક' (પાનાં : 110) |
| 14 | ડૉ. શશિકાંત શાહની પુસ્તિકા 'સમ્બન્ધ મિમાંસા'ની ઈ.બુક (પાનાં : 83) |
| 15 | ડૉ. શશિકાંત શાહની પુસ્તિકા 'જિન્દગી કઈ રીતે જીવશો?'ની ઈ.બુક (પાનાં : 75) |
| 16 | વલ્લભ ઈટાલિયાના 10 લેખોની 'અભિવ્યક્તિ' ઈ.બુક - 07 'વિચારયાત્રા' (પાનાં : 84) |
| 17 | બી. એમ. દવેના લેખોની 'અભિવ્યક્તિ' ઈ.બુક - 08 'ભ્રમ ભાંગ્યા પછી...' (પાનાં : 90) |
| 18 | કામિની સંઘવિના 11 લેખોની 'અભિવ્યક્તિ' ઈ.બુક - 09 'કિતની હકીકત, કિતના ફસાના?' (પાનાં : 72) |
| 19 | દિનેશ પાંચાલના 12 લેખોની 'અભિવ્યક્તિ' ઈ.બુક - 10 'રૅશનાલિઝમનો ઘંટનાદ' (પાનાં : 93) |
| 20 | દિનેશ પાંચાલના 12 લેખોની 'અભિવ્યક્તિ' ઈ.બુક - 11 'રૅશનાલિઝમનો ઘંટનાદ - 2' (પાનાં : 110) |
| 21 | દિનેશ પાંચાલના 12 લેખોની 'અભિવ્યક્તિ' 'રૅશનાલિઝમનો ઘંટનાદ - 3' (પાનાં : 122) |
| 22 | રમેશ સવાણી લિખિત 14 સત્ય ઘટનાઓની 'અભિવ્યક્તિ' ઈ.બુક - 13 'દેતે હૈં ભગવાન કો ધોખા' (પાનાં : 136) |

| | |
|---|---|
| 23 | ડૉ. શશિકાંત શાહની પુસ્તિકા ‘મૃત્યુમિમાંસા’ની ઈ.બુક (પાનાં : 34) |
| 24 | ડૉ. શશિકાંત શાહની પુસ્તિકા ‘સંતાનોમાં સંસ્કારસિંચન’ની ઈ.બુક (95) |
| 25 | ડૉ. શશિકાંત શાહની પુસ્તિકા ‘જિપ્સીની ડાયરી’ – ‘એક સૈનિકની નોંધપોથી’ની ઈ.બુક (પાનાં : 112) |
| 26 | ડૉ. બી. એ. પરિખના 12 લેખોની ‘અભિવ્યક્તિ’ ઈ.બુક - 14 ‘મન્ત્ર-યન્ત્ર-તન્ત્રનું અવિજ્ઞાન’ (પાનાં : 102) |
| 27 | ગોવિન્દ મારુ સંપાદિત ‘અંગદાન’ અંગેના 11 લેખોની ‘અભિવ્યક્તિ’ ઈ.બુક-15 ‘અંગદાનથી નવજીવન’ (પાનાં : 102) |
| 28 | વિક્રમ દલાલના ચિન્તનાત્મક 10 લેખોની ‘અભિવ્યક્તિ’ ઈ.બુક-16 ‘રૅશનાલિસ્ટની દૃષ્ટિએ ગીતાનો સંદેશ’ (પાનાં : 81) |
| 29 | ડૉ. શશિકાંત શાહની ઈ.બુક ‘શાણપણનાં મોતી’ (પાનાં : 104) |
| 30 | રચના નાગરિક સંપાદિત રમણ પાઠકના 19 લેખોની ‘અભિવ્યક્તિ’ ઈ.બુક-17 ‘આચારિ સબ જગ મિલા’ (પાનાં : 165) |
| 31 | રચના નાગરિકના 07 કંઠીમુક્ત વિચારલેખોની ‘અભિવ્યક્તિ’ ઈ.બુક - 18 ‘બૈઠ પથ્થર કી નાવ’ (પાનાં : 167) |
| 32 | રમણ પાઠક (વાચસ્પતિ)ના 12 લેખોની ‘અભિવ્યક્તિ’ ઈ.બુક - 19 ‘સ્વર્ગ ધરતી પર છે’ (પાનાં : 170) |
| 33 | દિનેશ પાંચાલે લીધેલ ઈન્ટરવ્યૂની ઈ.બુક ‘અભિનેતા નરેન્દ્ર મસરાણી’ (પાનાં : 89) |
| 34 | સૂર્યકાન્ત શાહના 11 લેખોની ‘અભિવ્યક્તિ’ ઈ.બુક-20 ‘આપણો માંદો સમાજ’ (પાનાં : 210) |
| 35 | ગોવિન્દ મારુ સંપાદિત 13 લેખોની ‘અભિવ્યક્તિ’ ઈ.બુક - 21 |

| | |
|---|---|
| | ‘વાસ્તુશાસ્ત્ર : વિજ્ઞાન કે અવિજ્ઞાન’ (પાનાં : 110) |
| 36 | ડૉ. મુકુલ ચોકસીના 13 લેખોની ‘અભિવ્યક્તિ’ ઈ.બુક - 22 ‘મનમતાંતર’ (પાનાં : 226) |
| 37 | જે. પી. મહેતાની 175 રેશનલ પંક્તિઓની ‘અભિવ્યક્તિ’ ઈ.બુક - 23 ‘ભારેલા અગ્નિના તણખા’ (પાનાં : 120) |
| 38 | ઈન્દુકુમાર જાની સંપાદિત 25 રેશનલ લેખોની ‘અભિવ્યક્તિ’ ઈ.બુક-24 ‘રેશનાલિઝમ : નવલાં મુક્તિનાં ગાન...’ (પાનાં : 262) |
| 39 | વર્ષા પાઠકના 12 લેખોની ‘અભિવ્યક્તિ’ ઈ.બુક - 25 ‘આપણી વાત’ (પાનાં : 119) |
| 40 | મુરજી ગડાના ચિન્તનાત્મક 13 લેખોની પુસ્તિકા ‘વિચારવા જેવી વાતો’ની ઈ.બુક (પાનાં : 230) |
| 41 | મુરજી ગડાના ચિન્તનાત્મક 13 લેખોની પુસ્તિકા ‘માન્યતાની બીજી બાજુ’ની ઈ.બુક (પાનાં : 263) |
| 42 | પ્રૉ. જે. પી. મહેતાની રેશનલ ઈ.બુક ‘હું’ (પાનાં : 49) |
| 43 | ડૉ. મુકુલ ચોકસીના મનોચિકિત્સા સારવાર અંગેના 12 લેખોની ‘અભિવ્યક્તિ’ ઈ.બુક - 26 ‘મનમતાંતર’ (પાનાં : 253) |
| 44 | મુરજી ગડાના ચિન્તનાત્મક 13 લેખોની પુસ્તિકા ‘કુદરતને સમજીએ’ની ઈ.બુક (પાનાં : 243) |
| 45 | હરનીશ જાની લિખિત રમૂજી લેખોની ‘અભિવ્યક્તિ’ ઈ.બુક-27 ‘દિલ હૈ કી માનતા નહીં...’ (પાનાં : 240) |
| 46 | લૉર્ડ ભીખુ પારેખના પ્રવચનનો ભાવાનુવાદ ‘બાબાસાહેબ આંબેડકરનો વારસો’ પુસ્તિકાની ઈ.બુક (પાનાં : 180) |

| | |
|---|---|
| 47 | નરસિંહભાઈ ઈશ્વરભાઈ પટેલ લિખિત પુસ્તક 'ઈશ્વરનો ઇન્કાર' (ઇ.સ. 1934)ની ઈ.બુક (પાનાં : 298) |
| 48 | અશ્વિન ન. કારીઆ લિખિત 'ચાલો સમજીએ રૅશનાલિઝમ' પુસ્તિકાની ઈ.બુક (પાનાં : 210) |
| 49 | રમેશ સવાણી લિખિત 'લોભી ગુરુ, લાલચી ચેલા' ('મહારાજ લાઈબલ કેસ' અને 'પોલ કેસ'ની આંખ ખોલનારી સત્યકથા)ની ઈ.બુક (પાનાં : 143) |
| 50 | રમેશ સવાણી લિખિત 'લાશો પૂછે છે' (કોરોના મહામારીમાં લોકોની પીડાનો દસ્તાવેજ) ભાગ-1ની ઈ.બુક ( પાનાં : 254) |
| 51 | રમેશ સવાણી લિખિત 'લાશો પૂછે છે' (કોરોના મહામારીમાં લોકોની પીડાનો દસ્તાવેજ) ભાગ-2ની ઈ.બુક (પાનાં : 272) |
| 52 | સ્વપૂર્ણ મહારાજ લિખિત તથા વલ્લભ ઈટાલિયા સંપાદિત પુસ્તક 'માનવતા'ની 'અભિવ્યક્તિ' ઈ.બુક-28 (પાનાં : 181) |
| 53 | એન. વી. ચાવડા લિખિત પુસ્તક 'વર્ણવ્યવસ્થા : એક ષડ્યંત્ર'ની ઈ.બુક (પાનાં : 138) |
| 54 | એમ. એન. રોય લિખિત અને પ્રૉ. મહેન્દ્ર ચોટલિયા અનુવાદિત પુસ્તક 'બિલાડીની આત્મકથા'ની ઈ.બુક (પાનાં : 64) |
| 55 | જયંતિભાઈ મનાણી લિખિત પુસ્તક 'ક્રાંતિકારી મૂળનિવાસી જનનાયક કૃષ્ણ'ની ઈ.બુક (પાનાં : 109) |
| 56 | મુરજી ગડાના ચિન્તનાત્મક 13 લેખોની પુસ્તિકા 'શોષણ અને વૈશ્વિકપ્રવાહો'ની ઈ.બુક (પાનાં : 85) |

| | |
|---|---|
| 57 | જયંતિભાઈ મનાણી લિખિત પુસ્તક 'કૌન કૌન કિતને પાની મેં? 33ટકા સ્ત્રી અનામતના લેખા-જોખા'ની ઈ.બુક (પાનાં : 102) |
| 58 | સુનિલ શાહ સંપાદિત રમણ પાઠક (વાચસ્પતિ)ના 19 ચિન્તનાત્મક લેખોનો સંગ્રહ 'રૅશનાલિઝમના રંગ'ની ઈ.બુક (ભાગ-1) (પાનાં : 131) |
| 59 | ડંકેશ ઓઝા લિખિત પુસ્તિકા 'રૅશનાલિઝમ'ની ઈ.બુક (પાનાં : 82) |
| 60 | પટેલ મણિલાલ જી. કપુરિયા (કવિ) અને પટેલ ભરત સી. ધડુક લિખિત પુસ્તિકા 'લેઉવા-કડવા કણબી વર્ણવ્યવસ્થામાં વૈશ્ય કે શૂદ્ર?'ની ઈ.બુક (પાનાં : 77) |
| 61 | રમેશ સવાણી લિખિત પુસ્તિકા 'સાંચ બિના સુખ નાહિ' (સેક્યુલરિઝમ : સમજ્યા વિના સઘળો વાદ)ની ઈ.બુક (પાનાં : 102) |
| 62 | ડૉ. અબ્રાહમ કોવુર લિખિત અંગ્રેજી પુસ્તક 'Begone Godmen!'નું મનોજ ઓઝા અનુવાદિત પુસ્તક 'એ લોકો તમને છેતરે છે!'ની ઈ.બુક (પાનાં : 196) |
| 63 | સુનિલ શાહ સંપાદિત રમણ પાઠક (વાચસ્પતિ)ના 19 ચિન્તનાત્મક લેખોનો સંગ્રહ 'રૅશનાલિઝમના રંગ'ની ઈ.બુક (ભાગ-2) (પાનાં : 131) |
| 64 | ગ્રામ સેવા ટ્રસ્ટ, ખારેલ સંપાદિત પુસ્તિકા 'સર્પદંશ'ની ઈ.બુક (39) |
| 65 | 'બંધારણ શિબિર'માં રજૂ થયેલ વક્તવ્યોની ગોવિન્દ મારુ સંપાદિત ઈ.બુક 'આપણા બંધારણને સમજીએ' (પાનાં : 100) |
| 66 | ઉત્તમભાઈ ભગવાનદાસ ગજ્જર લિખિત જોડણી ચિંતનવૃક્ષ સમી પુસ્તિકા 'ગુજરાતી જોડણીની ખોદણી'ની ઈ.બુક (પાનાં : 101) |
| 67 | રમણ પાઠકના જીવનના ખાટામીઠા પ્રસંગોને વીણીને જમનાદાસ |

| | |
|---|---|
| | કોટેચા લિખિત પુસ્તક ‘સામા પૂરનો તરવૈયો’ની ઈ.બુક (પાનાં : 196) |
| 68 | રશ્મિકાન્ત દેસાઈની પસન્દગીના ‘તતૂડી’ વેબસાઈટના 27 લેખોની ઈ.બુક ‘નિર્ભ્રાન્ત’ (પાનાં : 144) |
| 69 | જગદીશ પટેલ લિખિત વ્યવસાયીક અને જીવલેણ રોગ અંગે માર્ગદર્શન આપતી પુસ્તિકા ‘કાળમુખો સિલિકૉસિસ’ની ઈ.બુક (64) |
| 70 | દલપત પરમાર સંકલિત પક્ષીઓનો અમૂલ્ય સંગ્રહ ‘પક્ષી પરિચય’ની ‘અભિવ્યક્તિ’ ઈ.બુક-29 (પાનાં : 87) |
| 71 | ડૉ. જયવર્ધન હર્ષ લિખિત ઐતિહાસિક - ધાર્મિક - સાંસ્કૃતિક સંશોધન ગ્રંથ ‘ઉત્તર ગુજરાતમાં બૌદ્ધધર્મ’ની ઈ.બુક (પાનાં : 229) |
| 72 | ડૉ. શશિકાંત શાહનું પુસ્તક ‘આનન્દનું આકાશ’ની મોબાઈલ આવૃત્તિ (ભાગ-1) (પાનાં : 202) |
| 73 | ડૉ. શશિકાંત શાહનું પુસ્તક ‘આનન્દનું આકાશ’ની મોબાઈલ આવૃત્તિ (ભાગ-2) (પાનાં : 200) |
| 74 | ડૉ. હિતેશ શાક્ય લિખિત પુસ્તક ‘બુદ્ધનો માર્ગ જ શ્રેષ્ઠ કેમ ?’ની ઈ.બુકની મોબાઈલ આવૃત્તિ (પાનાં : 343) |
| 75 | ડૉ. જેરામ જે. દેસાઈ લિખિત ‘વહેમ-અન્ધશ્રદ્ધા નિષેધ’ ગ્રંથનો ‘ઈશ્વર...! સત્ય કે કલ્પના ?’ પ્રબંધની ઈ.બુક (પાનાં : 208) |
| 76 | એડવોકેટ પિયુષ જાદુગર સંપાદિત ‘ગુજરાત માનવ બલિદાન અને બીજી અમાનુષી, અનિષ્ટ અને અઘોરી પ્રથા અને કાળો જાદુ અટકાવવા અને (તેનું) નિર્મૂલન કરવા બાબત અધિનિયમ, 2024’ પુસ્તિકાની ઈ.બુક (પાનાં : 70) |

| | |
|---|---|
| 77 | ડૉ. ભદન્ત આનંદ કૌશલ્યાયન લિખિત હિન્દી પુસ્તક ‘यदि बाबा न होते ?’નું ડૉ. જયવર્ધન હર્ષ અનુવાદિત પુસ્તક ‘જો બાબા ના હોત તો.....’ની ઈ.બુક (પાનાં : 142) |





ગોવિન્દ મારુ

•મણી મારુ પ્રકાશન•


વિજલપોર - નવસારી- 396450

સેલફોન : +91 9537 88 00 66

ઈ.મેલ : govindmaru@gmail.com

VII


You are your own Master ..
Make your own Future ..
अपना स्वामी खुद बनों ।
भविष्य का निर्माण खुद करों ॥